દૈનિક
# મુંબઈ સમાચાર
સૌરાષ્ટ્ર આવૃત્તિ
૨૦૪ વર્ષ
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 282 ■ વિક્રમ સંવત ૨૦૮૨
માર્ગશીર્ષ સુદ-૯ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 29 November 2025, Saturday ■ REGD.No. MCS/058/2018-20
R.N.I. No. GUJ GUJ /2013/58486 *
શનિવાર, ૨૯ નવેમ્બર ૨૦૨૫ (૧૨ પાનાં), કિંમત ₹ ૧૦.૦૦
વીકએન્ડ પૂર્તિ ૭ ૮ ૯
LIKE & FOLLOW: /Mumbaisamachar4u

### જીએસટી ઘટ્યો, જીડીપી વધ્યો

# આર્થિક વિકાસની હરણફાળઃ વૃદ્ધિદર ૮.૨%

## અમેરિકાની ટૅરિફની મોકાણ છતાં છેલ્લા છ ક્વૉર્ટરનો જીડીપીનો સૌથી ઊંચો વૃદ્ધિદર ભારતે નોંધાવ્યો

નવી દિલ્હીઃ નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ના બીજા ક્વૉર્ટર માટે ભારતનો જીડીપી વૃદ્ધિ દર જાહેર કરવામાં આવ્યો છે. સપ્ટેમ્બરમાં પૂરા થયેલા બીજા ક્વૉર્ટરમાં ભારતનો જીડીપી વૃદ્ધિદર ૮.૨ ટકા રહ્યો હતો. નોંધનીય છે કે, અમેરિકાએ ભારેખમ ટૅરિફ ઝિંકયા છતાં છેલ્લા છ ક્વૉર્ટરમાં આ સૌથી વધુ છે.સરકારી ડેટા અનુસાર, છેલ્લા નાણાકીય વર્ષના સમાન ક્વૉર્ટરમાં તે ૫.૬ ટકા હતો. સરકારી ડૅટા અનુસાર, ભારતીય અર્થતંત્રે જુલાઈ-સપ્ટેમ્બર ક્વૉર્ટરમાં ૮.૨ ટકાનો વૃદ્ધિ દર હાંસલ કર્યો, જે છ ક્વૉર્ટરમાં સૌથી વધુ છે. આ એટલા માટે થયું કારણ કે જીએસટી દરમાં ઘટાડાને કારણે વપરાશમાં વધારો થવાની અપેક્ષાએ ફેક્ટરીઓએ વધુ ઉત્પાદનોનું ઉત્પાદન કર્યું. બીજા ક્વૉર્ટરમાં જીડીપી વૃદ્ધિ દર છેલ્લા ત્રણ મહિનામાં ૭.૮ ટકા અને એક વર્ષ અગાઉના સમાન સમયગાળામાં ૫.૬ ટકાથી સુધર્યો હતો. દેશના જીડીપીના ૧૪ ટકા હિસ્સો ધરાવતું ઉત્પાદન, બીજા ક્વૉર્ટરમાં ૯.૧ ટકા વધ્યું, જે પાછલા નાણાકીય વર્ષના સમાન ક્વૉર્ટરમાં ૨.૨ ટકા હતું.

જીએસટીના દરમાં કરવામાં આવેલા ઘટાડાને પગલે માગ અને ઉત્પાદનમાં થયેલા વધારાને કારણે જીડીપીમાં વધારો થયેલો જોવા મળ્યો હોવાનું સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલા આંકડાઓમાં દર્શાવવામાં આવ્યું હતું.

બાવીસ સપ્ટેમ્બરે જીએસટી ૨.૦ અમલી બન્યો હતો અને તેને કારણે સેંકડો વસ્તુઓ પરના કરવેરામાં ઘટાડો થયો હતો.

વિશ્વના ચોથા ક્રમાંકના સૌથી મોટા અર્થતંત્ર પર અમેરિકા દ્વારા લાદવામાં આવેલા ટૅરિફની અસરને માગ અને ઉત્પાદનમાં થયેલા વધારાએ નાબૂદ કરી હતી અને એ જ કારણે જુલાઈ-સપ્ટેમ્બર ૨૦૨૫ના ત્રિમાસિકમાં ભારતના જીડીપીમાં વ્યાપક અપેક્ષાના પ્રમાણમાં ઝડપથી વધારો થયો હતો.

ભારતની રાજકોષીય ખાધ આ નાણાકીય વર્ષના પ્રથમ સાત મહિના એપ્રિલથી ઓક્ટોબર દરમિયાન ૮.૨૫ લાખ કરોડ રૂપિયા રહી હતી. આ વાર્ષિક અંદાજના ૫૨.૬ ટકા દર્શાવે છે. આ રાજકોષીય ખાધ ગયા વર્ષના ૪૬.૫ ટકા કરતા વધારે છે. સરકાર આ નાણાકીય વર્ષમાં રાજકોષીય ખાધને જીડીપીના ૪.૪ ટકા સુધી ઘટાડવાનું લક્ષ્ય રાખે છે, જે એક વર્ષ પહેલા ૪.૮ ટકા હતું.સરકારે

(જુઓ પાનું ૨) ▶▶

## નવું ભારત નાગરિકોની રક્ષા કાજ ન નમશે, ન અચકાશેઃ મોદી



**પ્રભુને પ્રાર્થનાઃ** કર્ણાટકના ઉડુપીના કૃષ્ણ મઠમાં પૂજા કરી રહેલા વડા પ્રધાન નરેન્દ્ર મોદી. (એજન્સી)

ઉડુપી (કર્ણાટક): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શુક્રવારે કહ્યું હતું કે અગાઉની સરકાર આતંકવાદનો જવાબ આપવામાં ખચકાઈ હશે, પરંતુ નવું ભારત દેશવાસીઓનું રક્ષણ કરવામાં નમશે પણ નહીં અને અચકાશે પણ નહીં. રાષ્ટ્રીય સુરક્ષાનો મુખ્ય મુદ્દો દરેકને સાથે રાખવાનો અને ધર્મનું રક્ષણ કરવા એકજૂટ થઈને ઊભા રહેવાનો છે.

અગાઉની સરકાર આતંકવાદી હુમલા બાદ નિષ્ક્રિય બેસી રહેતી હતી, પરંતુ નવું ભારત દેશવાસીઓનું રક્ષણ કરવામાં નમશે પણ નહીં અને અચકાશે પણ નહીં, એમ મોદીએ કહ્યું હતું. અહીં યોજાયેલ લક્ષ કંઠ ગીતા પારાયણમાં ભાગ લેવા મોદી ઉડુપી આવ્યા હતા. અહીં એક લાખ લોકોએ શ્રીમદ ભગવદ્ ગીતાનો પાઠ કર્યો હતો. ઉડુપીસ્થિત શ્રીકૃષ્ણ મઠ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

ગીતા આપણને સત્ય તેમ જ શાંતિનું રક્ષણ કરવાનો અને દુષ્કૃત્ય કરનારને કચડી નાખવાનો પાઠ શીખવે છે.

અમે વસુધૈવ કુટુમ્બકમ (સમગ્ર પૃથ્વી એક પરિવાર છે) અને ધર્મો

(જુઓ પાનું ૨) ▶▶

## વાવાઝોડા દિત્વાએ લંકામાં વિનાશ વેર્યો

### ૮૦નાં મોત, તમિળનાડુ-આંધ્ર પ્રદેશ શનિ-રવિ ત્રાટકવાની શક્યતા

કોલંબોઃ શ્રીલંકામાં પૂર અને ભૂસ્ખલનમાં મૃત્યુઆંક ૮૦ થવા પામ્યો છે. ટાપુ દેશમાં શુક્રવારે સરકારી કચેરીઓ અને શાળાઓ બંધ રાખવામાં આવી હતી. આ કુદરતી આફતમાં ૬૦૦થી વધુ ઘરોને નુકસાન થયું હોવાની જાણકારી અધિકારીઓએ આપી હતી. ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ચક્રવાત દિત્વામાં થયેલી જાનહાનિ પર શ્રીલંકા પ્રત્યે સંવેદના વ્યક્ત કરી હતી. તેમજ અસરગ્રસ્ત પરિવારોની સ્વસ્થતા માટે પ્રાર્થના કરી હતી. તેમણે કહ્યું કે ભારતે ઓપરેશન સાગર બંધુ હેઠળ તાત્કાલિક રાહત મોકલી છે અને વધુ મદદ પૂરી પાડવા માટે તૈયાર છે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા મુજબ ચક્રવાતી તોફાન દિતવાહ હાલ શ્રીલંકાના દરિયાકાંઠાના વિસ્તારો અને નિકટવર્તી દક્ષિણ-પશ્ચિમ બંગાળની ખાડી પરથી પસાર થઇ રહ્યું છે. આઇએમડી અનુસાર તે ઉત્તર-ઉત્તરપશ્ચિમ તરફ આગળ વધી રહ્યું છે અને તમિળનાડુ અને દક્ષિણ આંધ્ર પ્રદેશના દરિયાકાંઠા પર શનિવાર અને રવિવારે (જુઓ પાનું ૨) ▶▶

## મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીને શરતી મંજૂરી

### ચૂંટણી પંચે કહ્યું કે અનામત ઓળંગનાર તમામ સંસ્થાની ચૂંટણીનાં પરિણામ અદાલતના અંતિમ ચુકાદાને આધિન હશે

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે મહારાષ્ટ્ર સરકાર અને સ્ટેટ ઈલેક્શન કમિશન (એસઈસી)ને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી યોજવા જણાવ્યું હતું અને સ્પષ્ટતા કરી હતી કે જે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં પચાસ ટકા અનામતની ટોચમર્યાદાનો ભંગ કરવામાં આવ્યો હોય તે તમામ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાનાં ચૂંટણી પરિણામો કોર્ટના અંતિમ ચુકાદાને આધિન હશે.

મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાન્ત અને ન્યાયાધીશ જોયમાલા

(જુઓ પાનું ૨) ▶▶

## ત્રીજા વિશ્વના દેશોના નાગરિકોને કાયમ માટે અમેરિકામાં નો-એન્ટ્રી

### વાઈટ હાઉસ પાસે અફઘાની દ્વારા હુમલા પછી ટ્રમ્પની જાહેરાત

વૉશિંગ્ટનઃ અમેરિકામાં વાઇટ હાઉસની બહાર એક આતંકવાદી હુમલો થયો હતો, જેમાં નેશનલ ગાર્ડનાં બે સૈનિકોને ગોળી વાગી હતી. અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે મોટી કાર્યવાહી કરી છે. ટ્રમ્પે કહ્યું હતું કે તેઓ ત્રીજા વિશ્વના તમામ દેશોના લોકોને અમેરિકામાં સ્થાયી થવા પર કાયમી પ્રતિબંધ મૂકશે. તેમના ટ્રુથ સોશ્યલ પર એક પોસ્ટમાં ટ્રમ્પે કહ્યું હતું કે જ્યારે અમેરિકાએ ટેકનોલોજી રીતે પ્રગતિ કરી છે, ત્યારે તેની ઇમિગ્રેશન નીતિઓએ ઘણા લોકો માટે તે લાભો અને રહેવાની પરિસ્થિતિઓનો નાશ કર્યો છે. અમેરિકન સિસ્ટમને સંપૂર્ણપણે

(જુઓ પાનું ૨) ▶▶




11 DAYS

Explore VIETNAM

| DEP DATES | 25th DEC | 03rd JAN | 22nd JAN | 05th FEB | 21st FEB | 07th MAR | 19th MAR | 11th APR |
|---|---|---|---|---|---|---|---|---|
| | 23rd APR | 07th MAY | 21st MAY | 04th JUN | 18th JUN | 26th SEP | | |

PACKAGE INCLUSIONS

- Glass Bridge, Fansipan Mountain, Fanicular Ride, Basket Boat, Bana Hill, Cu Chi Tunnel અને Golden Bridge નો અદભુત અનુભવ.
- Halong Bay Cruise પર રાત્રી મુકામ નો અવિસ્મરણીય અનુભવ.
- રીટર્ન ઈકોનોમી ક્લાસ એરફેર.
- આપણા પોતાના જ રાજસ્થાની મહારાજ - શુદ્ધ શાકાહારી / જૈન જમણ.
- ગુજરાતી, હિન્દી અને ઇંગલિશ જાણતા ટૂર મેનેજર ની સેવા.
- વીઝા, એન્ટ્રન્સ ફી સહિત તમામ ખર્ચ ટૂર કોસ્ટ માં જ સામેલ.



SHAH HOLIDAYS
203, Man Excellenza, 2nd Floor, Opp. Pawan Hans, S. V. Road, Vile Parle (W), Mum-56.
07506679945, 09004994449, 09324064281 (022) 26103073, 74
sales@shahholidays.com www.shahholidays.com

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# નેપાળની નવેસરથી લુચ્ચાઈ, ભારતના વિસ્તારો પર દાવો

**ભારત** નેપાળ સાથેના સંબંધો સુધારવા મથી રહ્યું છે ત્યાં નેપાળે નવેસરથી પલિતો ચાંપ્યો છે. ૫ વર્ષ પહેલાં નેપાળની કે.પી. શર્મા ઓલીની સરકારે વિવાદાસ્પદ નકશો જાહેર કર્યો હતો તેમાં ભારતના વિસ્તારો એવા લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને નેપાળના પ્રદેશ દર્શાવ્યા હતા. હવે નેપાળે ફરી એ જ હરકત કરીને પોતાની નવી ૧૦૦ રૂપિયાની નોટ પર નકશો છાપ્યો તેમાં ફરી લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને નેપાળના પ્રદેશ દર્શાવ્યા છે.

આ નોટની વચ્ચે આછા લીલા રંગમાં બનેલા આ નકશા ઉપરાંત ડાબી બાજુ માઉન્ટ એવરેસ્ટ છે, જ્યારે જમણી બાજુ નેપાળના રાષ્ટ્રીય ફૂલ ગુરાંસ આછા રંગમાં છે. નકશા પાસે લુમ્બિનીનો અશોક સ્તંભ છે ને બાજુમાં ભગવાન બુદ્ધનું જન્મસ્થળ એવું લખ્યું છે. આ નોટ બહાર પાડવાની તારીખ બિક્રમ સંવત ૨૦૮૧ લખેલી છે તેથી ગયા વરસે આ નોટ બહાર પડાયેલી એવું લાગે પણ વાસ્તવમાં આ નોટ હમણાં બહાર પડાયેલી છે કેમ કે જૂની નોટ પર આવો નકશો નથી.

સ્વાભાવિક રીતે જ ભારતે નેપાળની હરકતની ઝાટકણી કાઢીને સખત ટીકા કરીને કહ્યું છે કે, નેપાળે ઐતિહાસિક તથ્યોને અવગણીને એકતરફી રીતે લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને નેપાળના પ્રદેશ બતાવી દીધા છે પણ તેના કારણે વાસ્તવિકતા બદલાતી નથી. આ પ્રદેશો ભારતના છે અને ભારતના જ રહેવાના છે, કોઈ ભારત પાસેથી તેમને છિનવી ના શકે. ભારતની પ્રતિક્રિયા એકદમ યોગ્ય છે કેમ કે નેપાળ જેને પોતાના વિસ્તારો ગણાવે છે એ લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરા વરસોથી ભારતના પ્રદેશો છે અને ભારતનો જ તેમના પર કબજો છે.

નેપાળે પાંચ વર્ષ પહેલાં નકશો બહાર પાડીને લિપુલેખ, કાલાપાની અને લિમ્પિયાધુરાને પોતાના વિસ્તારો ગણાવેલા ને એ વખતે પણ ભારતે આવી જ પ્રતિક્રિયા આપી હતી. ૨૦૨૦માં ઓલી સરકારે વિવાદાસ્પદ નકશો જાહેર કર્યો હતો અને તેને સંસદમાં મંજૂરી પણ અપાવી હતી. નેપાળના વિદેશ મંત્રી પ્રદીપ કુમાર ગ્યાવલીએ સત્તાવાર રીતે જાહેરાત કરીને ભારતના ત્રણ વિસ્તારોને નેપાળે પોતાના રાજકીય નકશામાં સમાવ્યા હોવાનું એલાન કર્યું હતું. નેપાળની સંસદે નેપાળની સરકારને ભારત સામે રજૂઆત કરીને આ વિસ્તારો પાછા મેળવવાની કાર્યવાહી કરવાની સત્તા આપી હતી.

નેપાળ સરકારે એલાન કર્યું હતું કે, આ નકશાનો તમામ સરકારી દસ્તાવેજોમાં ઉપયોગ કરવામાં આવશે અને દેશના પ્રતીક ચિન્હો પર હવેથી આ જ નકશો હશે. એ વખતે પણ ભારતે આ દાવાને નકારી કાઢ્યો હતો છતાં નેપાળે ઝાલેલું પૂંછડું છોડ્યું નહોતું. અત્યારે શૈક્ષણિક સંસ્થાઓનાં પાઠ્યપુસ્તકોમાં પણ આ જ નકશો ભણાવાય છે અને સામાન્ય લોકો પણ આ નકશાનો જ ઉપયોગ કરે છે.

નેપાળ શું કરે છે એ તેનો પ્રશ્ન છે પણ અત્યારે પણ ભારતનું વલણ જરાય બદલાયું નથી કેમ કે આ પ્રદેશો ભારતના જ છે અને નેપાળ ધરાર લુચ્ચાઈ કરી રહ્યું છે. નેપાળ જેને પોતાના બાપનો માલ ગણાવે છે એ કાલાપાની, લિપુલેખ અને લિંપિયાધૂરા વિસ્તારો ભારતની તિબેટ, ચીન અને નેપાળની સરહદે આવેલા છે. ભારત અને નેપાળની સરહદ ઉત્તર પ્રદેશ, ઉત્તરાખંડ, બિહાર અને સિક્કીમ એ ચાર રાજ્યોને અડકે છે. આ પૈકી ઉત્તર પ્રદેશ અને બિહારની સરહદ માત્ર નેપાળને જ અડકે છે જ્યારે ઉત્તરાખંડ અને સિક્કીમની સરહદ નેપાળ ઉપરાંત ચીન-તિબેટને પણ અડકે છે. ચીન તિબેટ પર કૂંડાળું વાળીને બેસી ગયું છે. આખી દુનિયાએ એ વાત માની લીધી છે તેથી હવે તિબેટ ચીનનો તાબેદાર પ્રદેશ છે તેથી બંનેને એક ગણવાં પડે.

નેપાળે પોતાના વિસ્તાર ગણાવ્યા છે એ કાલાપાની, લિપુલેખ અને લિંપિયાધૂરા વિસ્તારો ઉત્તરાખંડના છે. કાલાપાની પિથોરાગઢ જિલ્લામાં છે પણ નેપાળનો દાવો છે કે, આ વિસ્તાર તેના સુદુરપશ્ચિમ પ્રદેશ રાજ્યના દારચૂલા જિલ્લામાં આવેલો છે. કાલાપાની નામનું ગામ છે તેથી તેના નામે આ વિસ્તાર કાલાપાની તરીકે ઓળખાય છે. હિમાલયમાં ઊંચાઈ પર આવેલા કાલાપાનીમાંથી કાલી નદી નીકળે છે. કાલી નદીને શારદા નદી અને મહાકાલી નદીના નામે પણ ઓળખવામાં આવે છે.

લિપુલેખ હિમાલયમાંથી પસાર થતો રસ્તો છે. ઉત્તરાખંડ અને તિબેટને જોડતો લિપુલેખ પાસ ચીન, તિબેટ અને નેપાળની સરહદો અડકે છે એ ત્રિભેટે પૂરો થાય છે. આ રસ્તાની દક્ષિણ તરફ કાલાપાની વિસ્તાર છે . તિબેટનું તકલાકોટ આ સરહદની અત્યંત નજીક છે. કૈલાસ અને માનસરોવરની યાત્રાએ જતા શ્રદ્ધાળુઓ આ રસ્તાનો જ ઉપયોગ કરે છે. લિંપિયાધુરા પાસ પણ રસ્તો છે. લિપિયાધુરા ઉત્તરાખંડથી તિબેટ-ચીનની સરહદ સુધી જાય છે. કાલાપાની ૩૭૨ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલો વિસ્તાર છે.

વરસોથી કાલાપાની વિસ્તાર પર ભારતનો કબજો હતો. આ વિસ્તાર ભારતનો છે એવું નેપાળે પણ સ્વીકારેલું. ભારત અને નેપાળ વચ્ચેની સરહદ ૧૮૧૬ના સુગૌલી કરાર દ્વારા નક્કી થઈ ત્યારે ભારતમાં ઈસ્ટ ઈન્ડિયા કંપનીનું શાસન હતું. કંપનીએ નેપાળના રાજા પૃથ્વી નારાયણ સિંહ સાથે કરેલા કરારમાં કાલી નદીને નેપાળની ભારત સાથેની પશ્ચિમ સરહદ તરીકે સ્વીકારી હતી. ભારત સાથે સારા સંબંધ હતા ત્યારે નેપાળે આ અંગે કદી ડખો ઊભો નહોતો કર્યો.

ભારત અને ચીનના ૧૯૬૨ના યુદ્ધ વખતે ભારતે લિપુલેખ પાસ બંધ કરી દીધેલો કે જેથી ચીના ઘૂસણખોરી ના કરી શકે. ચીને બહુ વિનવણીઓ કરી પછી ૧૯૯૭માં આ રસ્તો ખોલાયો ત્યારે નેપાળે પહેલી વાર વાંધો લીધેલો. નેપાળની દલીલ હતી કે, નકશામાં બતાવાઈ છે એ મુખ્ય કાલી નદી નથી પણ કાલાપાની વિસ્તારમાં પશ્ચિમે આવેલી નદી મુખ્ય કાલી નદી છે તેથી કાલાપાની વિસ્તાર નેપાળનો છે. નેપાળે ઓમ પર્વતને સરહદ તરીકે સ્વીકારવાનું નવું તૂત પણ ઊભું કરેલું. નેપાળ આ મુદ્દો સમયાંતરે ઉઠાવતું પણ બહુ મોટા ડખા નહોતા થયા કેમ કે નેપાળ અને ભારત વચ્ચે સારા સંબંધો હતા. નેપાળમાં વરસો લગી ભારતતરફી નેપાળ કોંગ્રેસનું શાસન હતું ને એ દરમિયાન ચીન પોતાને ખાઈ ના જાય એટલા માટે નેપાળે ભારત સાથે કરાર કરેલા. તેના કારણે બંને દેશ વચ્ચે ચકમક નથી ઝરી પણ જેવો નેપાળમાં ચીનની પીઠ્ઠુ સામ્યવાદીઓનો પ્રભાવ વધ્યો કે લમણાઝીંક શરૂ થઈ ગઈ.

અત્યારે પણ નેપાળની હરકત પાછળ ચીન હોવાની પૂરી શક્યતા છે. નેપાળે બે મહિના પહેલાં આ મુદ્દો ઉઠાવ્યો ત્યારે ચીને વચ્ચે પડવાનો ઈન્કાર કરેલો પણ પાછલા બારણે ચીન ચડવણી કરતું હોવાની પૂરી શક્યતા છે. ચીન આ પ્રકારની લુચ્ચાઈઓમાં માહિર છે તેથી ગમે તે કરી શકે.

ભારતને આ વાતોથી ફરક પડતો નથી કેમ કે આ વિસ્તારો પર ભારતનો કબજો છે પણ વરસો લગી ભારતની મદદથી ટકેલું નેપાળ આ હરકતો કરે એ આઘાતજનક કહેવાય જ. નેપાળની આ વિસ્તારો પાછા મેળવવાની તાકાત નથી એ છતાં વણજોઈતો વિવાદ ઊભો કરાય એ પણ આઘાતજનક કહેવાય જ. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન-સૌર હેમંતઋતુ, શનિવાર, તા. ૨૯-૧૧-૨૦૨૫,
શ્રી હરિ જયંતી, કલ્પાદિ

- ભારતીય દિનાંક ૮, માહે માર્ગશીર્ષ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૭, માર્ગશીર્ષ સુદ-૯
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે માર્ગશીર્ષ, તિથિ સુદ-૯
- પારસી શહેનશાહી રોજ ૧૭મો સરોશ, માહે ૪થો તીર, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૭મો સરોશ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૫
- પારસી ફસલી રોજ ૧૫મો દએપમહેર, માહે ૧૦મો દએ, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૭મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- મીસરી રોજ ૯મો, માહે ૬ઠ્ઠો જમાદીલ આખર, સને ૧૪૪૭
- નક્ષત્ર પૂર્વાભાદ્રપદા મધ્યરાત્રિ પછી ક. ૨૬-૨૨ સુધી (તા. 30), પછી ઉત્તરાભાદ્રપદા
- ચંદ્ર કુંભમાં રાત્રે ક. ૨૦-૩૩ સુધી, પછી મીનમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ), મીન (દ, ચ, ઝ, થ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૫૫, અમદાવાદ ક. ૦૭ મિ. ૦૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૭ મિ. ૫૮, અમદાવાદ ક. ૧૭ મિ. ૫૨, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- સાંજે ક. ૧૮-૫૫,
- ઓટઃ બપોરે ક. ૧૨-૫૨, રાત્રે ક. ૦૦-૪૩
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, માર્ગશીર્ષ શુક્લ - નવમી. શ્રી હરિ જયંતી, કલ્પાદિ, પંચક, બુધ માર્ગી.
- શુભાશુભ દિનશુદ્ધિઃ શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, ગુરુ ગ્રહ દેવતાનું પૂજન, સત્યનારાયણ મંદિર, વિષ્ણુ મંદિર, વિઠ્ઠલ મંદિર, રામમંદિર, સ્વામીનારાયણ મંદિરમાં વિશેષપૂજા, કથા-વાંચન, તુલસીપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર પાઠ વાંચન, શ્રી સત્યનારાયણ દેવતાનું પૂજન, તુલસીપૂજન, શ્રી વિષ્ણુ સહસ્રનામ સ્તોત્ર પાઠ વાંચન, તર્પણ શ્રાદ્ધ, સાંસારિક કાર્ય વર્જ્ય છે. આંબો વાવવો, નિત્ય થતાં પશુ લે-વેંચના કામકાજ.
- આચમનઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ અવિચારી, ચંદ્ર-બુધ ત્રિકોણ પર્યટન પ્રવાસનો શોખ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ આવકારદાયક સ્વભાવ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ કળાપ્રેમી, ચંદ્ર-નેપ્ચૂન યુતિ સંગીતપ્રિય, ચંદ્ર-શનિ નબળી તબિયત
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-મંગળ ચતુષ્કોણ, ચંદ્ર-બુધ ત્રિકોણ, ચંદ્ર-ગુરુ ત્રિકોણ, ચંદ્ર-શુક્ર ત્રિકોણ (તા. 30) ચંદ્ર-નેપ્ચૂન યુતિ (તા. 30) ચંદ્ર-શનિ યુતિ થાય છે. બુધ સ્તંભી થઈ માર્ગી થશે. શુક્ર અનુરાધામાં.
- ગ્રહગોચરઃ સૂર્ય વૃશ્ચિક, મંગળ-વૃશ્ચિક, વક્રી/માર્ગી, બુધ-તુલા, વક્રી ગુરુ-કર્ક, શુક્ર-વૃશ્ચિક, માર્ગી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

# હૉંગ કૉંગની આગમાં મરણાંક વધીને ૧૨૮

હૉંગ કૉંગઃ હૉંગ કૉંગના અગ્નિશામકોએ શુક્રવારે એક બહુમાળી ટાવર કોમ્પ્લેક્સના એપાર્ટમેન્ટ-બાય-એપાર્ટમેન્ટમાં વધુ પીડિતો માટે શોધખોળ કરી હતી. શહેરની સૌથી ભયંકર આગમાં ઓછામાં ઓછા ૧૨૮ લોકો માર્યા ગયા છે. હોંગકોંગ ફાયર સર્વિસીસના ડેપ્યુટી ડિરેક્ટર ડેરેક આર્મસ્ટ્રોંગ ચાને પત્રકારોને જણાવ્યું હતું કે, આગ દરમિયાન મદદ માટે બે ડઝનથી વધુ કોલ આવ્યા હતા, પરંતુ તેઓ પહોંચી ન શકાય તેવા એપાર્ટમેન્ટ્સને પ્રાથમિકતા આપી રહ્યા હતા.

કાળા પડી ગયેલા ટાવરમાં વધુ મૃતદેહો મળી આવ્યા બાદ શુક્રવારે બપોરે મૃતકોની સંખ્યા વધીને ૧૨૮ થઈ ગઈ હતી, અને સુરક્ષા સચિવ ક્રિસ તાંગે ઘટનાસ્થળે પત્રકારોને જણાવ્યું હતું કે પીડિતોની શોધ ચાલુ છે અને આંકડો હજુ પણ વધી શકે છે.

વાંગ ફુક કોર્ટ કોમ્પ્લેક્સના આઠ ટાવરમાંથી એકમાં બુધવારે મધ્યરાત્રિએ આગ લાગી હતી, જે એકથી બીજામાં ઝડપથી વધી રહી હતી કારણ કે નવીનીકરણ માટે જાળીમાં ઢંકાયેલ વાંસના ટેકામાં આગ લાગી હતી અને સાત ઇમારત બળીને ખાખ થઈ ગઈ હતી.

આગને કાબુમાં લાવવામાં ૧૦૦૦થી વધુ અગ્નિશામકને લગભગ ૨૪ કલાક લાગ્યા, અને લગભગ બે દિવસ પછી પણ, ક્યારેક ક્યારેક ભડકતી ઇમારતોના બળી ગયેલા હાડપિંજરમાંથી ધુમાડો નીકળી રહ્યો છે.

ઇમારતોની અંતિમ શોધ શુક્રવારે મોડી રાત્રે પૂર્ણ થવાની ધારણા હતી, જે સમયે અધિકારીઓએ કહ્યું છે કે તેઓ આ સંકુલમાં તેમના ઓપરેશનનો બચાવ તબક્કો સત્તાવાર રીતે સમાપ્ત કરશે.

તે સ્પષ્ટ નથી કે ઇમારતોની અંદર કેટલા લોકો હોઈ શકે છે, સંકુલમાં લગભગ ૨૦૦૦ એપાર્ટમેન્ટ અને લગભગ ૪૮૦૦ રહેવાસી હતા. અમે સંબંધિત સાત બ્લોકના તમામ એકમોમાં બળજબરીથી પ્રવેશ કરવાનો પ્રયાસ કરીશું જેથી ખાતરી કરી શકાય કે અન્ય કોઈ સંભવિત જાનહાનિ ન થાય, એમ ચાને કહ્યું હતું. તેમણે કહ્યું કે ગુમ થયેલા લોકોની સંખ્યા અંગે અપડેટેડ આંકડો શોધ અને બચાવ કામગીરી પૂર્ણ ન થાય ત્યાં સુધી ગણી ન શકાય.

તેમણે જણાવ્યું હતું કે, જે એપાર્ટમેન્ટ્સમાંથી કુલ પચીસ અનુત્તરિત બચાવ કોલ આવ્યા હતા, જેને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે, તે મુખ્યત્વે ઉપરના માળ પર હતા, જ્યાં આગ છેલ્લે બુઝાવવામાં આવી હતી. આગમાં ૧૧ અગ્નિશામક સહિત ૭૦થી વધુ લોકો ઘાયલ થયા હતા અને લગભગ ૯૦૦ જણને કામચલાઉ આશ્રયસ્થાનોમાં ખસેડવામાં આવ્યા હતા. ■

# કૅનેડાના બ્રેમ્પ્ટનમાં આગઃ પાંચ ભારતીયના જીવ ગયા

ઓટાવાઃ કૅનેડાના ઓન્ટેરિયોના બ્રેમ્પ્ટન શહેરમાં લાગેલી ભીષણ આગમાં મોતને ભેટનારા પાંચ લોકોમાં ભારતીય નાગરિકો પણ સામેલ છે. આ જાણકારી ટોરન્ટોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે આપી હતી. મિશને જણાવ્યું કે તેણે અસરગ્રસ્ત પરિવારનો સંપર્ક કર્યો છે. તેમજ જરૂરી તમામ સહાય પૂરી પાડવામાં આવી રહી છે. ટોરોન્ટોમાં ભારતના કોન્સ્યુલેટ જનરલે ગુરુવારે એક્સ પર જણાવ્યું હતું કે બ્રેમ્પ્ટનમાં ભીષણ આગ લાગવાની ઘટનામાં ભારતીય નાગરિકોના દુઃખદ મૃત્યુથી અમે ખૂબ જ દુઃખી છીએ. કોન્સ્યુલેટ શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે ઊંડી સંવેદના વ્યક્ત કરે છે અને આ ખૂબ જ કપરા સમયમાં તેમની પડખે ઊભું છે.

આ બનાવની પ્રાપ્ત વિગતો અનુસાર આ આગ ૨૦ નવેમ્બરના રોજ સવારે લગભગ ૨-૧૫ વાગ્યે આગ લાગી હતી. જેમાં ત્રણ મહિલાઓ અને એક નાના બાળકનું મૃત્યુ થયા હતા. જેની તપાસ હવે ઓન્ટારિયો ફાયર માર્શલ ઓફિસ કરી રહી છે.

આ દુર્ઘટનામાં આગથી બચવા માટે બારીમાંથી કૂદેલી એક ગર્ભવતી મહિલા બચી ગઇ હતી, પરંતુ તેના ગર્ભમાં રહેલું બાળક મૃત્યુ પામ્યું હતું. આ ભયંકર આગનું કારણ હજુ સુધી જાણી શકાયું નથી. કોન્સ્ટેબલ ટાયલર બેલે જણાવ્યું કે ઘટનાસ્થળે જ ત્રણ મહિલાઓ અને એક બાળક સહિત ચાર લોકોના મોત નીપજ્યા હતા. મીડિયા અહેવાલ અનુસાર હોસ્પિટલમાં લઇ જવામાં આવેલા લોકોમાંથી એક ગર્ભવતી મહિલા હતી. બાળકને જન્મ આપવા માટે તાત્કાલિક સર્જરી કરવામાં આવી હતી, પરંતુ બાળકનું મૃત્યું થયું હતું. કોન્સ્ટેબલે જણાવ્યું કે હોસ્પિટલમાં દાખલ અન્ય ચાર લોકોની હાલત સ્થિર છે. જો કે કેટલાકની હાલત હજુ પણ ગંભીર હોવાનું જણાવાઇ રહ્યું છે. ■

# કેરળમાં સ્કાય ડાઈનિંગમાં ખામી સર્જાતા પ્રવાસીઓ ૧૨૦ ફૂટ ઉપર હવામાં લટક્યા

નવી દિલ્હીઃ કેરળના ઇડુક્કીના અનાચલમાં એક મોટી દુર્ઘટના ટળી હતી. એક ખાનગી સ્કાય-ડાઇનિંગ રૅસ્ટોરાંમાં શુક્રવારે ક્રેનમાં યાંત્રિક ખામી સર્જાતા કેટલાક પ્રવાસીઓ જમીનથી આશરે ૧૨૦ ફૂટ ઉપર હવામાં લટકતા રહ્યા હતા. પ્રવાસીઓ દોઢ કલાકથી વધુ સમય સુધી ફસાયેલા રહ્યા હતા.

આ બનાવની માહિતી મળતા જ બચાવ ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને તેમને સુરક્ષિત રીતે નીચે ઉતારવાના પ્રયાસો હાથ ધર્યા હતા. આ ઘટના મુન્નાર નજીક બની હતી. જ્યાં ક્રૅઇનથી ચાલતું એક ડાઇનિંગ પ્લેટફોર્મ છે, જે એક એડવેન્ચર ટૂરિઝમ પહેલનો ભાગ છે. જે મુલાકાતીઓને એરિયલ ડાઇનિંગનો અનુભવ આપતું હતું. આ પહેલ થોડા મહિના પહેલા જ શરૂ કરવામાં આવી હતી. આ સિસ્ટમમાં એક સમયે ૧૬ લોકો બેસી શકે તેવી વ્યવસ્થા છે. જેના પર તેઓ લગભગ અડધા કલાક સુધી ખીણની ઉપરના મનોહર દ્રશ્યો સાથે ભોજનનો લહાવો માણી શકે છે.

સ્થાનિક અહેવાલો અનુસાર ક્રૅઇનના ફ્યુઝમાં યાંત્રિક ખામીને કારણે પ્લેટફોર્મ નીચે ઉતારી શકાયું ન હતું. મુન્નારના ફાયર અને સુરક્ષા કર્મચારીઓએ દોરડાનો ઉપયોગ કરીને લોકોને નીચે ઉતારવા સહિતની પદ્ધતિઓ પર કામ કરીને પ્રવાસીઓને સુરક્ષિત નીચે ઉતાર્યા હતા. ■

# શ્રીરામની સૌથી ઊંચી મૂર્તિનું અનાવરણ

પણજીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ગોવામાં ભગવાન રામની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યું હતું. આ મૂર્તિ દક્ષિણ ગોવાના ઐતિહાસિક શ્રી સંસ્થાન ગોકર્ણ જીવોત્તમ મઠમાં સ્થાપિત કરવામાં આવી છે. તે ૭૭ ફૂટ ઊંચી કાંસાની પ્રતિમા છે. જેને જાણીતા શિલ્પકાર રામ સુતારે બનાવી છે.

વડા પ્રધાન મોદીએ ગોવામાં અનાવરણ સમારોહ દરમિયાન એક સભાને સંબોધતા જણાવ્યું કે આયોધ્યામાં રામ મંદિર પર પવિત્ર ધજા ફરકાવ્યાના થોડા દિવસો પછી ભગવાન રામની વિશ્વની સૌથી ઊંચી પ્રતિમાનું અનાવરણ કરવાની તક મળી તે તેમના માટે ખૂબ જ આનંદની વાત છે.

ભગવાન રામની ૭૭ ફૂટ ઊંચી પ્રતિમાનું અનાવરણ કર્યા પછી વડા પ્રધાન મોદીએ શ્રી સંસ્થાન ગોકર્ણ જીવોત્તમ મઠની ૫૫૦ વર્ષ જૂની પરંપરાની પ્રશંસા કરતાં કહ્યું કે આ સંસ્થાએ ઘણા તોફાનો અને સમયના પડકારોનો સામનો કર્યો છે તે જાણીને ખૂબ ગર્વ થાય છે. ■

## પહેલા પાનાનું ચાલુ

### આર્થિક વિકાસની

એવી પણ જાહેરાત કરી હતી કે ઓક્ટોબર ૨૦૨૫ માટે ભારતના ઔદ્યોગિક ઉત્પાદનના આંકડા પહેલી ડિસેમ્બરે જાહેર કરવામાં આવશે.

અગાઉનો ઉચ્ચતમ સ્તર ૮.૪ ટકા હતો જે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪ ના ચોથા ક્વૉર્ટર (જાન્યુઆરી-માર્ચ) માં નોંધાયો હતો. આ વિસ્તરણથી ભારતને વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા તરીકે તેનું સ્થાન જાળવી રાખવામાં મદદ મળી હતી. જુલાઈ-સપ્ટેમ્બર ક્વૉર્ટર દરમિયાન ચીની અર્થવ્યવસ્થામાં ૪.૮ ટકાનો વધારો થયો હતો. રાષ્ટ્રીય આંકડા કાર્યાલય દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ, ૨૦૨૫-૨૬ના પ્રથમ છ મહિનામાં જીડીપી ૮ ટકા રહ્યો, જે એક વર્ષ પહેલાના સમયગાળામાં ૬.૧ ટકા હતો.

પ્રથમ છ મહિનામાં ૮ ટકાના વિકાસ દર સાથે ભારત આ વર્ષે જાન્યુઆરીમાં આર્થિક સર્વેક્ષણમાં અંદાજિત નાણાકીય વર્ષ ૨૦૨૬ માટે ૬.૩-૬.૮ ટકાના વાર્ષિક વિકાસ લક્ષ્યને વટાવી શકે છે.ત્રિમાસિક ગાળા દરમિયાન ઉત્પાદન ક્ષેત્રે ૯.૧ ટકાનો મજબૂત વિકાસ નોંધાવ્યો હતો જે એક વર્ષ પહેલાના સમયગાળામાં ૨.૨ ટકા હતો. નરેન્દ્ર મોદીએ સ્વતંત્રતા દિવસના સંબોધનમાં જીએસટી દરમાં ઘટાડાની જાહેરાત કર્યા પછી ફેક્ટરીઓએ તહેવારોની માંગને પહોંચી વળવા માટે તેમના ઉત્પાદનમાં વધારો કર્યો હતો. બેન્કિંગ અને રિયલ એસ્ટેટ સહિત સેવા ક્ષેત્રના પ્રદર્શનમાં પણ ૧૦.૨ ટકાનો પ્રભાવશાળી વિકાસ જોવા મળ્યો જે એક વર્ષ પહેલાના સમાન સમયગાળામાં ૭.૨ ટકા હતો. જોકે, કૃષિ ક્ષેત્રનો વિકાસ દર ગયા વર્ષના સમાન સમયગાળાના ૪.૧ ટકાથી ઘટીને ૩.૫ ટકા થયો છે. ■

### મહારાષ્ટ્રમાં સ્થાનિક

બાગચીની બનેલી ખંડપીઠે કહ્યું હતું કે ત્રણ ન્યાયાધીશની બનેલી ખંડપીઠ ૨૧ જાન્યુઆરી ૨૦૨૬ના રોજ ઓબીસી અનામત સંબંધિત ૨૭ અરજીની અંતિમ સુનાવણી કરશે. મે ૨૦૨૫માં ખંડપીઠે મહારાષ્ટ્ર સરકાર અને સ્ટેટ ઈલેક્શન કમિશન (એસઈસી)ને ચાર મહિનાની અંદર સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણી યોજવાનો અને બઠિયા કમિશન રિપોર્ટ અગાઉ અસ્તિત્વ ધરાવતા કાયદાકીય માળખાને આધારે ઓબીસી અનામત ફાળવવાનો આદેશ આપ્યો હતો.

એસઈસી વતી ઉપસ્થિત રહેલા વરિષ્ઠ વકીલ બલબિરસિંહે કહ્યું હતું કે ૪૦ નગર પરિષદ અને ૧૭ નગર પંચાયતમાં અનામતની પચાસ ટકાની ટોચમર્યાદાનો ભંગ કરવામાં આવ્યો છે. બલબિરસિંહના નિવેદનને ધ્યાનમાં લઈને ખંડપીઠે એસઈસીને ચૂંટણી યોજવાને મામલે આગળ વધવા જણાવ્યું હતું અને સ્પષ્ટતા કરી હતી કે ચૂંટણી પરિણામોનો આધાર કોર્ટના ચુકાદા પર રહેશે. (એજન્સી) ■

### નવું ભારત

રક્ષતિ રક્ષિતાની સંસ્કૃતિમાં માનીએ છીએ. આ વર્ષના એપ્રિલમાં ૨૬ વ્યક્તિ (મોટાભાગના પર્યટકો)નો ભોગ લેનારાં કરવામાં આવેલા પહલગામ આતંકવાદી હુમલાને યાદ કરતાં મોદીએ કહ્યું હતું કે હુમલાનો ભોગ બનનારાઓમાં કર્ણાટકવાસીઓ પણ હતા.

ઑપરેશન સિંદૂર દરમિયાન દેશવાસીઓએ સરકારની પ્રતિબદ્ધતા જોઈ હતી એમ જણાવતાં મોદીએ કહ્યું હતું કે પહલગામ આતંકવાદી હુમલાની પ્રતિક્રિયાના ભાગરૂપ ભારતીય સેનાએ પાકિસ્તાનસ્થિત આતંકવાદી છાવણીઓ પર ચોકસાઈપૂર્વક હુમલો કરી તેને નેસ્તનાબૂદ કરી હતી.

અમે લાલ કિલ્લા પરથી દયા અને કરુણાનો કૃષ્ણનો સંદેશો પણ આપીએ છીએ અને મિશન સુદર્શન ચક્રની પણ જાહેરાત કરીએ છીએ.

ઉડુપીસ્થિત પેજાવારા મઠના સ્વામી વિશ્વેશા તીર્થની પ્રશંસા કરતાં મોદીએ કહ્યું હતું કે સંપૂર્ણ દેશ જાણે છે કે રામ જન્મભૂમિ ઝુંબેશમાં તેમણે કેટલી મોટી ભૂમિકા ભજવી હતી.

જાહેરજીવનમાં ભગવદ્ગીતાનાં મહત્ત્વ અંગે બોલતાં તેમણે કહ્યું હતું કે ગીતાના પાઠ દરેક યુગ માટે સુસંગત છે અને તે રાષ્ટ્રીય નીતિ ઘડવામાં સતત દિશાસૂચન કરે છે. ભગવદ્ ગીતામાંથી જ મહિલાની સુરક્ષા અને સશક્તીકરણના પાઠ શીખવા મળ્યા હોવાનું જણાવતાં મોદીએ કહ્યું હતું કે ભગવદ્ ગીતાએ જ કેન્દ્ર સરકારને નારી શક્તિ વંદન અધિનિયમ (વુમન્સ રિઝર્વેશન ઍક્ટ) ઘડવાનું માર્ગદર્શન આપ્યું છે. (એજન્સી) ■

### ત્રીજા વિશ્વના

બદલવા માટે હું ત્રીજા વિશ્વના તમામ દેશોમાંથી ઇમિગ્રેશનને કાયમી ધોરણે રોક લગાવી દઈશ અને લાખો ગેરકાયદે ઇમિગ્રન્ટ્સનો દેશનિકાલ કરીશ જેઓ બાઈડનના કાર્યકાળ દરમિયાન પ્રવેશ્યા હતા, જેમાં બાઈડન દ્વારા ઓટોપેનથી સાઈન કરવામાં આવેલા લોકોનો પણ સમાવેશ થાય છે. હું એવી કોઈપણ વ્યક્તિને કાઢી મૂકીશ જે સંપૂર્ણપણે અમેરિકા માટે ફાયદાકારક નથી અથવા જે આપણા દેશને પ્રેમ કરી શકતો નથી. હું એવા કોઈપણ વ્યક્તિ માટે તમામ ફેડરલ લાભો અને સબસિડીનો અંત લાવીશ જે આપણા દેશના નાગરિક નથી. આમાં અનધિકૃત અને ગેરકાયદે ઓટોપેન સાથે સહી કરીને અમેરિકા લાવવામાં આવેલા લોકોનો પણ સમાવેશ થાય છે.

માનવામાં આવી રહ્યું છે કે ટ્રમ્પના આ નિર્ણયની નોંધપાત્ર અસર હોવાનું માનવામાં આવે છે. તે રોજગાર, શિક્ષણ અથવા તેમના દેશોમાં સતાવણીથી બચવા માટે અમેરિકા આવતા લોકોને અસર કરશે. ટ્રમ્પે લખ્યું હતું કે તેઓ અમેરિકી સિસ્ટમને સંપૂર્ણપણે સ્વસ્થ થવા દેવા માટે તમામ ત્રીજા વિશ્વના દેશોમાંથી સ્થળાંતરને કાયમી ધોરણે બંધ કરશે. ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ જો બાઈડન પર નિશાન સાધતા, ટ્રમ્પે કહ્યું કે તેઓ લાખો ગેરકાયદે પ્રવેશોને નાબૂદ કરશે, જેમાં બાઈડનના ઓટોપેન સાથે સહી કરાયેલા પ્રવેશોનો પણ સમાવેશ થાય છે, અને જે કોઈ અમેરિકાની ચોખ્ખી સંપત્તિ નથી અથવા આપણા દેશને પ્રેમ કરવામાં અસમર્થ છે તેને કાઢી મૂકવામાં આવશે.

યુએસ સિટિઝનશિપ એન્ડ ઇમિગ્રેશન સર્વિસીસ (યુએસસીઆઈએસ) ના ડિરેક્ટર જોસેફ બી. એલ્ડોએ સોશિયલ મીડિયા પર શેર કરેલી પોસ્ટમાં લખ્યું છે કે, અમેરિકાના રાષ્ટ્રપતિના નિર્દેશ પર મેં તમામ સંબંધિત દેશોમાંથી આવતા એલિયન્સ માટે ગ્રીન કાર્ડની સઘન ચકાસણીનો આદેશ આપ્યો છે. તેમણે લખ્યું, અમેરિકા અને અમેરિકન લોકોની સુરક્ષા અમારા માટે સર્વોપરી છે. અમેરિકન લોકો અગાઉના વહીવટની ખામીયુક્ત પુનર્વસન નીતિની કિંમત ચૂકવશે નહીં. અમેરિકન લોકોની સલામતી સાથે કોઈ સમાધાન કરવામાં આવશે નહીં. જે ૧૯ દેશોના ગ્રીન કાર્ડ ધારકોના દસ્તાવેજોની ચકાસણી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે તેમાં અફઘાનિસ્તાન, બર્મા, ચાડ, કોંગો રિપબ્લિક, ઇક્વેટોરિયલ ગિની, એરિટ્રિયા, હૈટી, ઈરાન, લિબિયા, સોમાલિયા, સુદાન અને યમનનો સમાવેશ થાય છે. ■

# ઑપરેશન સિંદૂરમાં શક્તિ પ્રદર્શનઃ એશિયામાં ભારત હવે મૅજર પાવર

નવી દિલ્હીઃ ભારતે એશિયા પાવર ઇન્ડેક્સમાં ત્રીજો ક્રમ મેળવ્યો છે, જે તેને 'મૅજર પાવર'નો દરજ્જો આપે છે. લોવી ઇન્સ્ટિટ્યૂટના અભ્યાસમાં ભારતે ઓપરેશન સિંદૂરમાં તેના પ્રદર્શનના આધારે આ રેન્કિંગ મેળવ્યું છે.

૨૦૨૪માં, ભારતને મધ્યમ શક્તિઓમાં સ્થાન આપવામાં આવ્યું હતું, જેનો વ્યાપક અંક ૩૮.૧ હતા, જ્યારે આ વર્ષના અહેવાલોમાં, ભારતે ૧૦૦માંથી ૪૦ અંક મેળવ્યા હતા. તે જાપાન અને રશિયાથી આગળ છે, જે અનુક્રમે ૩૮.૮ અને ૩૨.૧ સ્કોર કરીને ચોથા અને પાંચમા ક્રમે છે.

જો કે, રાષ્ટ્ર હજુ પણ ચીનની તુલનામાં મોટો મહત્વાકાંક્ષી તફાવત જુએ છે, જેના સૂચકાંકમાં ૭૩.૭ પોઇન્ટ છે. અમેરિકા ૮૦.૫ પોઇન્ટ સાથે રેન્કિંગમાં ટોચ પર છે.

વિગતવાર મૂલ્યાંકન મુજબ, ભારતનો ક્રમ આર્થિક અને લશ્કરી ક્ષમતાઓના સંદર્ભમાં તેની વૃદ્ધિ દ્વારા સમર્થિત છે. નોંધપાત્ર રીતે, ભારત આર્થિક સંબંધોમાં નવમા સ્થાને પહોંચ્યું છે, જે આંતરિક રોકાણમાં વધારો દ્વારા પ્રેરિત છે.

લોવી ઇન્સ્ટિટ્યૂટે જણાવ્યું હતું કે ભારતની ભૂરાજકીય સુસંગતતામાં સામાન્ય પ્રગતિ આંતરરાષ્ટ્રીય કનેક્ટિવિટી, લાભ અને તકનીકી વિકાસ દ્વારા માપવામાં આવી હતી.

તેણે ભારતની લશ્કરી ક્ષમતાઓમાં સતત વૃદ્ધિ થઈ છે તે પણ પ્રકાશિત કર્યું.

મોટાભાગે, આ લાભો તેની ક્ષમતાના સુધારેલા નિષ્ણાત મૂલ્યાંકનથી હતા, જે મે ૨૦૨૫માં શરૂ કરાયેલા ઓપરેશન સિંદૂરમાં ભારતના પ્રદર્શનથી પ્રભાવિત થયા હતા, જેણે ભારતના તાજેતરના લડાઇ અનુભવમાં વધારો કર્યો હતો, એમ સંસ્થાએ જણાવ્યું હતું.

ભારતે સંરક્ષણ નેટવર્કના સંદર્ભમાં તેનો સૌથી તીવ્ર ઘટાડો જોયો, તેનો ક્રમ ૧૧મા સ્થાને આવી ગયો. ૨૦૨૪ના રેન્કિંગની તુલનામાં તે બે ક્રમ નીચે ગયો છે, જેને ફિલિપાઇન્સ અને થાઇલેન્ડએ પાછળ છોડી દીધો છે.

ઇન્ડેક્સ અનુસાર, ભારતે અમેરિકા પછી સૌથી વધુ રોકાણ આકર્ષિત કરતા ચીનને પાછળ છોડી દીધું, જે ૧૦ વર્ષના સંચિત પ્રવાહને આકર્ષિત કરે છે.

એકંદરે, સંસ્થા તારણ કાઢે છે કે ભારતના તાજેતરના લશ્કરી અનુભવ અને આર્થિક ગતિએ તેની પ્રાદેશિક સ્થિતિને મજબૂત બનાવી છે, ભલે સંરક્ષણ ભાગીદારી બનાવવામાં પડકારો ચાલુ રહે.

ઓસ્ટ્રેલિયા સ્થિત થિંક ટેન્ક અભ્યાસ એશિયાના શક્તિશાળી રાષ્ટ્રોમાં તેના બાહ્ય વાતાવરણને પ્રભાવિત કરવાની રાષ્ટ્રની ક્ષમતાનું મૂલ્યાંકન કરે છે. ■

# મહેસાણા દૂધસાગર ડેરીની ચૂંટણી બિનહરીફ જાહેરઃ અશોક ચૌધરીની પેનલનો દબદબો

અમદાવાદઃ ઉત્તર ગુજરાતની પ્રતિષ્ઠિત મહેસાણા સ્થિત સહકારી ક્ષેત્રની અગ્રણી ગણાતી દૂધસાગર ડેરીની ચૂંટણી તેના ઇતિહાસમાં પહેલીવાર બિનહરીફ જાહેર થઈ હતી. મહેસાણાની દૂધસાગર ડેરીની નિયામક મંડળની ચૂંટણી માટે ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે વર્તમાન ચેરમેન અશોકભાઈ ચૌધરીની પેનલના ઉમેદવારો સામે ફોર્મ પાછા ખેંચી લેવામાં આવતા પેનલના તમામ ઉમેદવારો બિનહરીફ ચૂંટાયા હતા. ચૂંટણી માટે કુલ ૬૬ ફોર્મ ભરાયાં હતાં, જો કે ફોર્મ પાછા ખેંચાતાં અંતે અશોકભાઈ ચૌધરીની પેનલને બિનહરીફ જાહેર કરવામાં આવી હતી.

ડેરીના ૧૫ ડિરેક્ટરની ચૂંટણીમાં તમામ ઉમેદવારો બિનહરીફ જાહેર થયા હતા. જે ડેરીના ચૂંટણી ઇતિહાસમાં એક નોંધનીય ઘટના છે. આ પરિણામોએ માત્ર ઉત્તર ગુજરાતના સહકારી ક્ષેત્રમાં જ નહીં, પરંતુ સમગ્ર રાજ્યના રાજકારણમાં એક નવો ચીલો પાડયો છે. માણસા બેઠક પરથી પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી અને દશરથભાઈ ગિરધરભાઈ પટેલની બિનહરીફ વરણી થઈ હતી. પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરીની બિનહરીફ વરણી થતા તેમના ટેકેદારો અને માણસા તાલુકાના આગેવાનોમાં ઉત્સાહ જોવા મળ્યો હતો અને તેમને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ ચૂંટણીને સમરસ બનાવવામાં ભારતીય જનતા પક્ષને સૌથી મોટી સફળતા મળી હતી. મળતી જાણકારી અનુસાર ડેરીના રાજકારણમાં લાંબા સમયથી ચાલી આવતા આંતરિક વિખવાદો અને હરીફાઈનો અંત લાવવા માટે ભાજપના મોવડીમંડળે સક્રિય ભૂમિકા ભજવી હતી. ભાજપના નેજા હેઠળ એક વ્યાપક સમાધાન સૂત્ર તૈયાર કરવામાં આવ્યું હતું, જેનાં પરિણામે હરીફ જૂથોએ ડેરીના હિતમાં સહમતી દર્શાવી હતી. આ સમાધાનના ભાગરૂપે જ કુલ ૫૯ ઉમેદવારોમાંથી ૪૪ ઉમેદવારોએ પોતાનાં ફોર્મ પરત ખેંચી લીધાં હતાં. ફોર્મ પરત ખેંચવાની પ્રક્રિયા બાદ ડેરીની કોઈ પણ બેઠક પર મતદાનની જરૂર રહી ન હતી. દૂધસાગર ડેરીના સંચાલક મંડળમાં બિનહરીફ વિજેતા જાહેર થયેલાં મહત્ત્વનાં નામોમાં પ્રાદેશિક નેતૃત્વનો સમાવેશ થાય છે.

# ૧૨મી ચિંતન શિબિરના બીજા દિવસે કેન્દ્ર સરકારના કેબિનેટ સેક્રેટરીએ સુશાસનની વ્યૂહરચનાઓ પર માર્ગદર્શન આપ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકાર દ્વારા ધરમપુરના શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે યોજાઈ રહેલી ૧૨મી 'ચિંતન શિબિર-૨૦૨૫'ના દ્વિતીય દિવસે ભારતના આર્થિક વિકાસ અને સરકાર દ્વારા સુશાસનની વ્યૂહરચનાઓ પર માર્ગદર્શન આપતા કેન્દ્ર સરકારના કેબિનેટ સેક્રેટરી ટી. વી. સોમનાથને જણાવ્યું હતું કે, ચૂંટાયેલા પ્રતિનિધિઓ અને અધિકારીઓ વચ્ચે સમન્વય રાષ્ટ્રના વિકાસ અને જાહેર વહીવટને સરળ, સુગમ અને પ્રજા કેન્દ્રી બનાવે છે. એક તરફ ચૂંટાયેલા પ્રતિનિધિઓ લોકઇચ્છાનું પ્રતિનિધિત્વ કરે છે, જ્યારે અધિકારીઓ નિયમ અને પ્રક્રિયાઓનું પાલન સુનિશ્ચિત કરે છે. મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ અને નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી સહિત ઉચ્ચ અધિકારીઓએ તેમના જ્ઞાનવર્ધક સેશનને માણ્યું હતું.

ટી. વી. સોમનાથને વધુમાં કહ્યું હતું કે, દેશને વર્ષ ૨૦૪૭ સુધીમાં વિકસિત રાષ્ટ્રના રૂપે આગળ ધપાવવાના ધ્યેય સાથે કેન્દ્ર સરકાર આર્થિક વિકાસ, ઉદ્યોગોને પ્રોત્સાહનની નીતિ, સરળ વ્યાપારી માહોલ અને ગુડ ગવર્નન્સ તરફ વધુ સક્રિય પગલાં ભરી રહી છે. ઉદ્યોગકારો, સ્ટાર્ટઅપના ઉદ્યમીઓને ઘણીવાર ટેક્સ વિભાગો દ્વારા બિનજરૂરી હેરાનગતિ ન થાય એ માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર સ્તરે આ પરિસ્થિતિમાં સુધારો લાવવા માટે નીતિગત પ્રયત્નો ચાલી રહ્યા છે.

ભારત વિકાસની યોગ્ય નીતિઓ, સુધારેલી શાસનવ્યવસ્થા અને ચૂંટાયેલી પાંખ તથા વહીવટી તંત્ર વચ્ચેના ગાઢ સમન્વયથી ભારત ૨૦૪૭ સુધી વિકસિત રાષ્ટ્ર બનવાનું લક્ષ્ય ચોક્કસ હાંસલ કરશે એવો વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો.

તેમણે વધુમાં કહ્યું હતું કે, ભારતનું ફોરેક્સ રિઝર્વ મજબૂત છે, મોંઘવારી નિયંત્રણમાં છે. રોજગાર સર્જનમાં વૃદ્ધિ થઈ રહી છે અને રાજકોષીય સ્થિતિ સ્થિર છે જે સર્વાંગી વિકાસ માટે શુભ સંકેત છે. છેલ્લાં ૧૦-૧૨ વર્ષમાં કરોડો લોકો ગરીબી રેખાથી ઉપર આવ્યા છે. નાગરિક સુખાકારી આધારિત નીતિઓ, નાણાકીય વ્યવસ્થાપન, પી.એમ. આવાસો જેવાં સસ્તા ઘર, સ્વચ્છતા અભિયાન અને સામાજિક સુરક્ષા યોજનાઓનાં પરિણામો છે.

દેશમાં અનેકવિધ આઈઆઈટી, આઈઆઈએમ, મેડિકલ અને નર્સિંગ કોલેજોની સ્થાપનાએ નવયુવાનો માટે રોજગારી અને સ્ટાર્ટઅપ ઈકો સિસ્ટમ ઊભી કરવાના અપાર અવસરો ઊભા કર્યા છે, જે આગામી દાયકાઓ માટે વિકાસનો મજબૂત પાયો સાબિત થશે.

ગુજરાત સરકારની ચિંતન શિબિરની પહેલ અનુકરણીય છે, જેમાં પ્રધાન મંડળ, સિનિયર અધિકારીઓ દ્વારા રજૂ કરાયેલા વિચારો, માર્ગદર્શન દેશમાં નીતિ-નિર્માણ અને વહીવટી સુધારાઓ માટે દિશાદર્શક સાબિત થશે એમ જણાવી મુખ્ય પ્રધાન સહિત તમામ અધિકારીઓને અભિનંદન પાઠવ્યા હતા.

# અમરેલીના ત્રંબકપુર ગામમાં એક વર્ષની બાળકીને દીપડાએ ફાડી ખાધી

અમદાવાદઃ અમરેલી જિલ્લામાં દીપડા અને સિંહો દ્વારા માનવ પર હુમલાના બનાવો સતત વધી રહ્યા છે, જેના કારણે ખેડૂતો અને ખેતમજૂરોમાં ભય અને આક્રોશ જોવા મળી રહ્યો છે. શુક્રવારે અમરેલીના ધારીગીર પૂર્વ દલખાણિયા રેન્જમાં આવેલા ત્રંબકપુર ગામમાં માતાની નજર સામે જ એક વર્ષની બાળકીને દીપડો ઉઠાવી ગયો હતો. એ બાદ બાળકીનો શિકાર કર્યો હતો. બાળકીનું મોત થતાં પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો.

આ ઘટના ત્રંબકપુર ગામમાં ખેડૂત પુરુષોત્તમ મોરીની વાડીમાં બની હતી, જ્યાં પરપ્રાંતીય મજૂર પરિવાર રહે છે. બાળકીની માતા રસોઈ બનાવી રહી હતી, બાળકી તેની બાજુમાં જ બેઠી હતી. આ દરમિયાન અચાનક દીપડો આવી ચડ્યો હતો. રસોઈ બનાવી રહેલી માતા કંઈ સમજે એ પહેલાં જ દીપડો બાળકીને ઉઠાવીને ભાગી ગયો હતો. એ બાદ તેનો શિકાર કર્યો હતો. આ ઘટનાથી સ્થાનિકોમાં ભયનો માહોલ ફેલાઈ ગયો છે. ઘટનાની જાણ થતાં જ વન વિભાગની ટીમો ઘટનાસ્થળે પહોંચી હતી. સ્થાનિક આર.એફ.ઓ., એ.સી.એફ. સહિત ઉચ્ચ અધિકારીઓનો મોટો કાફલો પણ હાજર રહ્યો હતો. દીપડાને પકડવા માટે સાત પાંજરાં ગોઠવવામાં આવ્યાં છે. માનવભક્ષી બનેલા દીપડાને પકડવા માટે વન વિભાગે કવાયત હાથ ધરી છે. તાજેતરમાં અમરેલીના બગસરાના હામાપુર ગામમાં સિંહણે પાણીની કુંડી પાસે રમતા બાળકને દબોચી લીધો હતો.

# મહેસાણામાં મોડી રાત્રે એસઆઈઆરની કામગીરી દરમિયાન હાર્ટ અટેક આવતા બીએલઓનું મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મહેસાણાઃ ગુજરાતમાં મતદાર યાદીની ખાસ સઘન સુધારણા ઝુંબેશ ચાલી રહી છે. આ દરમિયાન ગુજરાતમાં વધુ એક બૂથ લેવલ ઓફિસરનું મોત થયું છે. રાજ્યમાં અત્યાર સુધીમાં પાંચમાં બીએલઓનાં મોત થયા છે.

મહેસાણાના સતલાસણા તાલુકાના સુદાસણા ગામના મુખ્ય શિક્ષક અને બીએલઓ તરીકે ફરજ બજાવી રહેલા દિનેશ રાવળનું હાર્ટ એટેકથી મોત થયું હતું. એસઆઈઆર સંબંધિત કામગીરી કરી રહ્યા હતા તે દરમિયાન તેમનું મોત થયું હતું.

નેટ કનેક્ટિવિટીની સમસ્યાને કારણે તેઓ દિવસે કામગીરી કરી શકતા નહોતા. જેથી તેઓ રાત્રે લગભગ ૨ વાગ્યે જાગીને એસઆઈઆરની કામગીરી કરી રહ્યા હતા. આ દરમિયાન તેમને છાતીમાં તીવ્ર દુખાવો ઉપડ્યો હતો. તાત્કાલિક તેમને સારવાર અર્થે વડનગર ખાતે ખસેડવામાં આવ્યા હતા પરંતુ માર્ગમાં જ તેમનું કરુણ મોત નીપજ્યું હતું. સુદાસણ ગામની શાળા તેમજ સમગ્ર ગામમાં શોકની ગમગીની છવાઈ ગઈ હતી.

ગુજરાતમાં આ પહેલા ચાર બીએલઓના મોત થયા હતા. તાપીના વાલોડમાં ૧૯ નવેમ્બરે બીએલઓ સહાયક તરીકે ફરજ બજાવતા ૫૬ વર્ષીય કલ્પનાબેન પટેલનું હાર્ટ એટેકથી મૃત્યુ થયું હતું. જે બાદ ૨૦ નવેમ્બરે કોડીનાર તાલુકાના છારા ગામે ફરજ બજાવતા શિક્ષક અને બીએલઓ અરવિંદ મૂળજી વાઢેરએ આત્મહત્યા કરી હતી. શિક્ષકે વતન દેવળી ખાતે માનસિક તણાવ અને ઉપલી કચેરીના કામના દબાણના લીધે ફાંસો ખાઇ જીવન ટૂંકાવ્યું હતું.

આ સાથે ૨૧ નવેમ્બરે ખેડાના કપડવંજમાં રમેશ પરમાર નામના શિક્ષકનું બીએલઓની કામગીરી દરમિયાન હાર્ટ એટેકથી મોત થયું હતું. ૨૨ નવેમ્બરે વડોદરામાં બીએલઓ સહાયક તરીકેની કામગીરી કરતાં ઉષાબેન સોલંકી અચાનક ઢળી પડ્યાં હતાં. વડોદરાની પ્રતાપ સ્કૂલમાં બીએલઓ સહાયક તરીકેની કામગીરી કરતાં ઉષાબેન ઇન્દ્રસિંહ સોલંકી અચાનક ઢળી પડ્યાં હતાં, તેમને તાત્કાલિક હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં ફરજ પરના તબીબે તેઓને મૃત જાહેર કર્યા હતાં.

# ભારતના બ્લૂ ફ્લેગ બીચની યાદીમાં શિવરાજપુરનું નામ સામેલ, એક વર્ષમાં ૧૩થી વધુ પ્રવાસી ઊમટ્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દ્વારકાથી ૧૨ કિલોમીટરના અંતરે આવેલ શિવરાજપુર તેની વિશેષતાઓના લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પામ્યો છે. લાખો પ્રવાસીઓ માટે આ બીચ આકર્ષણનું કેન્દ્ર બનેલો છે. વર્ષ ૨૦૨૩થી ૨૦૨૪માં ૧૩ લાખ ૫૮ હજારથી વધુ પ્રવાસીઓએ શિવરાજપુર બીચની મજા માણી ચૂક્યાં છે. ગુજરાતનું આ પ્રવાસન ક્ષેત્ર રાજ્યના આર્થિક વિકાસમાં નોંધપાત્ર યોગદાન આપી રહ્યું છે. આ સાથે હવે શિવરાજપુર બીચે ભારતમાં એક મોટી ખ્યાતિ હાંસલ કરી લીધી છે.

ગુજરાત પ્રવાસન વિકાસ નિગમ લિમિટેડ અનુસાર, વર્ષ ૨૦૨૩માં ૬,૭૮,૬૪૭ અને ૨૦૨૪માં ૬,૮૦,૩૨૫ પ્રવાસીઓ શિવરાજપુર દરિયાકિનારાની મુલાકાતે આવ્યા હતાં. ૨૦૨૦માં બ્લૂ ફ્લેગ બીચ સર્ટિફિકેશન મળ્યા બાદ શિવરાજપુર બીચ ભારતના બ્લૂ ફ્લેગ બીચની યાદીમાં સામેલ થયો છે. પાણીની ઉચ્ચ ગુણવત્તા, પર્યાવરણની જાળવણી, સુરક્ષા અને સેવાઓને આવરી લેતા ૩૨ માપદંડોના આધારે આ પ્રમાણપત્ર આપવામાં આવતું હોય છે. શિવરાજપુર બીચ પર સ્કુબા ડાઇવિંગ, બોટિંગ અને સ્કિઇંગ જેવી સ્પોર્ટ્સ પ્રવૃત્તિઓની સુવિધા પણ ઉપલબ્ધ છે. શિવરાજપુરની સફળતા 'દેખો અપના દેશ' પહેલ સાથે સુસંગત છે. આ પહેલની શરૂઆત જાન્યુઆરી ૨૦૨૦માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કરી હતી.

# અમદાવાદમાં 3000 કરોડથી વધુના ખર્ચે ૧૧ સ્પોર્ટ્સ કોમ્પલેક્સ, ૨૭ પ્લે ગ્રાઉન્ડ બનશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ કોમનવેલ્થ ગેમ્સ-૨૦૩૦નું યજમાન અમદાવાદ બનવાનું છે. કોમન વેલ્થ ગેમ્સના આરંભ પહેલા જ શહેરમાં ૧૧ આધુનિક સ્પોર્ટ્સ કોમ્પલેક્સ અને ૨૭ પ્લે ગ્રાઉન્ડ વિવિધ વિસ્તારમાં તૈયાર થઈ જશે. આની પાછળ રૂપિયા ૩૦૦૦ કરોડનો ખર્ચ અંદાજવામાં આવ્યો છે. આંતરરાષ્ટ્રીય કક્ષાની સુવિધા ઉપલબ્ધ કરાવાની હોવાથી આ ખર્ચ પણ આગામી સમયમાં વધી શકે છે. થલતેજ, ગોતા અને જોધપુર ઉપરાંત ચાંદખેડા વોર્ડમાં રિક્રિએશન સેન્ટર, ટેનિસ, સ્વીમિંગ તથા જીમ્નેશિયમની સુવિધા સાથે સજજ કરાશે.

અમદાવાદના વિવિધ વોર્ડમાં હાલમાં મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલિત ૪૭ જીમ્નેશિયમ, ૬ સ્કેટીંગ રીંગ, ૫ સ્પોર્ટસ સેન્ટર, ૭ ટેનિસ કોર્ટ, ૫ રીક્રીએશન સેન્ટર આવેલા છે. સ્ટેન્ડિંગ કમિટીની બેઠક પછી ચેરમેન દેવાંગ દાણીએ કહ્યું હતું કે, નારણપુરા ખાતે સ્પોર્ટસ કોમ્પલેક્સ કાર્યરત થઈ ગયું છે. પૂર્વ અમદાવાદમાં ૪૦ કરોડના ખર્ચથી સ્પોર્ટસ કોમ્પલેક્સ આકાર લઈ રહ્યું છે.

કોમનવેલ્થ ગેમ્સ પહેલા શહેરના મોટેરા સહિતના અલગ અલગ વિસ્તારમાં ૧૧ જેટલા સ્પોર્ટસ કોમ્પલેક્સ બનાવવા આયોજન કરાશે. શહેરના યુવાનો રમતગમત ક્ષેત્રે વધુ આગળ વધી શકે એ માટે જુદા જુદા વોર્ડ વિસ્તારમાં ૨૭ પ્લે ગ્રાઉન્ડ બનાવવા આયોજન કરાયું છે. સિમ્સ રેલવે ઓવરબ્રિજ તથા રાણીપ અંડરબ્રિજ નીચે સ્પોર્ટસ સંકુલ તૈયાર કરાયાં છે. શહેરના જોધપુર, નારણપુરા, રખિયાલ, વેજલપુર, વટવા, લાંભા, ઉપરાંત સાબરમતી અને રાણીપ વોર્ડ એમ કુલ મળીને ૮ જિમ્નેશિયમ કોર્પોરેશને નવાં બનાવ્યાં છે. આ અગાઉ જુદા જુદા વોર્ડમાં ૩૯ જિમ્નેશિયમ બનાવાયા હતા.

# રાજકોટ ટીઆરપીકાંડ કેસમાં મનસુખ સાગઠિયાની ₹ ૨૧.૬૧ કરોડની સંપત્તિ ટાંચમાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા રાજકોટના પૂર્વ ટીપીઓ મનસુખ સાગઠિયા સામે મની લોન્ડરિંગનો કેસ દાખલ કર્યો હતો. આ ઉપરાંત તેની ૨૧.૬૧ કરોડ રૂપિયાની સંપત્તિ ટાંચમાં લીધી હતી. રાજકોટ એન્ટી કરપ્શન બ્યૂરો દ્વારા દાખલ કરવામાં આવેલી એફઆઈઆરના આધારે તપાસ શરૂ કરવામાં આવી હતી. આ એફઆઈઆરમાં આક્ષેપ કરવામાં આવ્યો હતો કે રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં ટાઉન પ્લાનિંગ ઓફિસર તરીકે ફરજ બજાવતા સાગઠિયાએ ૧ એપ્રિલ, ૨૦૧૨ થી ૩૧ મે, ૨૦૨૪ સુધીના સમયગાળા દરમિયાન રૂપિયા ૨૪.૩૧ કરોડની અપ્રમાણસર સંપત્તિ એકઠી કરી હતી.

સાગઠિયાએ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૫, અને ૨૭ જૂન, ૨૦૨૨ની વચ્ચે રાજકોટ હેડ પોસ્ટ ઓફિસમાં તેમના પુત્ર, કેયુર મનસુખભાઈ સાગઠિયા, અને તેમની પત્ની, ભાવનાબેન મનસુખભાઈ સાગઠિયાના નામે અનેક રિકરિંગ ડિપોઝિટ ખાતાઓ જાળવી રાખ્યા હતા. આ ખાતાઓના સ્ટેટમેન્ટ્સ દર્શાવે છે કે તેમાં નિયમિતપણે રોકડ જમા કરવામાં આવી હતી, અને પછીથી બંધ કરેલી રકમનો ઉપયોગ સ્થાવર મિલકતો ખરીદવા માટે કરવામાં આવ્યો હતો.

તપાસમાં પ્રકાશમાં આવ્યું છે કે, સાગઠિયાએ લાંચ પેટે મેળવેલી રકમનું અનેક સ્થાવર અને જંગમ મિલકતોમાં રોકાણ કર્યું હતું. કથિત રીતે તેમના નામે અને તેમની પત્ની તથા પુત્રના નામે ખોલવામાં આવેલા મલ્ટી બેંક એકાઉન્ટનો ઉપયોગ ગેરકાયદેસર ભંડોળને 'લોન્ડર' કરવા માટે કરવામાં આવ્યો હતો. અત્યાર સુધીમાં, ઇડીએ પ્રિવેન્શન ઓફ મની લોન્ડરિંગ એક્ટની કલમ ૫ હેઠળ રૂપિયા ૨૧.૬૧ કરોડ રકમ જપ્ત કરી હતી. જપ્ત કરાયેલી સંપત્તિઓમાં રોકડ, સોનું, હીરા, ચાંદીના દાગીના, વિદેશી ચલણ, લક્ઝરી ઘડિયાળો અને વિવિધ સ્થાવર મિલકતોનો સમાવેશ થાય છે.

# ગુજરાત સરકારે વિકસિત ગુજરાત ફંડની દરખાસ્તો માટે સમયમર્યાદા નક્કી કરી

અમદાવાદઃ ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી આવાસ વિભાગે 'વિકસિત ગુજરાત ફંડ' હેઠળ વિગતવાર માળખાકીય દરખાસ્તો રજૂ કરવા માટે બહુવિધ મહાનગર-પાલિકાઓ અને શહેરી વિકાસ સત્તામંડળોને 'અત્યંત તાકીદનો' નિર્દેશ આપ્યો છે. ઉચ્ચ સત્તાધિકારીઓની સૂચના મુજબ આ પ્રોજેક્ટ્સની દરખાસ્તોને મંજૂરી માટે નાણાં વિભાગને મોકલવામાં આવશે. આ દરખાસ્તો રજૂ કરવાની અંતિમ સમયમર્યાદા ૩૦ નવેમ્બર, ૨૦૨૫ નક્કી કરવામાં આવી છે. ગુજરાતનાં મુખ્ય મહાનગરોમાં અનેક મહત્ત્વકાંક્ષી પ્રોજેક્ટ્સ પ્રસ્તાવિત છે. અમદાવાદ માટે એડેપ્ટિવ ટ્રાફિક કંટ્રોલ સિસ્ટમ, શિવરંજનીથી ઘુમા સુધીનો એલિવેટેડ કોરિડોર, કન્વેન્શન સેન્ટર, રિવરફ્રન્ટ સેવરી પ્રોજેક્ટ, સિંધુ ભવન ખાતે અમદાવાદ સિટી સ્ક્વેર અને ઔડા દ્વારા રિંગ રોડનો સમાવેશ થાય છે. સુરત માટે ડ્રીમ સિટીમાં માળખાગત સુવિધાઓ, ડુમસ સી ફ્રન્ટ ફેઝ-૨ અને ૯૦ મી. આઉટર રિંગ રોડ ફેઝ-૨ની દરખાસ્ત છે. વડોદરામાં જળ વિતરણ પ્રણાલી, રિંગ રોડ ફેઝ-૨ અને સ્ટ્રોમ વોટર ડ્રેનેજ પ્રોજેક્ટ્સ છે. રાજકોટમાં રિંગ રોડ-૨ ના ચાર-માર્ગીય અને છ-માર્ગીય પ્રોજેક્ટ્સ તેમજ રેલવે ઓવર બ્રિજનો સમાવેશ થાય છે. રાજકોટના રિંગ રોડ પહોળો કરવાની દરખાસ્તમાં વર્ષવાર ગ્રાન્ટની વિગતો ખૂટે છે. જૂનાગઢમાં ભવનાથ સર્કલ પર ફ્લાયઓવર અને જામનગર દ્વારા રિવરફ્રન્ટ પ્રોજેક્ટનો સમાવેશ કરવામાં આવ્યો છે.

# ગુજરાત સરકારે ૨૦૨૬ની રજાઓની યાદી જાહેર કરી, ૩૬૫માંથી ૯૯ દિવસ તો રજા રહેશે

અમદાવાદઃ ગુજરાત સરકાર દ્વારા ૨૦૨૬ માટે સરકારી કર્મચારીઓ અને બેંકોની રજાઓની યાદી જાહેર કરી દેવામાં આવી છે. દર વખતે વર્ષના અંતમ દિવસોમાં આગામી વર્ષની જાહેર રજાની યાદી સરકાર દ્વારા જાહેર કરવામાં આવતી હોય છે. આ વર્ષની વાત કરવામાં આવે તો, ૨૦૨૬માં કુલ ૨૩ જાહેર રજાઓ અને ૩૩ મરજિયાત રજાઓ જાહેર કરવામાં આવી છે. આ સાથે વાત કરવામાં આવે તો, બેંકો માટે નેગોશિએબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ હેઠળ ૧૮ રજાઓ જાહેર કરવામાં આવી છે. જાન્યુઆરી, ડિસેમ્બર અને જૂનમાં ૩ દિવસનું બ્રેક થયા વિનાનું લોંગ વીકેન્ડ મળવાનું છે. આ સાથે એપ્રિલથી લઈ ઓક્ટોબર દરમિયાન જો વચ્ચે એક દિવસની રજા મૂકવામાં આવે તો ૫ લોંગ વીકેન્ડ મળી શકે તેવી રીતે જાહેર રજાઓ નક્કી કરવામાં આવી છે. જોકે, સરકારી કર્મચારીઓ માટે દુઃખની વાત એ છે કે, ૨૦૨૬માં દિવાળી, મહાશિવરાત્રિ અને પરશુરામ જયંતીની રજા રવિવારે આવે છે. જેથી તે જાહેર રજા કપાઈને રવિવાર ગણાશે. સરકારી ક્ષેત્રમાં જો જાહેર રજા રવિવારે આવે તો તેની બદલે અલગથી કોઈ રજા મળતી નથી. વિભાગ દ્વારા સ્પષ્ટ સૂચનાઓ આપવામાં આવી છે કે, સતત બે દિવસની મરજિયાત રજા મંજૂર કરવામાં આવશે નહીં. આ સાથે આવશ્યક સેવાઓમાં ફરજ બજાવતા કર્મચારીઓને મરજિયાત રજા તાત્કાલિક મળશે નહીં. સરકારી કર્મચારીઓ ઉપરોક્ત તહેવારોના પ્રસંગે તેમના ધાર્મિક સંપ્રદાયને ધ્યાનમાં લીધા વિના વધુમાં વધુ બે રજાઓનો લાભ લઈ શકે છે.

# બનાસકાંઠાના પાલનપુરમાં માવઠું, પાકને નુકસાનની ભીતિ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ બનાસકાંઠાના પાલનપુરમાં ભરશિયાળે વરસાદી માહોલ સર્જાયો હતો. પાલનપુરના કેટલાક ભાગોમાં ધીમીધારે કમોસમી વરસાદ વરસ્યો હતો. પાલનપુર, સહિત અનેક પંથકોમાં કમોસમી વરસાદ ખાબક્યો હતો. વરસાદને કારણે ખેડૂતોના પાકને નુકસાનની ભીતિ સેવવામાં આવી હતી. આ વરસાદથી ઘઉં, ચણા અને ધાણા જેવા પાકોને નુકસાન થવાની સંભાવના છે.

બનાસકાંઠા જિલ્લામાં કેટલાક વિસ્તારમાં વાતાવરણમાં પલટો આવ્યો હતો. પાલનપુર ઉપરાંત અમીરગઢ, દાંતીવાડા, વડગામ સહિત અનેક સ્થળોએ કમોસમી વરસાદ વરસ્યો હતો. બનાસકાંઠામાં કમોસમી વરસાદ થવાથી ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

# કૉંગ્રેસની જન આક્રોશ યાત્રાઃ અમિત ચાવડાએ સરકાર પર કર્યા તીખા પ્રહાર

અમદાવાદઃ ગુજરાત કૉંગ્રેસની 'જન આક્રોશ યાત્રા' ગાંધીનગર ખાતે ધમાકેદાર રીતે પહોંચી હતી. યાત્રાનું નેતૃત્વ પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ કર્યું હતું, જ્યારે વિપક્ષ નેતા તુષાર ચૌધરી, ધારાસભ્ય ઇમરાન ખેડાવાલા, સ્થાનિક આગેવાન નિશીત વ્યાસ, હિમાંશુ પટેલ સહિત મોટી સંખ્યામાં કૉંગ્રેસ કાર્યકરો હાજર રહ્યા હતા. યાત્રાની શરૂઆત પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ પોતે બાઈક ચલાવી કરી હતી. ડી.જે.ના સાઉન્ડ સાથે બાઈક રેલી આગળ વધી હતી. કાર્યકરોમાં ખાસ્સો ઉત્સાહ જોવા મળ્યો હતો અને સમગ્ર માર્ગમાં રેલીનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યું હતું. રેલી દરમિયાન અમિત ચાવડાએ ભાજપ સરકાર, નાયબ મુખ્યપ્રધાન હર્ષ સંઘવી અને કાનૂન વ્યવસ્થાના મુદ્દે સરકાર પર તીખા રાજકીય હુમલા કર્યા હતા. તેમણે સોશ્યલ મીડિયામાં પોસ્ટ કરતા જણાવ્યું હતું કે, ગુજરાતના લોકોનો અવાજ બની ગઈ છે. જન આક્રોશ યાત્રા ગાંધીનગરમાં આગમન પર યુવાનો સાથે આયોજિત બાઇક રેલીમાં ભાગ લીધો હતો. અમિત ચાવડાએ કહ્યું હતું કે, રાજ્યમાં દારૂનો પ્રશ્ન એટલો ગંભીર છે કે, ભાજપના ધારાસભ્ય અને તેમના કાર્યકરોને પણ પૂછો તો કહેશે કે દારૂ સહેલાઇથી મળે છે.

ચાવડાએ આરોપ કર્યો હતો કે, ગુજરાતમાં પીવાનું પાણી મળતું ન હોય પણ દારૂ અને ડ્રગ્સ ઠેરઠેર મળે છે.

# ભાવનગરના પાલિતાણા પોલીસ સ્ટેશનમાં અમદાવાદના આધેડે આપઘાત કરતા ચકચાર

અમદાવાદઃ ભાવનગર પાલિતાણા ટાઉન પોલીસ સ્ટેશનમાં તપાસ સંદર્ભે આવેલા અમદાવાદના આધેડે પોલીસ સ્ટેશનમાં આપઘાત કર્યો હતો. તપાસમાં આવેલા શખસે પોલીસ સ્ટેશનના ટોઇલેટમાં જઈને અનાજમાં નાખવાની દવા પી લીધી હતી. પોલીસ સ્ટેશનમાં જ ૫૩ વર્ષીય યોગેશભાઈ ઢળી પડ્યા હતા. તેમની તબિયત બગડતાં તેમને પાલિતાણા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબિયત વધુ ખરાબ થતાં ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં, ત્યાં સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. મૃતદેહને ભાવનગર હોસ્પિટલ ખાતે પોસ્ટમોર્ટમ માટે ખસેડાયો હતો.પાલિતાણા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ૨૭ નવેમ્બરના રોજ અમદાવાદના રહેવાસી જૈન યોગેશભાઈ દેવચંદભાઈ ડેઢિયા(ઉં.વ. ૫૩)એ અનાજમાં નાખવાની ઝેરી દવા પી લીધી હતી. અરજીના કામે યોગેશભાઈને પાલિતાણા પોલીસ સ્ટેશનમાં બોલાવવામાં આવ્યા હતા.

# ફૂડ વિભાગની મોટી કાર્યવાહી, અમદાવાદ શહેરની ૨૭ મીઠાઈ-ફરસાણવાળાને નોટિસ ફટકારી

અમદાવાદઃ અમદાવાદ શહેરમાં ફૂડ એકમો પર તંત્રએ મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. આમાં આસ્ટોડિયા ભજીયા, ગ્વાલિયા સહિત અનેક જાણીતા એકમોને નોટિસ આપવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના ફૂડ વિભાગે રસોઈના તેલના ઉપયોગ અને વ્યવસ્થાપન સંબંધિત ખાદ્ય સુરક્ષાના નિયમોનું પાલન ન કરવા બદલ શહેરના ૨૭ ખાદ્ય વ્યવસાય એકમોને ઇમ્પ્રૂવમેન્ટ નોટિસ ફટકારી હતી. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ એક્ટની કલમ ૩૨ હેઠળ 'ઇમ્પ્રૂવમેન્ટ નોટિસ' આપવામાં આવી હતી, જેમાં તમામ એકમોને સાત દિવસની અંદર નિયમોનું પાલન કરવા નિર્દેશ આપવામાં આવ્યો છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયાના આદેશ પ્રમાણે દરરોજ ૫૦ લિટરથી વધુ રસોઈ તેલનો વપરાશ કરતા એકમો પર ધ્યાન કેન્દ્રિત કરીને બુધવારે વિવિધ વોર્ડમાં કરાયેલાં નિરીક્ષણો બાદ આ કાર્યવાહી કરવામાં આવી હતી. એફએસએસએઆઈ માર્ગદર્શિકા અનુસાર, રસોઈના તેલને વારંવાર ગરમ કરવાથી 'ટોટલ પોલર કમ્પાઉન્ડ્સ'નું પ્રમાણ વધે છે.

# અમદાવાદનું ભદ્ર પરિસર ફેરિયા અને પાથરણાવાળાઓ માટે બંધ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના નગર દેવી ગણાતા ભદ્રકાળી મંદિરના પાસે આવેલા ભદ્ર પરિસરમાંથી પાથરણાવાળાઓને હટાવી દેવામાં આવ્યા હતા. કુલ ૮૪૪ જેટલા કાયદેસર માન્યતા ધરાવનાર પાથરણાવાળાઓને વૈકલ્પિક વ્યવસ્થાના ભાગરૂપે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ઢાલગરવાડ વિસ્તારમાં આવેલા ખુલ્લા પ્લોટ અને પાનકોર નાકા નજીક પાર્કિંગના પ્લોટમાં જગ્યા ફાળવવામાં આવી છે. જેની જાહેર સૂચનાનાં બેનર પણ ભદ્ર પરિસરમાં લગાવી દેવામાં આવ્યા છે. જોકે વૈકલ્પિક વ્યવસ્થા રૂપે ફાળવવામાં આવેલા બંને પ્લોટમાં પાથરણાંવાળા બેસવા માટે તૈયાર નથી. દિવાળી પહેલાથી મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા પ્લોટ ફાળવી દેવામાં આવ્યા હોવા છતાં પણ પાથરણાવાળાઓ પ્લોટમાં બેસવા તૈયાર ન થતા હવે બેનર જાણ કરી દેવામાં આવી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના મધ્ય ઝોનના ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર રમ્ય ભટ્ટે જણાવ્યું હતું કે, ગુજરાત હાઇ કોર્ટ દ્વારા જે હુકમ આપવામાં આવ્યો હતો તેના ભાગરૂપે ભદ્ર પરિસરમાં બેસતા ફેરિયાઓને વૈકલ્પિક વ્યવસ્થા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા કરવામાં આવી હતી. જેમાં પાનકોર નાકા નજીક અને ઢાલગરવાડમાં એમ બે જગ્યાએ તેઓને પ્લોટ ફાળવવામાં આવ્યા છે. જો કે બંને પ્લોટમાં બેસવા માટે ફેરિયાઓને સમજાવવામાં આવ્યા છે અને વારંવાર તેઓને સૂચના પણ આપવામાં આવી છે છતાં પણ હજી સુધી તેઓ દ્વારા પ્લોટનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો નથી.

LIKE & FOLLOW: /Mumbaisamachar4u

# ડિજિટલ અરેસ્ટ ફ્રોડઃ સાત જિલ્લામાંથી ૧૩ જણની ધરપકડ

મુંબઈઃ રાજ્યના સાત જિલ્લામાંથી છેલ્લા ૧૦ દિવસમાં નડિજિટલ અરેસ્ટથ જેવા સાયબર ફ્રોડમાં સંડોવાયેલા ૧૩ જણને પોલીસે ઝડપી પાડી લોકઅપભેગા કરી દીધા હતા.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે ૧૮ નવેમ્બરે સ્થપાયેલી પોલીસની ૧૩ ટીમે સોલાપુર, પુણે, નાગપુર, સાતારા અને નાશિકમાં જઇને આ કાર્યવાહી કરી હતી.

અમારી તપાસમાં જણાયું હતું કે મુંબઈમાં ઑક્ટોબર, ૨૦૨૫ સુધીમાં નડિજિટલ અરેસ્ટથના ૧૪૨ કેસ નોંધાયા હતા, જેમાં કુલ ૧૧૪ કરોડ રૂપિયાની છેતરપિંડી આચરાઇ હતી. અમારી ટીમ એવા લોકોના સરનામે પહોંચી હતી, જેમના બૅંક ખાતાનો ઉપયોગ સાયબર ગુનેગારોએ રૂપિયા ડિપોઝિટ કરાવવા અને ઉપાડી લેવા માટે કર્યો હતો. પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ સોલાપુરના સુનીલ કાશીનાથ ભુજબળ, પુણેના જુન્નરના અનંત માનિક થોરાત, વિરારના જયેશ જયંત ઝવેરી, નાલાસોપારાના ધ્રુમિલ રાંભિયા તેમ જ વિલાસ મોરે ઉર્ફે રેહાન ખાન, રિઝવાન શૌકલઅલી ખાન, કાસિમ રિઝવાન શેખ, આશિષ રામકૃષ્ણ ભુંસરી, જીવન બારાપાત્રે, યશ યાદવ, મોહંમદ સોનાવણે, હિતેશ મસુરકર અને અંકુશ મોરે તરીકે થઇ હતી.

ડિજિટલ અરેસ્ટના ગુનામાં સિનિયર સિટિઝનને ટાર્ગેટ કરવામાં આવતા હોવાથી મુંબઈ પોલીસની ટીમે આ મહિનાની શરૂઆતમાં એકલા રહેતા સિનિયર સિટિઝનોનો ડેટાબેઝ તૈયાર કર્યો હતો અને પોલીસ કર્મચારીઓને તેમના ઘરે મોકલવામાં આવ્યા હતા.

### પ્રદૂષણની સમસ્યા

# બાંધકામ વિસ્તારમાં કડક જાપ્તો રાખવા હાઈ કોર્ટનો આદેશ

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે શુક્રવારે કહ્યું હતું કે પ્રદૂષણની સમસ્યા - આપત્તીજનક એર ક્વોલિટી ઇન્ડેક્સ (એક્યુઆઈ)નો ઉકેલ લાવવામાં થોડો સમય લાગશે, પણ એ દૂષણ ઘટાડવા અંગેની માર્ગદર્શિકાનો કડક અમલ કરવામાં આવે તો શહેરમાં બાંધકામ પ્રવૃત્તિઓને કારણે થતા પ્રદૂષણની તકલીફ પર નિયંત્રણ લાવવું શક્ય બનશે. મુખ્ય ન્યાયમૂર્તિ શ્રી ચંદ્રશેખર અને ન્યાયમૂર્તિ ગૌતમ અંકડની ખંડપીઠે બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન, મહારાષ્ટ્ર પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (એમપીસીબી) અને રાજ્ય સરકારના જાહેર આરોગ્ય વિભાગના અધિકારીઓનો સમાવેશ કરતી એક સ્વતંત્ર પાંચ સભ્યોની સમિતિની રચના કરી હતી. આ સમિતિ બાંધકામ વિસ્તારમાં (કન્સ્ટ્રક્શન સાઇટ્સ પર) દેખરેખ રાખી માર્ગદર્શિકાનું પાલન કરવામાં આવે છે કે નહીં એની તકેદારી રાખશે.

અદાલતે મુંબઈમાં બગડતા એક્યુઆઈ અંગે ચિંતા વ્યક્ત કરતી અરજીઓની સુનાવણી દરમિયાન બીએમસી અને એમપીસીબીને ગયા વર્ષે લીધેલા પગલાઓ અંગે ૧૫ ડિસેમ્બરે કાર્યવાહીનો અહેવાલ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો. અરજદારોના વકીલોએ ધ્યાન દોર્યું હતું કે મુંબઈમાં એક્યુઆઈ ૨૦૨૩ થી દર વર્ષે બગડી રહ્યો છે. આ અંગે મુખ્ય ન્યાયમૂર્તિ ચંદ્રશેખરે કહ્યું હતું કે આ સમસ્યા ઉકેલવામાં થોડો સમય લાગશે.

# પીડબ્લ્યુડી કર્મચારી દ્વારા ૧૧૧ કરોડ રૂપિયાની ઉચાપતની કોશિશની તપાસ કરાવોઃ રોહિત પવાર

મુંબઈઃ એનસીપી (એસપી) નેતા રોહિત પવારે શુક્રવારે જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી)ના અધિકારીઓ દ્વારા પાલઘર જિલ્લામાં કોન્ટ્રાક્ટરોની સિક્યોરિટી ડિપોઝિટના ખાતાઓમાંથી આશરે ૧૧૧ કરોડ રૂપિયાની ઉચાપત કરવાના કથિત પ્રયાસના પ્રકરણની સંપૂર્ણ તપાસની માગણી કરી છે.

પવારે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે બેંક કર્મચારીઓના તાત્કાલિક હસ્તક્ષેપને કારણે ઉચાપતનો પ્રયાસ નિષ્ફળ ગયો હતો, તેમણે અમલદારશાહીની કામગીરી અને જવાબદારી અંગે ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી.

અધિકારીઓના જણાવ્યા અનુસાર, જાહેર બાંધકામ વિભાગ (પીડબ્લ્યુડી)ના એક કર્મચારીએ રાષ્ટ્રીયકૃત બેંકમાં ડિમાન્ડ ડ્રાફ્ટ માટે વિનંતી સ્લિપ સબમિટ કરીને ૧૧૧.૬૫ કરોડ રૂપિયાની ઉચાપત કરવાનો પ્રયાસ કર્યો હતો, જેને કર્મચારીઓએ તાત્કાલિક નકારી દીધો હતો અને નિષ્ફળ બનાવ્યો હતો.

વિભાગે બુધવારે જવાહરમાં બનેલી ઘટનાની તપાસ શરૂ કરી છે અને પોલીસ ફરિયાદ નોંધાવી છે, એમ તેમણે જણાવ્યું હતું.

કર્મચારીએ બેંકમાં રૂ. ૧૧૧.૬૫ કરોડના ડિમાન્ડ ડ્રાફ્ટ (ડીડી) માટે ચેક અને વિનંતી સ્લિપ જમા કરાવી હતી. આ ચેક પીડબ્લ્યુડી ખાતામાંથી લેવામાં આવ્યો હતો, જેમાં કોન્ટ્રાક્ટરોની સુરક્ષા ડિપોઝિટ રાખવામાં આવે છે. દર વર્ષે, વિભાગ અનેક કરોડોના કામો કરે છે અને કોન્ટ્રાક્ટરો નિયમિતપણે પ્રોજેક્ટ મૂલ્યના એકથી બે ટકા સુરક્ષા રકમ તરીકે જમા કરાવે છે, જે ખાસ કામો માટે પાંચ ટકા સુધી હોય છે.

અધિકારીએ જણાવ્યું હતું કે જ્યારે બેંક સ્ટાફે ડીડી વિનંતીનું ઊંચું મૂલ્ય જોયું, ત્યારે તેમણે તરત જ તેને માર્ક કર્યો હતો અને વરિષ્ઠ અધિકારીઓ સાથે તપાસ કરી, જેમણે આવા કોઈપણ ચેક આપવાનો ઇનકાર કર્યો અને સ્પષ્ટતા કરી કે આટલા મોટા વ્યવહાર માટે કોઈ અધિકૃતતા આપવામાં આવી નથી.

એનસીપી (એસપી) ના મહાસચિવે કહ્યું, નસ્ત્રએવા સમયે જ્યારે કોન્ટ્રાક્ટરો અસ્તિત્વ માટે સંઘર્ષ કરી રહ્યા છે અને લગભગ ૯૦,૦૦૦ કરોડ રૂપિયાના બિલ ચૂકવવામાં આવ્યા નથી, ત્યારે પીડબ્લ્યુડી અધિકારીઓ પોતે ૧૧૧ કરોડ રૂપિયાની ઉચાપત કરવાનો પ્રયાસ કરી રહ્યા છે તે આઘાતજનક છે.થ

પવારે સંડોવાયેલા અધિકારીઓ સામે ફોજદારી કેસ ચલાવવાની માગણી કરી હતી. પવારે આવી ઘટનાઓને રોકવા માટે સુરક્ષા થાપણોને નિયંત્રિત કરતી પદ્ધતિઓની વિગતવાર તપાસ અને સમીક્ષા કરવાની પણ માગણી કરી હતી.

દરમિયાન, પીડબ્લ્યુડીના એક અધિકારીએ જણાવ્યું હતું કે વિભાગે આંતરિક તપાસ શરૂ કરી છે, જેમાં છેતરપિંડીના પ્રયાસમાં અન્ય કેટલાક કર્મચારીઓ અથવા અધિકારીઓની સંડોવણીની શંકા છે.

ચેક સબમિટ કરનાર કર્મચારી ગુમ છે અને તેને શોધવાના પ્રયાસો ચાલી રહ્યા છે, એમ પણ તેમણે જણાવ્યું હતું.

# ભાજપ-શિવસેનાની નારાજગીથી રાણે બંધુઓ વચ્ચે તિરાડ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં બીજી ડિસેમ્બરે મ્યુનિસિપલ કાઉન્સિલ ચૂંટણીઓ યોજાવાની છે, એ પહેલા મહારાષ્ટ્રના રાજકારણમાં ખળભળાટ મચેલો છે. મહારાષ્ટ્રના સત્તાધારી ગઠબંધનમાં મતભેદોના સતત અહેવાલો મળી રહ્યા છે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ અને નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે પણ કથિત રીતે એક બીજા સામે ટીપ્પણી કરી ચુક્યા છે. એવામાં રાણે ભાઈઓએ પણ એક બીજા સામે નિવેદનો આપી રહ્યા છે. જેને કારણે ગઠબંધનમાં ચાલી રહેલો વિખવાદ વધુ ઉજાગર થયો છે.

શિવસેના(એકનાથ શિંદે જૂથ)ના વિધાનસભ્ય નીલેશ રાણેએ બુધવારે દાવો કર્યો હતો કે સિંધુદુર્ગ જિલ્લાના માલવણમાં ભાજપના કાર્યકર વિજય કેનવાડકરના ઘરે મોટી માત્રામાં રોકડ રૂપિયા મળી આવ્યા હતાં, આ રૂપિયા તેઓ મતદારોમાં વહેંચવાના હતાં. તેમણે જણાવ્યું કે તેમણે જાતે સ્ટિંગ ઓપરેશન કરીને આનો પર્દાફાશ કર્યો છે. નિલેશે રાણેએ એમ પણ જણાવ્યું કે અન્ય આઠથી દસ અન્ય ઘરોમાં પણ રોકડ રૂપિયા મળી આવ્યા હતાં. તેમણે વીડિયો સાથેના પુરાવા હોવાનો પણ દાવો કર્યો. તેમણે એવો પણ દાવો કર્યો કે ભાજપના પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણે કોંકણ પ્રદેશની મુલાકાત લીધા બાદ આ રૂપિયા મળી આવ્યા હતા.

નિલેશે રાણેએ કહ્યું કે, ચૂંટણી લડવાની આ રીત નથી.

ભાજપના કાર્યકરા વિજય કેનવાડકરે નિલેશે રાણેએ લગાવેલા આરોપોને નકારી કાઢ્યા હતાં. તેમણે સ્પષ્ટતા કરી કે નાણા તેમના બિઝનેસ માટે હતાં, તેનો ચૂંટણી સાથે કોઈ લેવાદેવા નથી.

વિજય કેનવાડકરનું સમર્થન કરતા ભાજપના વિધાન સભ્ય અને રાજ્યના કેબિનેટ પ્રધાન નિતેશ રાણે એ તેમના મોટા ભાઈ નિલેશ રાણે અંગે કહ્યું, અમે રાજકારણ સાથે જોડાયેલા લોકો છીએ, પરંતુ અમારું ખાનગી જીવન અને વ્યવસાય પણ છે. વિજય ભાજપના કાર્યકર્તા તો છે જ, સાથે એક ઉદ્યોગપતિ પણ છે. શું તેના માટે ઘરમાં રોકડ રાખવી એ ગુનો છે?

નિતેશ રાણેએ રવિન્દ્ર ચવ્હાણ પર નીલેશ રાણેએ લગાવેલા આરોપોને પાયાવિહોણા ગણાવ્યા અને શિવસેના પર ગંદુ રાજકારણ રમવાનો આરોપ લાગાવ્યો.

# વિકાસ માટેનું વિઝન ન હોય તેવા પક્ષો ટીકા-ટિપ્પણીનો આશરો લે છેઃ દેવેન્દ્ર ફડણવીસ

છત્રપતિ સંભાજીનગરઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે શુક્રવારે જણાવ્યું હતું કે જે પક્ષો પાસે વિકાસ માટેનું વિઝન નથી અથવા કહેવા માટે કશી સકારાત્મક વસ્તુ નથી એ જ લોકોને ટીકા-ટિપ્પણી કરવાની જરૂર લાગે છે.

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીના થોડા દિવસો પહેલા જાલના જિલ્લાના પરતુર શહેરમાં એક રેલીને સંબોધતા ફડણવીસે કહ્યું હતું કે ભાજપ પાસે રાજ્યના વિકાસ માટેનું વિઝન છે, તેથી જ અમારે ટીકા-ટિપ્પણીનો આશરો લેવાની જરૂર પડતી નથી.

બીજી ડિસેમ્બરે ૨૪૬ નગર પરિષદો અને ૪૨ નગર પંચાયતોની ચૂંટણીઓ યોજાવાની છે અને મતગણતરી ત્રીજી ડિસેમ્બરે થશે. ભાજપ, એકનાથ શિંદેની આગેવાની હેઠળની શિવસેના અને અજિત પવારની એનસીપીના શાસક મહાયુતિ ગઠબંધન માટે આ એક મહત્વપૂર્ણ કસોટી હશે.

‘હું આ ચૂંટણીમાં કોઈ રાજકીય પક્ષની ટીકા કરી રહ્યો નથી કે કોઈની વિરુદ્ધ કશું જ બોલી રહ્યો નથી. જેમની પાસે વિકાસ માટે કોઈ દ્રષ્ટિકોણ નથી અથવા કહેવા માટે કંઈ નથી, તેઓ જ ટીકાનો આશરો લે છે. આપણી (ભાજપ) પાસે વિકાસની શક્તિ છે. હું અહીં તમારી સમક્ષ તે રાખવા આવ્યો છું,’ એમ ફડણવીસે કહ્યું હતું.

તેમણે સ્થાનિક નેતાઓને પરતુરના વિકાસ માટેની બ્લુપ્રિન્ટ તૈયાર કરવાની વિનંતી કરતાં કહ્યું હતું કે તેઓ આગામી પાંચ વર્ષમાં તેનો અમલ કરશે.

મુખ્ય પ્રધાને વધુમાં કહ્યું હતું કે રાજ્યના મહેસૂલ વિભાગે નવા નિર્ણયો લીધા છે, જેમાં વિવિધ જમીનો પર નિવાસી અથવા વાણિજ્યિક અતિક્રમણોને કાયદેસર બનાવવા અને લોકોને માલિકી આપવાનો સમાવેશ થાય છે. તેમણે કહ્યું કે સરકાર પાકા મકાનો બનાવવા માટે ૨.૫ લાખ રૂપિયા પણ આપશે. ફડણવીસે પરતુરને મહારાષ્ટ્રનું પ્રથમ સૌર શહેર બનાવવાની પણ અપીલ કરી હતી.

‘સૌર ઘર યોજનાથી લોકોને ફાયદો થયો છે. અમે ઓછા વીજળીનો ઉપયોગ કરતા લોકો માટે પણ એક યોજના લાવીએ છીએ. રાજ્યમાં હવે ઘણા સૌર ગામડાઓ છે. જો અહીંના નેતાઓ નક્કી કરે, તો પરતુર રાજ્યનું પ્રથમ સૌર શહેર બની શકે છે,’ એમ તેમણે કહ્યું હતું.

# સુનાવણીમાં વિલંબ થતો હોવાની ફરિયાદ સુપ્રીમ કોર્ટમાં કરાતા હાઈ કોર્ટ નારાજ

મુંબઈઃ સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ સંબંધિત વિવિધ મુદ્દાઓ પરની અરજીઓ પર હાઈ કોર્ટમાં સુનાવણી ચાલી રહી છે. આ અરજીઓ પર તાત્કાલિક સુનાવણી કરવામાં આવી ન રહી હોવાની ફરિયાદ અરજદારોએ સુપ્રીમ કોર્ટમાં કરી હતી અને કોર્ટે આ મામલે નારાજગી વ્યક્ત કરી હતી. આ મામલે અત્યાર સુધીમાં સિત્તેરથી વધુ અરજીઓ દાખલ કરવામાં આવી છે અને તેના પર તાત્કાલિક સુનાવણી કરવી મુશ્કેલ બની રહી છે, એવું કોર્ટે નારાજગી વ્યક્ત કરતી વખતે નોંધ્યું હતું.

સુપ્રીમ કોર્ટે રાજ્યની તમામ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓમાં વોર્ડ રચના અનામત અને મતદાર યાદી અંગે મુંબઈ, નાગપુર, ઔરંગાબાદ અને કોલ્હાપુરમાં દાખલ થયેલી તમામ અરજીઓ એકસાથે સાંભળવા માટે હાઇ કોર્ટને નિર્દેશ આપ્યો છે. તે મુજબ આ અરજીઓ ગુરુવારે મુખ્ય ન્યાયાધીશની અધ્યક્ષતાવાળી બેન્ચ સમક્ષ સુનાવણી માટે આવી હતી. ત્યારે સુપ્રીમ કોર્ટ શુક્રવારે ચૂંટણીમાં ૫૦ ટકા અનામત મર્યાદા ઓળંગવાના મુદ્દા પર સુનાવણી કરી રહી છે. તેથી વરિષ્ઠ વકીલ અનિલ અંતુરકરે કોર્ટને વિનંતી કરી કે બેન્ચ ઉપરોક્ત અરજીઓ પરની સુનાવણી સોમવાર રાખે. જોકે કોર્ટે ધ્યાન દોર્યું કે સુપ્રીમ કોર્ટે તેના આદેશમાં ફક્ત શુક્રવારે સુનાવણી રાખવાનો ઉલ્લેખ કર્યો હતો.બીજી તરફ અમારી સમક્ષ અત્યાર સુધીમાં ૭૦થી વધુ અરજીઓ કરવામાં આવી છે. આ સંખ્યા જોતાં અરજીઓ પર તાત્કાલિક સુનાવણી શક્ય નથી.

# અમારા સાંસદો મોટા અવાજે ‘વંદે માતરમ’ના નારા લગાવશે જ

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના સંસદ સભ્યો સંસદમાં જોરશોરથી 'વંદે માતરમ'ના નારા લગાવશે એમ શુક્રવારે જણાવી પક્ષના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેએ હિંમત હોય તો તેમને ગૃહની બહાર ધકેલી દે એવો પડકાર ભાજપને ફેંક્યો છે. ૨૪ નવેમ્બરે રાજ્યસભા સચિવાલયે સભ્યોને યાદ અપાવ્યું હતું કે તેમણે ગૃહની અંદર કે બહાર ‘વંદે માતરમ’ અને 'જય હિન્દ' જેવા સૂત્રોચ્ચાર ન કરવા જોઈએ, કારણકે એમ કરવાથી સંસદીય શિષ્ટાચારનું ઉલ્લંઘન થાય છે.મુંબઈમાં આયોજિત એક પ્રેસ કોન્ફરન્સમાં ઉદ્ધવ ઠાકરેએ કહ્યું હતું કે જ્યારે અવિભાજિત શિવસેના ભારતીય જનતા પક્ષ સાથે હતી ત્યારે ભાજપે ભારપૂર્વક કહ્યું હતું કે જે લોકો આ દેશમાં જીવવા માંગે છે તેમણે 'વંદે માતરમ' બોલવું જ જોઈએ. રાજ્યસભા સચિવાલયમાંથી તાજેતરની સૂચના લાવનારી વ્યક્તિને પાકિસ્તાન મોકલવામાં આવશે એવો સવાલ પણ ઉદ્ધવ ઠાકરેએ કર્યો હતો.રાજ્યસભા સચિવાલયના સૂત્રોના જણાવ્યા અનુસાર આ પ્રકારની સૂચના કંઈ પહેલીવાર જારી નથી કરવામાં આવી.

## હિન્દુ મરણ

લીખાળાવાળા (સાવરકુંડલા) સ્વ. સાધનાબેન સ્વ. શીરીષભાઇ ગાંધીના પુત્ર કાર્તિકભાઇ (ઉં. વ. ૪૭) તા. ૨૨-૧૧-૨૫ના રોજ રાજકોટ મુકામે શ્રીજીચરણ પામ્યા છે. તે ગં. સ્વ. રૂપલબેન તુષારભાઇના ભાઇ. ધ્રુવ અને કુંજના મામા. મોસાળ પક્ષે સાવરકુંડલાવાળા પ્રતાપભાઇ અમૃતલાલ શેઠના ભાણેજ. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ છે.

**વીરપુર દશા પોરવાળ વૈષ્ણવ**

વીરપુર નિવાસી હાલ તારદેવ મુંબઇ ચંદ્રકાન્તભાઇ રમણલાલ પરીખ (ઉં. વ. ૯૧) તે સ્વ. વિનોદીનીબેનના પતિ. વીપુલભાઇ અને ભાવનાબેન હીમેશકુમાર દેસાઇના પિતાશ્રી. તથા યશ, નીલ અને રીશીતના દાદા. તા. ૨૭-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**ખંભાતી દશા પોરવાડ વણિક**

ગં. સ્વ. રેણુકાબેન કિર્તિકુમાર શાહ (ઉં. વ. ૮૫) તે ઇન્દુમતી અને ઘનશ્યામલાલ વૈદ્યના પુત્રી. સ્વ. કિર્તિકુમાર છોટાલાલ શાહના ધર્મપત્ની. અમી અને રાગીણીના માતુશ્રી. ઉમેશ જોશીના સાસુ. શુભ અને હેતવીના નાની. શશીકાંત અને ચંદુભાઇ છોટાલાલ શાહના ભાભી. શુક્રવાર, તા. ૨૮-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. પ્રાર્થનાસભા જય ભગવાન હોલ, હરી નિવાસ સર્કલ પાસે, થાણા (વેસ્ટ), સોમવાર, તા. ૧-૧૨-૨૫ના સાંજે ૪થી ૬. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઈ લોહાણા**

છોટાલાલ હરજીવનદાસ અને સ્વ. પુષ્પાબેન છોટાલાલ કાનાબારના પુત્ર મહેશભાઈ (ઉં.વ. ૭૨) તા.૨૬-૧૧-૨૦૨૫ના શ્રીજી ચરણ પામ્યા છે. તેઓ મંજુલાબેનના પતિ. સાગરના પિતાશ્રી. ગં.સ્વ. જ્યોત્સનાબેન જયસુખલાલ દત્તાણી, ગં.સ્વ. જયશ્રીબેન સુરેશકુમાર, દક્ષાબેન જીતેન્દ્ર કારીયા, કમલેશભાઈ, નિલેશભાઈ, રાજેશભાઈના ભાઈ. પિંકીબેન, જીજ્ઞાબેન, અલ્પાબેનના જેઠ. બીન્નીબેનના સસરા. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. મોંઘીબેન કુંવરજી ગોકળદા રામાણી કચ્છ-ગામ મંગવાળા હાલ મુલુંડના સુપુત્ર હરિરામભાઇ (ઉં. વ. ૮૭) તે જયાબેનના પતિ. અતુલ, અજય તથા સુષ્મા કિર્તીકુમાર તન્નાના પિતાશ્રી. સ્વ. ચંદ્રબાળા પુરુષોતમ સોમૈયા, ગં. સ્વ. રુક્ષ્મણી રામજી કારીયા, ગં. સ્વ. ગંગાબેન ખેરાજ સોમૈયાના ભાઇ. તે સ્વ. કેસરબેન હીરજી ગોવિંદજી રાયકુંડલીયા કચ્છ ગામ ગુંદીયારીના જમાઇ. તે દક્ષા તથા હેમાના સસરાજી. તા. ૨૬-૧૧-૨૫ને બુધવારના રામશરણ પામેલ છે. પ્રાર્થનાસભા રાખવામાં આવેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**ઘોઘારી લોહાણા**

મૂળગામ ચભાડીયા હાલ કલ્યાણ સ્વ. વિજયકુમાર વૃંદાવનદાસ વ્રજલાલ તન્નાના પત્ની કંચનબેન (કલ્પનાબેન) (ઉં. વ. ૮૦) તે સ્વ. ભાવેશભાઇ, બિંદેશભાઇના માતુશ્રી. સ્વ. હિંમતભાઇ, સ્વ. કનુભાઇ, મનુભાઇ, હરીશભાઇ, સ્વ. સુરેશભાઇ, સરલાબેન, સ્વ. મધુબેનના ભાભી. તે વર્ષાબહેન, સરિતાબહેનના સાસુ. સ્વ. ગોદાવરીબહેન અને સ્વ. મણિલાલ રાજદેવની દીકરી. અક્ષય, અવની, રિયા, રિયાના દાદી. હેમલના દાદીજી સાસુ. તા. ૨૭-૧૧-૨૫ના ગુરુવારના અક્ષરનિવાસી થયેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઝાલાવાડ સત્તર તાલુકા ઔદિચ્ય બ્રાહ્મણ**

સ્વ. શારદાબેન અને સ્વ. અંબા પ્રસાદ યાજ્ઞિકના સુપુત્રી. દિનેશચંદ્ર રાવળના ધર્મપત્ની. સુજ્ઞા, પ્રમા અને હેમાંગના માતુશ્રી. અ. સૌ. નિરુપમા રાવળ તા. ૨૬-૧૧-૨૫ના રોજ નિર્વાણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી વણિક**

મુંબઈ નિવાસી, કિરીટભાઈ (ઉં. વ. ૮૩) તે સ્વ. ઠાકોરલાલ તથા સ્વ. જીવીબેન ડાંગરવાલાના પુત્ર. સ્વ. પ્રજ્ઞાબેનના પતિ. બેલા ભૈરવી તથા જીગ્નેશના પિતા. પિનાક તથા ચિરાગના સસરા. ધ્રુમિલ તથા ભવ્યના દાદા. પૂજા એકતા તથા શૈલીના નાના. તા ૨૭/૧૧/૨૫ના શ્રીજીશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**હાલાઇ ભાટિયા**

ગામ વૈજાપુર હાલ મુંબઈ, સ્વ. મુરારજી લાલજી આશરના ધર્મપત્ની ગં.સ્વ. મનીષાબેન (ઉં. વ. ૮૧) તા. ૨૬/૧૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. કમળાબેન લાલજીભાઈના પુત્રવધૂ. સ્વ. કમળાબેન બાબુરાવ ભાટિયાના દીકરી. અ. સૌ. તૃપ્તિ ધર્મેશ ગાંધી, અ. સૌ. યોગિતા નિશાંત સંપટ, અ.સૌ. હિમાલી કૃષ્ણ આશરના માતુશ્રી. સ્વ. વનીતાબેન, દિનેશભાઇ, રાજેન્દ્રભાઇ અને કાનજીભાઈના મોટાભાભી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**લુહાર - સુતાર**

ગામ મોટા જાદરા હાલ બોરીવલી, સ્વ. વ્રજલાલભાઈ પુરૂષોત્તમભાઈ રાઠોડના ધર્મપત્ની ગં. સ્વ. મંજુલાબેન (ઉં. વ. ૮૧) બુધવાર તા. ૨૬-૧૧-૨૫ના રામચરણ પામ્યા છે. તે રાજેશભાઈના માતુશ્રી. હર્ષદભાઈ, રમેશભાઈ, ગુણવંતભાઈ, જયેશભાઈના ભાભી. ભાવેશ, શૈલેષ, સમીર, પ્રફુલ્લા, હિતેન પરમાર, વૈભવીના ભાભુ. ગામ ધાંધલીવાળા સ્વ. અરજણભાઈ ડાયાભાઈ મકવાણાના દીકરી. તેમની પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૯-૧૧-૨૫ના ૫ થી ૭. સ્થળ- લુહાર સુતાર વેલ્ફેર સેન્ટર અંબાજી મંદિર પાસે બોરીવલી ઇસ્ટ.

# શિર્ડી જઇ રહેલા ભાવિકોને હાઇવે પર વાહને મારી ટક્કરઃ યુવકનું મોત

થાણેઃ શિર્ડી જઇ રહેલા ભાવિકોને મુંબઈ-નાશિક હાઇવે પર અજાણ્યા વાહને અડફેટમાં લેતાં ૨૩ વર્ષના યુવકનું મોત થયું હતું, જ્યારે અન્ય એક જણ ઘાયલ થયો હતો. પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે શહાપુર તાલુકાના વાફે ગામ નજીક ગુરુવારે વહેલી સવારે આ અકસ્માત થયો હતો. ભાવિકોએ પચીસમી નવેમ્બરે વિરારથી 'પદયાત્રા' શરૂ કરી હતી અને તેઓ પાલખી સાથે શિર્ડીમાં સાંઇબાબાના દર્શન કરવા જઇ રહ્યા હતા. ભાવિકાનું વહેલી સવારે હાઇવે પર શિસ્તબદ્ધ રીતે ચાલી રહ્યું હતું ત્યારે અજાણ્યા વાહને બે જણને ટક્કર મારી હતી અને વાહનચાલક ત્યાંથી પલાયન થઇ ગયો હતો. આ અકસ્માતમાં ઘાયલ થયેલા બંને ભાવિકને સારવાર માટે હોસ્પિટલમાં લઇ જવામાં આવ્યા હતા, જ્યાં એકને મૃત જાહેર કરવામાં આવ્યો હતો, જેની ઓળખ ઓમ શશિકાંત શિંદે (૨૩) તરીકે થઇ હતી, જ્યારે બશીર શેખ (૨૦)ની શહાપુરની હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

## જૈન મરણ

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

સુંદરિયાણા નિવાસી સ્વ. ભાનુબેન ઓધવજી શાહના સુપુત્ર વિરાજ (ઉં. વ. ૬૪) હાલ પૂના તે ભરત, પરિમલ, નલિન, તૃપ્તિ ચેતનકુમારના ભાઇ તથા સાસરિયા પક્ષે સ્વ. કંચનબેન મોહનલાલ કોઠારીના જમાઇ. મનિષાબેનના પતિ. આકાશના પિતા. મહિમાના સસરા. તા. ૨૭-૧૧-૨૫ ગુરૂવારના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર પ્રથા બંધ છે.

**ઝાલાવાડી સ્થાનકવાસી જૈન**

બોટાદ નિવાસી હાલ વડાલા સ્વ. સુધાબેન ચંદ્રકાન્તભાઇ શાહના સુપુત્ર દિપકભાઇ (ઉં. વ. ૭૪) તે સ્વ. રીટાબેનના પતિ. જીનિશાના પિતા. અયાનના નાના. ને સમાઇરાના દાદુ. ભરતભાઇ, સ્વ. પ્રકાશભાઇ, મીનાબેન ભૂપેન્દ્રભાઇ શાહ, મીરાબેન હર્ષભાઇ દોશીના ભાઇ. ઋષભ તથા તુલસીના કાકા. તા. ૨૮-૧૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સ્થાનકવાસી જૈન**

હરમડીયા નિવાસી હાલ મીરા રોડ, સ્વ. શાંતિલાલ ત્રિકમજી મડીયાના ધર્મપત્ની જયાબેન શાંતિલાલ મડીયા (ઉં.વ.૯૫) તા. ૨૫-૧૧-૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્વ. ચંપકભાઈ, સ્વ. પ્રફુલભાઈ, પ્રકાશભાઈ, સ્વ. નિર્મળાબેન અનંતરાય, સ્વ. તારાબેન ગુણવંતરાય, નિરૂપમાબેન પ્રફુલભાઈ, દિવ્યાબેન જગદીશભાઈ, ભાવનાબેન ચેતનભાઈ, હર્ષાબેન ધિરેનભાઈનાં માતા. છતડીયા નિવાસી માધવજી મોતીચંદ ગોહિલનાં દિકરી. સ્વ. ભાયચંદભાઈ, જેન્તીભાઈ, સ્વ. મનસુખભાઈ, સ્વ. શાંતાબેન હરીલાલનાં બેન, હર્ષીલ, મંથન, સ્વ. ક્રિના, અમીષા, ફોરમનાં દાદી. બન્ને પક્ષની પ્રાર્થનાસભા વર્ધમાન સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, સેક્ટર નંબર-૬, શાંતિનગર, ગુરુદ્વારાની સામે, મીરા રોડ (પૂ.). તા. ૩૦/૧૧/૨૫ રવિવાર, સવારે ૧૦થી ૧૨.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ સામખીયારીના સ્વ. દમયંતીબેન રાજેન્દ્ર ધનજી છાડવા (ઉં. વ. ૬૩) બુધવાર તા.૨૬.૧૧.૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી ડાઈબેન અવચર ધનજીના પુત્રવધૂ. રાજેન્દ્રના ધર્મપત્ની, ઋષભ, ચંદ્રિકાના માતુશ્રી, ગાયત્રી , લક્ષ્મીચંદના સાસુ. ઈરા, રેયાના દાદી,આધોઈના લાખઈબેન માલશી શાહની સુપુત્રી. પ્રાર્થના રાખેલ નથી. નિવાસ સ્થાન.કુંભારના વાસી, સામખીયારી.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

પ્રાર્થના સભા શનિવાર, તા. ૨૯.૧૧.૨૦૨૫ ગામ ભરૂડીયાના સ્વ.

**હાલાઈ ભાટીયા**

મહેન્દ્રભાઈ (ઉં. વ. ૭૩) તા. ૨૫.૧૧.૨૫ મંગળવારના શ્રીજીચરણ પામેલ છે. તે નીલાબેનના પતિ. સ્વ. જયાબેન પુરૂષોત્તમ કલ્યાણજી પાલેજાના પુત્ર. રાજેન્દ્ર (રાજુભાઇ), સ્વ. ચંદ્રશેન, સ્વ. જયસિંહના ભાઈ. સ્વ. જયાબેન નાનાલાલ સુંદરદાસ દુતીયાના જમાઈ. અ.સૌ. ભાવના મયૂર ધમાણી, અ.સૌ. ચૈતાલી હેમાંગ વેદના પિતા. મયૂર સુરેશ ધમાણી, હેમાંગ વસંત વેદના સસરાજી. પ્રાર્થનાસભા તા. ૨૯.૧૧.૨૫ શનિવારના ૪:૩૦ થી ૬:૦૦. ૧લો માળ, બાલ્કનજી બારી, રાજાવાડી, ઘાટકોપર ઈસ્ટ.

**નાઘેર દશાશ્રીમાળી વણિક**

આમોદ્રા નિવાસી હાલ વાશી, નાથાલાલભાઈ શાહ (ઉં. વ. ૮૮) તા. ૨૭/૧૧/૨૫ને ગુરુવાર અક્ષરનિવાસી થયા છે. તે સ્વ. નારણદાસ શાહના પુત્ર. પુષ્પાબેનના પતિ. શરદભાઈ, રમેશભાઈ, વિજય, ગં સ્વ. વિણાબેન શૈલેષકુમાર, સંધ્યાબેન યોગેશકુમાર, હેમલતાબેન મનોજકુમાર તથા અનિશાબેન તેજસકુમારના પિતા. અ.સૌ. હસ્મિતાબેન, અ.સૌ. વર્ષાબેન તથા અ.સૌ છાયાબેનના સસરા. સંકેત, જશ, ધરા રોહિતકુમાર, શ્રેયા પાર્થકુમાર, વંશ તથા રિયા, જીતા સુશાંતકુમાર, હિમાંશુ, ધ્રુવીન, નિષ્ઠ, નીલ, દેવ અને ધ્રુવીના દાદા - નાના, ગાંગડા નિવાસી સ્વ. ધરમશી નરોતમ ચૌહાણના જમાઈ. પ્રાર્થનાસભા તા-૨૯/૧૧/૨૫ને શનિવારે ૪.૩૦ થી ૬.૦૦. ગુજરાત ભવન, સેક્ટર ૧૪, પીકેસી હોસ્પિટલ પાસે, વાશી.

**લોહાણા**

મૂળ ગામ અમરેલી, હાલ કલ્યાણ બળવંતરાય (બટુકભાઈ) ઠક્કર (ઉં. વ. ૮૭) ગુરુવાર તા.૨૭/૧૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ.કાશીબેન ગિરધરલાલ ઠક્કર (ભીમજીયાણી)ના પુત્ર. સ્વ.જયાબેનના પતિ. સ્વ.અમરશી માવજી સૂચકના જમાઈ. દિનેશભાઈ, મહેશભાઈ, નયનાબહેન દિલીપકુમાર સોમૈયા, અનીતાબહેન રમેશકુમાર પાલનના પિતાશ્રી. પારુલબહેન, દક્ષાબહેનના સસરા. જીજ્ઞાશા સ્મિત કુમાર ઠક્કર, અમી અનુજ કુમાર નોટિયાલ, નિધિ શિલ્પેશ પટેલ, એકતા વેદાંત રૂપારેલ, સમીર અને મિહિરના દાદા. બંને પક્ષની પ્રાર્થનાસભા શનિવાર તા. ૨૯/૧૧/૨૫ સાંજે ૩.૩૦ થી ૫.૩૦. સોલિટર બેન્કવેટ હૉલ, બીજો માળો, દક્ષિણ મુખી મારુતિ મંદિર પાસે, બેન્ક ઓફ બરોડાની ઉપર, સરદાર વલ્લભભાઇ પટેલ માર્ગ, કલ્યાણ પશ્ચિમ ખાતે રાખેલ છે. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**વલસાડ અનાવિલ બ્રાહ્મણ**

હાલ ઘાટકોપર, સ્વ. ખંડુભાઈ નાયક તથા સ્વ શાંતાબેનના પુત્ર તે નીપાબેનના પતિ. કુણાલ, નેહાના પિતાશ્રી. સુશીલ,અનિતાના સસરા. સ્વ. ઇન્દુમતીબેન સ્વ. દિનકરભાઈ, ગં.સ્વ. કુમુદબેનના ભાઈ. સ્વ. જીતેન્દ્રભાઈ, કિરણભાઈ તથા સ્વ. હેમંતભાઈના બનેવી નલીનભાઈ નાયક (ઉં. વ. ૮૪) તા. ૨૭ નવેમ્બર ગુરુવારના કૈલાશવાસી થયા છે. લૌકિક વ્યવહાર રાખવામાં આવેલ નથી.

**હાલાઈ લોહાણા**

પોરબંદર નિવાસી હાલ મુંબઈ, શ્રીમતી ભાર્ગવી જિનેશ લાખાણી (ઉં. વ. ૪૬) તા. ૨૭-૧૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે તેઓ જિનેશભાઈના ધર્મપત્ની, વંશના માતુશ્રી, સ્વ. ધીરજલાલ અને શ્રીમતી નલિનીબેનના પુત્રવધૂ. સ્વ. જયંતિલાલ અને કુસુમબેન વિઠલાનીના દિકરી. સોનલબેન પ્રકાશ, શ્રીમતી સીમાબેન સંજયના ભાભી. શ્રીમતી રમાબેન હિમાંશુ રૂપારેલના બેન. પ્રાર્થનાસભા તા. ૨૯-૧૧-૨૫, શનિવારના ૫થી ૭. સ્થળઃ વિલે પાર્લે મેડિકલ કલબ, ગ્રાઉન્ડ ફ્લોર હોલ, જે.આર. મહાત્રે માર્ગ, આઈ.એમ.એ. હોલની બાજુએ, ઋતુંભરા કોલેજ સામે, જુહુ, મુંબઈ. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

પરવેઝ સોરાબ દુબાશ તે મરહુમો ખુરશેદ પરવેઝ દુબાશના ખાવીંદ. તે મરહુમો દીનામાય તથા સોરાબ દુબાશના દીકરા. તે આદિલ ને (કર્નેલ) ફિરદોશના પપ્પા. તે નાહીદ ફીરદોશ દુબાશના સસરા. તે મરહુમ ખોરશેદ પેસી ફરીબંદાના ભાઇ. તે કૈઝાદ ફીરદોશ દુબાશના બપાવા. (ઉં. વ. ૮૪) રે. ઠે. એ-૨૭૦૧, નથાની હાઇટ્સ, ડૉ. ડી. બી. માર્ગ, મુંબઇ સેન્ટ્રલ, મુંબઇ-૪૦૦૦૦૮. ઉઠમણાંની ક્રિયા : તા. ૨૯-૧૧-૨૫ને બપોરે ૩.૪૫ વાગે મુંબઇ ડુંગરવાડી પર ઉપરની વાડીયા બંગલીમાં.

---

પરમાબેન વાઘજી છાડવા ના પુત્રવધૂ. સ્વ. હસમુખ ના ધર્મપત્ની કલ્પનાબેન (ઉં. વ. ૫૮) તા. ૨૬.૧૧.૨૫ ના અવસાન પામેલ છે. ધવલ, મોનીલ, ચીતલના માતુશ્રી. ધ્રુપાલી, દિપકના સાસુ. વિયાનાના દાદી. ભચાઉ માતુશ્રી વેજીબેન રવજીના સુપુત્રી. પ્રાર્થના સવારે ૧૦.૩૦ થી ૧૨. જાપ ૧૨ થી ૧૨.૩૦. પ્રાર્થના સ્થળ શ્રી થાણા વર્ધમાન સ્થા. જૈન શ્રાવક સંઘ, તળાવપાળી, થાણા. નિવાસ જય શીતલ, ૩જે માળે, જોષીવાડા, થાણા (વે). લૌકિક વ્યવહાર બંધ છે.

**શ્રી વાગડ વિ.ઓ.જૈન**

ગામ ભચાઉના સ્વ. ધરમશી (ઉં. વ. ૮૮) ગુરૂવાર તા. ૨૭.૧૧.૨૫ના અવસાન પામેલ છે. સ્વ. મોંઘીબેનના પતિ. માતુશ્રી અમૃતબેન ગોવરના સુપુત્ર, સ્વ. હંસરાજ, મનસુખ, નવીન, કલ્પનાના પિતા, ગં.સ્વ. રંજન, ગીતા, ભાવના, નીતીનના સસરા. પ્રતિક, નિકુંજ, મિતેશ,નમ્રતા, વિધી, ઉર્વીના દાદા. સામખીયારી દેવરાજ નારણ છાડવાના જમાઈ. પ્રાર્થના સભા તા.૩૦.૧૧.૨૦૨૫ રવિવાર સવારે ૧૦.૩૦ થી ૧૨ વાગે સ્થળ. યોગી સભા ગૃહ દાદર-ઈસ્ટ, નિવાસ સ્થાન. ૭૫/૮૧ શીતલ સદન, બજાર રોડ સ્ટ્રીટ, બીજે માળે, ફોર્ટ, મુંબઈ-૧.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

અજાબ નિવાસી હાલ મલાડ, દિનેશભાઇ ગોરધનદાસ મીઠાણી (ઉં. વ. ૮૩) તે વસુમતીબેનના પતિ. ભાવિનના પિતાશ્રી. સેજલના સસરા. પ્રવીણભાઈ, ચીમનભાઈ, સુરેશભાઈ, હંસાબેન નવીનભાઈ જસાણીના ભાઈ. સ્વ. મંછાબેન જયંતીલાલ દોશીના જમાઈ. ૨૭/૧૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક વ્યવહાર બંધ છે.

**હરસોલ ૨૭ જ્ઞાતિ જૈન**

હરસોલ નિવાસી, હાલ મલાડ, મૃદુલાબેન ચંદ્રકાંતભાઈ શાહ (ઉં. વ. ૬૮) તે સ્વ. ઢાહીબેન શાંતિલાલ શાહના પુત્રવધૂ. સ્વ. ચંદ્રકાંતભાઈના ધર્મપત્ની. હેમલ-વિજેતા, કોષા-દ્વિતી, કેવાંશ-શ્રુતિ, તત્વ-ક્રિયા, ખુશ્બુ નીરવકુમાર, સ્નેહી-આયુષના માતુશ્રી. પિયરપક્ષે સ્વ. શાંતાબેન ચીમનલાલ શાહ, સ્વ. પ્રકાશભાઈ- અનુબેન, હિતેન્દ્ર-ઇલાબેન, રંજનબેન કનકકુમારના બેન, સ્વ.મનહરભાઈ, ધીરજભાઈ હસમુખભાઈ, સ્વ. નરેશભાઈ, અરુણાબેન ધીરજલાલ, લત્તાબેન મીઠાલાલ, ચેતનાબેન સુનિલકુમાર, સપનાબેન વિકાસકુમાર, કવિતાબેન સંજયકુમાર, સ્વ. કપિલાબેન રસિકલાલ, રસીલાબેન વિજયકુમારના ભાભી. ગુરૂવાર તા. ૨૭/૧૧/૨૫ના અરિહંતશરણ થયેલ છે. માતૃવંદના શનિવાર તા. ૨૯/૧૧/૨૦૨૫ના ૭ થી ૯:૦૦. સ્થળઃ પોદ્દાર હોલ,પોદ્દાર સ્કૂલ, અપર ગોવિંદ નગર મલાડ ઇસ્ટ.

**દશા શ્રીમાળી સ્થા. જૈન.**

સાવરકુંડલા નિવાસી હાલ કાંદિવલી, સ્વ. મંજુલાબેન જયંતિલાલ લાખાણીના પુત્ર રજનીકાંતભાઈ (ઉં. વ. ૭૩) તે સ્વ. અશોકભાઈ લાખાણી, ભરતભાઈ લાખાણી, સ્વ. રંજનબેન મનહરલાલ દામાણી, ભારતીબેન હરેશભાઈ સંઘરાજકા, ગં.સ્વ. તરૂણાબેન વિનોદભાઈ ઝાટકીયા, ઇલાબેન પ્રફુલભાઈ બોટાદરાના ભાઈ, ભાવિકા દીપેશભાઈ બાવિશી, ધરા ધવલભાઈ વોરા, આશિષ ભરતભાઈ લાખાણી, અમર ભરતભાઈ લાખાણીના કાકા. તા. ૩ નવેમ્બર ૨૦૨૫ના અરિહંતશરણ થયેલ છે. પ્રાર્થનાસભા તા. ૬/૧૧/૨૫ના ગુરૂવારે ૩ થી ૫. સ્થળઃ ''પાવનધામ'' મહાવીર નગર, કાંદિવલી વેસ્ટ.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

લાયજાના સ્વ. વેલબાઈ ભીમશી છેડાના સુપુત્રી મંજુલા મોહન સાપળે (ઉં. વ. ૭૬) તા. ૨૬/૧૧/૨૫ના અવસાન પામેલ છે. ગોવાના મોહન સદાશીવ સાપળેના પત્ની. સ્વ. પાર્વતી સદાશીવના પુત્રવધૂ. રાજુલા, જયશ્રી, જયેશના માતુશ્રી. વિજય લક્ષ્મીચંદ, લહેરચંદ માપરના પ્રભા કલ્યાણજી, મેરાઉના ચંદન ખેતશી, બાડાના નિર્મળા વસનજી, રાયણ ના મધુ વસંત, દેવપુરના મનિષા કિરણના બેન. પ્રાર્થના રાખેલ નથી. સરનામું : વિનોદ લાલજી છેડા, બી-૧૧૧, શ્રી અનુપમ કો.ઓ. સોસાયટી, જીજાઈ નગર, સંત નામદેવ પથ-૩, ડોમ્બીવલી (ઈસ્ટ ). ૪૨૧૨૦૧.

કોડાયના નરેન્દ્ર મોરારજી દેઢિયા (ઉં. વ. ૭૦) તા. ૨૭.૧૧.૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી મેઘબાઈ મોરારજી દેરાજના પુત્ર. નિરંજના (નીરૂ) ના પતિ. ડિમ્પલ, સચીનના પિતા. પુષ્પા, શામજી, રમણીક, મનોજના ભાઈ. નાના ભાડિયાના માતુશ્રી જવેરબેન મુલચંદ હિરજીના જમાઈ. પ્રા. શ્રી.વ. સ્થા. શ્રા. જૈ. સંઘ સંચા. કરસન લધુ નિસર હોલ, દાદર (વે). ટા.૪ થી ૫.૩૦. ચક્ષુ અને ત્વચા દાન કરેલ છે. નિ. નરેન્દ્ર દેઢિયા, ૬૦૭, સમાધાન સોસાયટી, પાથર્લી રોડ, ડોંબિવલી (ઈ). ૪૨૧૨૦૧.

કપાયાના ચંચળબેન ખીમજી રાંભીયા (ઉં. વ. ૭૫) તા. ૨૭-૧૧ના ૨૯ ઉપવાસે સંથારો સીજેલ છે. માતુશ્રી પાનબાઇ શીવજી મોણશીના પુત્રવધૂ. ખીમજીના ધર્મપત્ની. હીના જાધવજી, છાયા હસમુખ, નીલેશ, નીતેષના માતુશ્રી. તુંબડીના ભાણબાઇ શીવજી ધનજીના સુપુત્રી. લીં.અ. સંપ્રદાયના આરાધનાબાઇ મહાસતી, પ્રકાશ કાંતીલાલ, તરુણ નીતીનના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. નિલેશ રાંભીયા, ડી/૩, ન્યુ કુમાર એપાર્ટમેન્ટ, આંબાવાડી, નાલાસોપારા (ઇ.)

બિદડાના (દ.ફ.)ના શાંતિલાલ વસનજી પોલડિયા (ઉં. વ.૮૬) તા. ૨૬-૧૧-૨૫ ના અવસાન પામેલ છે. ભાણબાઈ વસનજીના પુત્ર. નિર્મળાના પતિ. કલ્પના, હિના, દિમીના પિતા. જયંતિ, ગિરીશના ભાઈ. મો. આસંબીઆ નેણબાઈ પ્રેમજી દેવજી ગાલાના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ઠે. શાંતીલાલ પોલડીયા, મહમદી હાઉસ, સેન્ટ માર્ટીન રોડ, બી.એમ.સી. ઓફિસની સામે, બાંદ્રા (વે.).

ચુનડીના કલ્યાણજી રતનશી દેઢિયા (ઉં. વ. ૮૭) તા. ૨૭-૧૧-૨૫નાં દેહ પરિવર્તન કરેલ છે. ભાણબાઈ રતનશીના પુત્ર. તારાબેનના પતિ. નિલેશ, સ્વીટી રીંકીના પિતા. શામજી, મનસુખ, મણી, ઝવેર, લક્ષ્મી અને જયવંતીના ભાઈ. રામાણીયા પાનબાઈ લખમશીના જમાઈ. ભાઈચંદ, મીનાના બનેવી. શ્રી વ. સ્થા. જૈ. સંઘ સંચાલીત કરસન લઘુ નીસર હોલ, દાદર (વે.) ટા. ૨ થી ૩.૩૦. ઠે. કલ્યાણજી દેઢિયા, ૩૦૩, ઓમ સહયાદ્રી હાઇટસ, પંતનગર, ઘાટકોપર (ઈ.).

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# મતદાનના દિવસે બીજી ડિસેમ્બરે પેઈડ રજા

મુંબઈઃ મહારાષ્ટ્ર સરકારે વિવિધ સંસ્થાઓ, વ્યવસાયો અને અન્ય કાર્યસ્થળોના કર્મચારીઓ માટે બીજી ડિસેમ્બરે પેઇડ રજા જાહેર કરી છે જેથી તેઓ નગર પરિષદો અને નગર પંચાયતોની ચૂંટણીમાં મતદાન કરી શકે.

શુક્રવારે જારી કરાયેલા સરકારી ઠરાવ (જીઆર) મુજબ, જે જિલ્લાઓમાં મંગળવારે (બીજી ડિસેમ્બર) મતદાન થશે ત્યાંના કર્મચારીઓ તેમના મતાધિકારનો ઉપયોગ કરવા માટે પેઇડ રજા મેળવવા માટે હકદાર છે.

મહારાષ્ટ્રમાં ફેલાયેલી ૨૪૬ નગર પરિષદો અને ૪૨ નગર પંચાયતોની ચૂંટણીઓ લાંબા સમયથી બાકી રહેલી શહેરી અને ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓના પ્રથમ તબક્કામાં યોજાશે.

જીઆરમાં લોકપ્રતિનિધિત્વ અધિનિયમ ૧૯૫૧ની જોગવાઈઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે, જે મતદાનના દિવસે મતદારો માટે ભરપગારી રજા ફરજિયાત બનાવે છે.

રજાનો નિર્દેશ મતદાન વિસ્તારોમાં મતદારો હોય તેવા તમામ કામદારો, કર્મચારીઓ અને અધિકારીઓને લાગુ પડશે, પછી ભલે તેમનું કાર્યસ્થળ મતવિસ્તારની અંદર હોય કે બહાર.

કારખાનાઓ, દુકાનો, હોટલો, વાણિજ્યિક સંસ્થાઓ, આઇટી કંપનીઓ, મોલ અને છૂટક દુકાનો સહિત શ્રમ વિભાગ હેઠળની સંસ્થાઓએ આ નિર્દેશનું પાલન કરવું આવશ્યક છે. જો સંપૂર્ણ દિવસની રજા શક્ય ન હોય તો આવશ્યક અથવા સતત સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓએ બેથી ત્રણ કલાકની ખાસ રજા આપવી આવશ્યક છે, એમ જીઆરમાં જણાવાયું છે.

જીઆરમાં જિલ્લાઓમાં મ્યુનિસિપલ કાઉન્સિલો અને નગર પંચાયતોની વિગતવાર યાદી શામેલ છે જ્યાં બીજી ડિસેમ્બરે મતદાન થશે.

મતદાનના પ્રથમ તબક્કા પછી ૩૩૬ પંચાયત સમિતિઓ, ૩૨ જિલ્લા પરિષદો અને ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં મતદાન થશે, જેમાં મુંબઈનો સમાવેશ થાય છે - જેનું સમયપત્રક રાજ્ય ચૂંટણી પંચ દ્વારા હજુ સુધી જાહેર કરવામાં આવ્યું નથી.

# રાજેશ અગ્રવાલ મહારાષ્ટ્રના નવા મુખ્ય સચિવ

મુંબઈઃ સામાન્ય વહીવટ વિભાગના એડિશનલ ચીફ સેક્રેટરી રાજેશ અગ્રવાલને મહારાષ્ટ્રના નવા ચીફ સેક્રેટરી તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. વર્તમાન ચીફ સેક્રેટરી રાજેશ કુમાર ૩૦ નવેમ્બરે નિવૃત્ત થઈ રહ્યા છે અને રાજેશ અગ્રવાલ ૩૦ નવેમ્બરે તેમના પાસેથી કાર્યભાર સંભાળશે.

૧૯૮૯ બેચના મહારાષ્ટ્ર કેડરના અધિકારી અગ્રવાલ હાલમાં સામાન્ય વહીવટ વિભાગ (જીએડી) માં એડિશનલ ચીફ સેક્રેટરી (વહીવટી નવીનતા, શ્રેષ્ઠતા અને સુશાસન) તરીકે સેવા આપી રહ્યા છે.

અગ્રવાલ રાજ્ય અને કેન્દ્રિય સ્તરે અનેક મુખ્ય હોદ્દા સંભાળી ચૂક્યા છે, જેમાં નાણાં, માહિતી ટેકનોલોજી અને વહીવટી સુધારાઓનો સમાવેશ થાય છે.

રાજેશ અગ્રવાલ આઈએએસના મહારાષ્ટ્ર કેડરના ૧૯૮૯ બેચના અધિકારી છે અને તેમનું વતન પંજાબનું જલંધર છે. તેમણે કમ્પ્યુટર સિસ્ટમ્સમાં બી.ટેક કર્યું છે.

રાજેશ અગ્રવાલે તેમના કાર્યકાળ દરમિયાન સહાયક જિલ્લા કલેક્ટર રત્નાગિરી, જિલ્લા પરિષદ જળગાંવમાં મુખ્ય કાર્યકારી અધિકારી, અકોલામાં જિલ્લા કલેક્ટર, મહારાષ્ટ્ર સદન નવી દિલ્હીમાં નાયબ વિશેષ કમિશનર, કેન્દ્રીય ગ્રામીણ વિકાસ રાજ્યમંત્રીના ખાનગી સચિવ, ભારતના ચૂંટણી કમિશનરમાં ડિરેક્ટર, મંત્રાલય મુંબઈ ખાતે સામાન્ય વહીવટ વિભાગના સચિવ, નવી દિલ્હીમાં ભારતના આંતરિક વિનિમય ખાતે રાષ્ટ્રીય વધારાના મુખ્ય કાર્યકારી અધિકારી, મંત્રાલય મુંબઈ ખાતે કૃષિ અને મત્સ્યઉદ્યોગ વિભાગમાં સચિવ, સામાજિક ન્યાય અને વિશેષ સહાય વિભાગમાં સચિવ (વધારાનો હવાલો), નાણાં વિભાગમાં સચિવ, સામાન્ય વહીવટ વિભાગમાં મુખ્ય સચિવ (માહિતી ટેકનોલોજી), નાણાં વિભાગમાં એકાઉન્ટ્સ અને ટ્રેઝરી વિભાગમાં સચિવ પદનો વધારાનો હવાલો, નાણાં વિભાગમાં સચિવ (ખર્ચ - વધારાનો હવાલો), કેન્દ્ર સરકારના નાણાકીય સેવાઓ વિભાગમાં સંયુક્ત સચિવ, કેન્દ્ર સરકારના આદિજાતિ વિકાસ વિભાગમાં સંયુક્ત સચિવ, કેન્દ્ર સરકારના કૌશલ્ય વિકાસ વિભાગના મહાનિર્દેશક (તાલીમ), પેટ્રોલિયમ અને કુદરતી ગેસ વિભાગમાં વધારાના સચિવ અને નાણાકીય સલાહકાર, કૌશલ્ય વિકાસ વિભાગમાં સચિવ જેવા વિવિધ પદો પર કામ કર્યું છે.

# કુર્લાની ચાલમાં દુકાનો અને ઘરોમાં લાગી આગઃ જાનહાનિ નહીં



મુંબઈઃ કુર્લા વિસ્તારમાં આવેલી ચાલમાં ભોંયતળિયે દુકાનો તેમ જ ઘરોમાં રાતે આગ લાગી હતી, એમ અગ્નિશમન દળના અધિકારીએ જણાવ્યું હતું.

કુર્લા પૂર્વના કિસ્મતનગરમાં ત્રણ માળની ખલીલ શેખ ચાલમાં ભોંયતળિયે ગુરુવારે રાતના ૧૧ વાગ્યાની આસપાસ આગ લાગી હતી.

આગની જાણ થતાં અગ્નિશમન દળના જવાનો ફાયર એન્જિન અને વોટર ટેન્કર સાથે તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને પાણીનો મારો ચલાવી આગને બુઝાવવાનું શરૂ કર્યું હતું. લેવલ-૩ જાહેર કરાયેલી આગ પર મોડી રાતે ૨.૩૦ વાગ્યાની આસપાસ કાબૂ મેળવવામાં જવાનોને સફળતા મળી હતી.

ભોંયતળિયે આવેલી પચીસથી ૩૦ નાની દુકાનો અને ત્રણ ઘરમાં લાગેલી આગ ઇલેક્ટ્રિક વાયરિંગ અને ઉપકરણો, ભંગારનો સામાન, લાકડા અને ધાતુના ફર્નિચર સુધી મર્યાદિત હતી. આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ જાણી શકાયું નહોતું. (પીટીઆઇ)

# થાણેમાં રખડતા શ્વાનો કેમ ગાયબ થઈ રહ્યા છે?

## પાલિકાને ફરિયાદ મળતા તપાસ હાથ ધરાઇ

થાણે : થાણેમાં રખડતા શ્વાનોના અવયવો ચોરનારી ટોળકી સક્રિય હોવાની ફરિયાદો આવી રહી છે. તેને ધ્યાનમાં રાખીને થાણેના સાંસદ નરેશ મ્હસકેએ ગાયબ થઇ રહેલા રખડતા શ્વાનો બાબત તપાસ કરવાનો આદેશ આપ્યો છે. આ શ્વાનોને થાણેથી દેવનાર લઇ જવાતા હોવાનું કહેવાય છે.

થાણે મહાપાલિકાના આરોગ્ય વિભાગ દ્વારા થાણે પેટ કેર સોફ્ટવેરનું ડિજિટલ અનાવરણ કરતી વખતે મ્હસકેએ આ મુદ્દો ઉઠાવ્યો હતો. તેમણે જણાવ્યું હતું કે થાણેના કેટલાક પ્રાણી પ્રેમીઓએ એવી ફરિયાદ કરી છે કે તેમના વિસ્તારના રખડતા કુતરાઓ અચાનક ગાયબ થઇ રહ્યા છે. આ સાચું કે નહીં તે ખબર નથી, પરંતુ કેટલીક ખાનગી સંસ્થાઓ અને ખાનગી હોસ્પિટલો કુતરાઓ અને અન્ય ભટકતા પ્રાણીઓનું ખસીકરણ કરવા તેમને લઇ જાય છે. તેમને દેવનાર ખાતે પાંચ થી દસ દિવસ રાખવામાં આવે છે.

દેવનાર લઇ જવાયેલા કેટલાક કુતરાઓ પાછા લાવવામાં આવતા નથી. કેટલીક ટોળકીઓ અવયવ પ્રત્યાર્પણનું કામ કરતી હોવાની અને તેમાં ઉત્તર ભારતીયો સામેલ હોવાની શંકા તેમણે વ્યક્ત કરી હતી. મારી પાસે આ બાબતે ફરિયાદ આવી હોવાથી મેં મહાપલિકાનું આ બાબતે ધ્યાન દોરીને પશુ ચિકિત્સા વિભાગના અધિકારીઓ પાસે તેનો જવાબ માંગ્યો છે, એમ તેમણે જણાવ્યું હતું.

**બીએમસી અને એસઆરએનો વિચિત્ર કારભાર**

# એક આખી સ્કૂલના બદલામાં મળ્યો વન રૂમ કિચનનો ફ્લેટ

મુંબઈઃ શિવડીની એક ઝૂંપડપટ્ટી પુનર્વિકાસ પ્રોજેક્ટમાં બીએમસી અને એસઆરએનો અંધેર નગરી જેવો કારભાર પ્રકાશમાં આવ્યો છે. શિવડીમાં એક બીએમસી પ્રાથમિક શાળાને ઝૂંપડપટ્ટીના પુનર્વિકાસ પહેલના ભાગ રૂપે તોડી પાડવામાં આવી હતી. પ્રોજેક્ટ પૂર્ણ થયા સુધીમાં નવી શાળા બનાવવામાં આવી નહોતી, એટલુંજ નહીં, પરંતુ તેના ૨૫૦ વિદ્યાર્થીઓને એક રૂમ-રસોડા જેટલી જગ્યા ફાળવવામાં આવી હતી!

શિવડીમાં ટીબી હોસ્પિટલની સામે આર. એ. કિડવાઈ માર્ગ પર સ્થિત પુનર્વિકાસ સ્થળનું બાંધકામ ૨૦૦૯ માં શરૂ થયું હોવાનું કહેવાય છે. ૨૦૧૩માં આ શાળા તોડી પાડવામાં આવી હતી, અને ત્યારબાદ ૨૫૦ વિદ્યાર્થીઓનું સંચાલન નજીકના એક રૂમ રસોડામાં ખસેડવામાં આવ્યું હતું, જેમાં કોઈ મૂળભૂત સુવિધાઓ નહોતી. પરિણામે વિદ્યાર્થીઓની સંખ્યામાં દર વર્ષે તીવ્ર ઘટાડો થતો ગયો, ૨૦૧૯માં ૨૫૦ વિદ્યાર્થીઓમાંથી ઘટીને માત્ર નવ વિદ્યાર્થીઓ થઈ ગયા હતા. કોરોના પછી, સંબંધિત બિલ્ડર શાળા સંપૂર્ણપણે બંધ થઈ ગઈ. સમીક્ષા કરાયેલા દસ્તાવેજો અનુસાર, વન રૂમ-રસોડું પણ સત્તાવાર રીતે બીએમસી શિક્ષણ વિભાગની માલિકીનું નહોતું.

બોરીવલીના વિધાનસભ્ય સંજય ઉપાધ્યાયે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખીને અલ્પરટન ડેવલપર્સ એન્ડ કોન્ટ્રાક્ટર્સ સ્લમ રિહેબિલિટેશન ઓથોરિટી (એસઆરએ) ના અધિકારીઓ અને બીએમસી સ્ટાફ સામે ફોજદારી કાર્યવાહી કરવાની માગણી કરી છે.

ડિસેમ્બર ૨૦૧૬માં બીએમસી શિક્ષણ સમિતિની બેઠકમાં આ મુદ્દો ઉઠાવનારા ભૂતપૂર્વ કોર્પોરેટર અને બીએમસી શિક્ષણ સમિતિના સભ્ય શિવનાથ દરાડેએ જણાવ્યું હતું કે, સુવિધાઓના અભાવ અંગે કંઈ જ કરવામાં આવ્યું નહોતું, પરંતુ બિલ્ડરને પાછળથી એપાર્ટમેન્ટનું વેચાણ કરવાની મંજૂરી પણ આપવામાં આવી હતી, પણ કોઈ શાળા બનાવીને બીએમસીને સોંપવામાં આવી નહોતી.

# કાંદિવલીમાં ચોથી ડિસેમ્બરે પાણી પુરવઠો બંધ

મુંબઈઃ આર દક્ષિણ વિભાગના કાંદિવલી (પૂર્વ) વિસ્તારમાં ૪ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૧.૩૦ વાગ્યાથી પાંચ ડિસેમ્બર ના રોજ સવારે ૭.૩૦ વાગ્યા સુધી પાણીની પાઈપલાઈનને જોડવાનું અને જૂની પાણીની પાઈપલાઈનને ડિસ્કનેક્ટ કરવાનું કામ હાથ ધરવાનું હોવાથી આ સમય દરમિયાન આર દક્ષિણ વિભાગના ઠાકુર વિલેજ, સમતા નગર, ચીખલવાડી અને જાનુપાડા વિસ્તારોમાં પાણી પુરવઠો ૪ ડિસેમ્બરના રોજ સંપૂર્ણપણે બંધ રહેશે. કાંદિવલી (પૂર્વ) ખાતે વેસ્ટર્ન એક્સપ્રેસ હાઇવે પર ૯૦૦ મીમી વ્યાસની પાણીની પાઇપને હાલના ૯૦૦ મીમી વ્યાસની પાણીની પાઇપ સાથે જોડવાનું કામ પ્રસ્તાવિત છે.

ઉપરાંત કાંદિવલી (પૂર્વ) ખાતે ઠાકુર કોમ્પ્લેક્સ વિસ્તારમાં જૂની ૯૦૦ મીમી વ્યાસની પાણીની પાઇપને ડિસ્કનેક્ટ કરવાનું કામ પણ આયોજન છે. આ બંને કામો ચોથી અને પાંચ ડિસેમ્બરના હાથ ધરાશે.

નાગરિકોને સાવચેતીના પગલા તરીકે પૂરતું પાણી સંગ્રહ કરવા, પાણીનો કરકસરથી ઉપયોગ કરવા અને બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન વહીવટીતંત્રને સહકાર આપવા વિનંતી કરવામાં આવી છે.

# રેલવે પ્રવાસીઓને રડાવશે ૧૮ કલાકનો બ્લોક

## એલ્ફિન્સ્ટન બ્રિજના ડિમોલિશન માટે આઠ બ્લોકને મંજૂરી

મુંબઈઃ મધ્ય રેલવે પર ૧૮ કલાકનો મોટો બ્લોક લાદવામાં આવશે, જેના કારણે મુસાફરોને મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. એલ્ફિન્સ્ટન બ્રિજના ડિમોલિશનની પ્રક્રિયા છેલ્લા ઘણા દિવસોથી ચાલી રહી હોવા છતાં, રેલવે ટ્રેક પરના લોખંડના ફ્રેમને દૂર કરવાનું કામ બાકી છે. હવે, આ કામ ઝડપથી પૂર્ણ કરવા માટે, મધ્ય રેલવેએ કુલ આઠ બ્લોક પૂરા પાડવાની તૈયારી દર્શાવી છે.

વરલી-શિવડી એલિવેટેડ લાઇન માટે ૧૨૫ વર્ષ જૂનો બ્રિટીશ યુગનો એલ્ફિન્સ્ટન બ્રિજ દૂર કરવાની જરૂર છે. જોકે પુલનો પૂર્વ-પશ્ચિમ ભાગ પહેલાથી જ તોડી પાડવામાં આવ્યો છે, પરંતુ છેલ્લા મહિનાથી રેલવે લાઇન પરનું માળખું દૂર કરવામાં આવ્યું નથી. નવેમ્બરની શરૂઆતમાં મહારેલે વિશાળ ક્રેન દ્વારા તોડી પાડવાની તૈયારી કરી હતી, પરંતુ બ્લોક ન મળવાના કારણે કામ થયું નહોતું. હવે મહારેલ અને મધ્ય રેલવે વચ્ચે ઉચ્ચ સ્તરીય ચર્ચાઓ પછી, મધ્ય રેલવે કુલ આઠ બ્લોકને મંજૂરી આપવા સંમત થયું છે.

૧ બ્લોકઃ સતત ૧૮ કલાક

૭ બ્લોકઃ રાત્રે ૧૨ થી ૩ ની વચ્ચે ૨ કલાક

મધ્ય રેલવે ટૂંક સમયમાં આ બ્લોક માટે ચોક્કસ સમયપત્રક જાહેર કરશે અને મુસાફરોને અગાઉથી જાણ કરવામાં આવશે. આ બ્લોકને કારણે લોકલ તેમજ મેલ-એક્સપ્રેસ ટ્રેનોની સેવાઓને અસર થશે. મુસાફરોને અસુવિધા ન થાય તે માટે બ્લોકનું કાળજીપૂર્વક આયોજન કરવામાં આવશે. મધ્ય રેલવેનો પ્રસ્તાવ રેલવે બોર્ડને મોકલવામાં આવશે અને અંતિમ મંજૂરી પછી જ તોડકામ શરૂ થશે. મંજૂરી મળતા તોડકામ શરૂ કરવામાં હજી ઓછામાં ઓછા ૧૫-૨૦ દિવસનો સમય લાગવાની શક્યતા છે. આ કારણે, સ્થળ પર નિષ્ક્રિય ઉભી રહેલી લાખો રૂપિયાની વિશાળ ક્રેન ભાડે રાખવાનો બોજ 'મહારેલ' પર વધી રહ્યો છે.

# જન્મ - મૃત્યુના નકલી સર્ટિફિકેટો સામે કડક કાર્યવાહી હાથ ધરવાનો આદેશ

મુંબઈઃ રાજ્યના મહેસૂલ વિભાગે રાજ્યભરમાં પાલિકાઓ દ્વારા કથિત રીતે જારી કરવામાં આવેલા નકલી જન્મ અને મૃત્યુ સર્ટિફિકેટ સામે મોટા પાયે કાર્યવાહી શરૂ કરી છે.મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ અધિકારીઓને માત્ર આધાર કાર્ડના આધારે જારી કરાયેલા તમામ શંકાસ્પદ પ્રમાણપત્રોને તાત્કાલિક રદ કરવા અને વિલંબ કર્યા વિના પોલીસ ફરિયાદ નોંધાવવા નિર્દેશ ગુરુવારે આપ્યો હતો. સરકારી લાભો હડપવા, જમીન પર અતિક્રમણ કરવા અને રાષ્ટ્રીય સુરક્ષાને જોખમમાં મૂકવા માટે નકલી જન્મ અને મૃત્યુ સર્ટિફિકેટના દુરુપયોગ કરવામાં આવી રહ્યો છે. આ ગેરરીતિ ચલાવી લેવામાં નહીં આવે. સંડોવાયેલા લોકો સામે કડક પગલાં ભરવામાં આવશે એમ બાવનકુળેએ જણાવ્યું હતું.

ભારતીય જનતા પાર્ટી (ભાજપ)ના કેટલાક સભ્યો દ્વારા રાજ્યમાં ગેરકાયદેસર રીતે રહેતા બાંગ્લાદેશી નાગરિકોને નિશાન બનાવતી ઝુંબેશના પગલે આ કાર્યવાહી કરવામાં આવી છે. આવી ગેરરીતિઓ બદલ બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી)ના બે કર્મચારીઓને તાજેતરમાં સસ્પેન્ડ કરવામાં આવ્યા હતા.

મહેસૂલ વિભાગે હવે તમામ તહસીલદારો, પેટા વિભાગીય અધિકારીઓ, જિલ્લા કલેક્ટરો અને વિભાગીય કમિશનરોને ૧૬ મુદ્દાની વ્યાપક ચકાસણી માર્ગદર્શિકા જારી કરી છે. ગૃહ અને મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવોની અધ્યક્ષતામાં ઉચ્ચ સ્તરીય બેઠક બાદ જારી કરવામાં આવેલા પરિપત્રમાં સ્પષ્ટ કહેવામાં આવ્યું છે કે કેન્દ્ર સરકારના નિયમો અનુસાર આધાર કાર્ડને જન્મ તારીખ અથવા જન્મસ્થળના એકમાત્ર પુરાવા તરીકે સ્વીકારી શકાશે નહીં.

નવા નિર્દેશમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે ફક્ત આધાર કાર્ડના આધારે જારી કરાયેલા કોઈપણ સર્ટિફિકેટને ખામીયુક્ત ગણી રદ કરવું જોઈએ. આધાર કાર્ડ પરની અરજીની વિગતો અને જન્મ તારીખ વચ્ચેની કોઈપણ અસમાનતા અરજદાર વિરુદ્ધ તાત્કાલિક એફઆઈઆર નોંધવી જોઈએ.

**ઓબીસી અનામતનો ચુકાદો મુલતવી**

# સત્તાધારી પક્ષોમાં અસ્વસ્થતાઃ વિપક્ષનો આશાવાદ

મુંબઈઃ ઓબીસીની અનામત અંગે સુપ્રીમ કોર્ટે ફરી એકવખત આકરું વલણ અપનાવતા મહારાષ્ટ્રની સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણી લાંબા વિલંબ પછી યોજાઈ રહી હોવા છતાં તેમાં સત્તાધારી પક્ષોની સમસ્યા અને વિપક્ષોનો આશાવાદ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાની ચૂંટણીના પ્રથમ તબક્કામાં જે ૨૮૮ સંસ્થાની ચૂંટણી થવાની છે તેમાં સત્તાધારી મહાયુતિમાં ભાજપ-શિવસેના વચ્ચેની ખેંચતાણ અને સ્થાનિક સ્વરાજ્ય સંસ્થામાં ઓબીસીને મુદ્દે લટકતી તલવાર મુખ્ય મુદ્દા બની રહે એવી શક્યતા છે.

૨૪૬ મ્યુનિસિપલ કાઉન્સિલો અને ૪૨ નગર પંચાયતોની ચૂંટણીઓ બીજી ડિસેમ્બરના રોજ યોજાવાની છે.

સૌથી મહત્વપૂર્ણ તાત્કાલિક અનિશ્ચિતતા સુપ્રીમ કોર્ટ દ્વારા ઉદ્ભવી છે, જેણે પચીસ નવેમ્બરે સ્પષ્ટ કર્યું હતું કે ૫૭ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના અંતિમ પરિણામો (પ્રથમ તબક્કામાં), જ્યાં ક્વોટા પર ૫૦ ટકા મર્યાદાનો ભંગ કરવામાં આવ્યો છે, તે ઓબીસી અનામત મુદ્દા પરના તેના અંતિમ ચુકાદાને આધીન રહેશે.

કોર્ટે અગાઉ ચેતવણી આપી હતી કે જો ક્વોટા મર્યાદાનો ભંગ કરવામાં આવશે તો ચૂંટણીઓ રદ થઈ શકે છે. રાજ્ય ચૂંટણી પંચે પુષ્ટિ આપી છે કે ૫૭ સૂચિત સંસ્થાઓમાં ૫૦ ટકા અનામત મર્યાદા ઓળંગાઈ ગઈ છે.

શિંદેએ દહાણુમાં એક રેલીને સંબોધિત કરતા કહ્યું કે ઘમંડ રાવણના પતનનું કારણ બન્યું અને રાવણની લંકાને તેના ઘમંડને કારણે આગ લાગી અને તે ખતમ થઈ ગઈ હતી.

રાજકીય નિરીક્ષકોએ આ ટિપ્પણીઓને ભાજપ પર છુપી ટીકા ગણાવી કારણ કે શિવસેનાના મંત્રીઓ દ્વારા કેબિનેટ બેઠક અવગણ્યા પછી આ પહેલી હતી.

અન્યત્ર એક રેલીને સંબોધતા ફડણવીસે કહ્યું હતું કે, 'અમે ભગવાન રામના અનુયાયીઓ છીએ, અને અમે લંકામાં રહેતા નથી.'

બુધવારે, શિવસેનાના ધારાસભ્ય નીલેશ રાણેએ આરોપ લગાવ્યો કે બે સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓની ચૂંટણીઓ પહેલા સિંધુદુર્ગ જિલ્લાના માલવણ ખાતે ભાજપના કાર્યકરના ઘરે મતદારોને વિતરણ કરવા માટે રોકડા મળી આવ્યા હતા.

મહારાષ્ટ્રના મહેસૂલ મંત્રી ચંદ્રશેખર બાવનકુળેએ મતદારોના વિતરણ માટે કથિત રોકડ રકમ જપ્ત કરવામાં જો કોઈ ગેરરીતિ જોવા મળે તો કડક કાનૂની કાર્યવાહી કરવાની હાકલ કરી હતી, પરંતુ નિલેશ રાણેના કાર્યકરના ઘરમાં, જેમાં બેડરૂમનો પણ સમાવેશ થાય છે, ઘૂસીને 'સ્ટિંગ ઓપરેશન' અંગે સવાલ ઉઠાવ્યા હતા.

પ્રદેશ ભાજપ પ્રમુખ રવીન્દ્ર ચવ્હાણે કહ્યું કે તેઓ રાણેના આરોપોનો જવાબ આપશે, પરંતુ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પહેલા તબક્કા સુધી ગઠબંધનને બચાવવા પર ભાર મૂક્યો હતો.

હિંગોલીના ભાજપના વિધાનસભ્ય તાનાજી મુટકુલે પણ સાથી પક્ષ શિવસેનાના વિધાનસભ્ય સંતોષ બાંગર સાથે કડવા શાબ્દિક યુદ્ધમાં વ્યસ્ત છે.

મતદાર યાદીઓમાં કથિત વિસંગતતાઓ અંગે પણ ચિંતા વ્યક્ત કરનારા વિપક્ષી એમવીએના નેતાઓ આશા રાખી રહ્યા છે કે મહાયુતિની 'મૈત્રીપૂર્ણ લડાઈઓ'ના પરિણામે શાસક પક્ષોના મતોનું વિભાજન કરશે અને તેમના ઉમેદવારોને સાંકડી જીત મેળવવા દેશે.

પરંતુ રાજ ઠાકરેની આગેવાની હેઠળની મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે) ના સમાવેશ અંગે એમવીએના સાથી પક્ષો એક જ ધુરી પર નથી. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની સેના (યુબીટી) મનસેને સાથે રાખવા માંગે છે, પરંતુ કોંગ્રેસમાં આ મુદ્દા પર વિભાજન જોવા મળી રહ્યું છે.

# હવે રેલવેની પેન્ટ્રી કારના સ્ટાફને ઓળખ કાર્ડ અને ક્યુઆર કોડવાળો યુનિફોર્મ

## પ્રવાસીઓને ખાદ્ય પદાર્થો માટે સાચી રકમનું મેનુ અને ડિજિટલ ચુકવણીની સુવિધા મળશે

મુંબઈઃ લાંબા અંતરની ટ્રેનોમાં ફેરિયાઓ દ્વારા વધુ કિંમત વસૂલવાની ફરિયાદોને ધ્યાનમાં રાખીને ભારતીય રેલવે કેટરિંગ અને ટુરિઝમ કોર્પોરેશને (આઈઆરસીટીસી) તેના સ્ટાફને નવા યુનિફોર્મ આપવાનું નક્કી કર્યું છે. યુનિફોર્મમાં મેનુ અને સત્તાવાર દર દર્શાવતો ક્યુઆર કોડ અને મુસાફરો માટે ફરિયાદ કરવા માટે એક હેલ્પલાઇન નંબર હશે. આ સિસ્ટમ ક્રિસમસ-નવા વર્ષના વેકેશનના સમયગાળા સુધીમાં કાર્યરત થઈ જશે.

વંદે ભારત અને રાજધાની જેવી પ્રીમિયર ટ્રેનોના કર્મચારીઓને નેવી બ્લુ જેકેટ મળશે, જ્યારે અન્ય ટ્રેનોના કર્મચારીઓને આછા વાદળી રંગના ટી-શર્ટ આપવામાં આવશે. આઈઆરસીટીસી ક્યુઆર કોડ ધરાવતા આઈકાર્ડ પણ આપવાનું શરૂ કરશે, જે કર્મચારીઓએ લાંબા અંતરની ટ્રેનોમાં કામ કરતી વખતે પહેરવા પડશે. કાર્ડની એક બાજુ ખાદ્ય પદાર્થના સત્તાવાર દરો સાથે મેનુ હશે, જ્યારે બીજી બાજુ મુસાફરોને ડિજિટલ ચુકવણી કરવાની સુવિધા મળશે. આનાથી રોકડ વ્યવહારો ઓછા થશે અને વધુ પડતા ચાર્જ અને બિનજરૂરી દલીલોની શક્યતા ઓછી થશે.

આઈઆરસીટીસીના ગ્રુપ જનરલ મેનેજર (પશ્ચિમ ઝોન) ગૌરવ ઝાએ જણાવ્યું હતું કે, આ યુનિફોર્મ બનાવવામાં આવી રહ્યા છે અને વર્ષના અંત સુધી તૈયાર થઈ જશે. આઈઆરસીટીસી આ માટે મધ્ય અને પશ્ચિમ રેલવે અધિકારીઓ સાથે પહેલેથી જ વાતચીત કરી રહી છે અને સૌપ્રથમ મુંબઈથી શરૂ થતી ટ્રેનોમાં આ સુવિધાઓ હશે.

આઈઆરસીટીસી અધિકારીઓના જણાવ્યા અનુસાર, એકલા પશ્ચિમ ઝોનમાં દરરોજ સરેરાશ ૧૦૦ થી ૧૨૦ ફરિયાદો મળે છે, જેમાંથી ૩૫ ટકા થી ૪૦ ટકા ફરિયાદો બોટલબંધ પાણી માટે અથવા ખાનગી કોન્ટ્રાક્ટરો દ્વારા સંચાલિત પેન્ટ્રી દ્વારા પીરસવામાં આવતા ખોરાક માટે વધુ પડતા દરો અંગે હોય છે. મોટાભાગની ફરિયાદો ઉત્તર પ્રદેશ અને બિહાર જતી ટ્રેનો માંથી આવે છે.

# મુંબઈ-પુણે એક્સપ્રેસ-વેને દસ લેનનો બનાવાશે

પુણેઃ મુંબઈ અને પુણેને જોડતા મુંબઈ-પુણે એક્સપ્રેસવેને હવે દસ લેનનો બનાવવાનો પ્લાન છે. મહારાષ્ટ્ર રાજ્ય માર્ગ વિકાસ નિગમ (એમએસઆરડીસી) દ્વારા દસ લેનના મહત્વાકાંક્ષી પ્રસ્તાવને આખરે રાજ્ય સરકારને વહીવટી મંજૂરી માટે મોકલવામાં આવ્યો છે. આ સમગ્ર પ્રોજેક્ટનો ખર્ચ ૧૬,૦૦૦ કરોડ રૂપિયા થવાનો અંદાજ છે.આ એક્સપ્રેસવે પર સતત થતા ટ્રાફિક જામને સંપૂર્ણપણે દૂર કરવા અને ભવિષ્યમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજનના વધતા વિકાસ તેમજ ઇલેક્ટ્રિક વાહનોની વધતી સંખ્યાને ધ્યાનમાં રાખીને, એમએસઆરડીસી દ્વારા આ નિર્ણાયક ફેરફાર કરવામાં આવ્યો છે.

# મેટ્રો-૪ના વિક્રોલી મેટ્રો સ્ટેશનને કાંજુરમાર્ગ રેલવે સ્ટેશન સાથે જોડાશે

મુંબઈઃ મુંબઈ મેટ્રોપોલિટન રિજન ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ) એ રેલવે અને મેટ્રો સ્ટેશનોને એકબીજા સાથે જોડવાનો નિર્ણય લીધો છે, જેથી મુસાફરોને મેટ્રો સ્ટેશનથી સીધા રેલવે સ્ટેશન અથવા રેલવે સ્ટેશનથી સીધા મેટ્રો સ્ટેશન પર પહોંચીને તેમના ગંતવ્ય સ્થાને પહોંચવામાં સરળતા રહે. તે મુજબ, 'વડાલા - થાણે - કાસારવડવલી મેટ્રો-૪ રૂટ પર વિક્રોલી મેટ્રો સ્ટેશનને કાંજુરમાર્ગ રેલવે સ્ટેશન સાથે ફૂટઓવર બ્રિજ દ્વારા જોડવામાં આવશે. આ પુલના નિર્માણમાં લગભગ ૯૩ કરોડ રૂપિયાનો ખર્ચ થવાની ધારણા છે અને એમએમઆરડીએ એ તાજેતરમાં કોન્ટ્રાક્ટરની નિમણૂક માટે ટેન્ડર બહાર પાડ્યું છે.મેટ્રો મુસાફરોને તેમના ઇચ્છિત ગંતવ્ય સ્થાન સુધી પહોંચવામાં અને રેલવે અને મેટ્રોને જોડવામાં સરળતા રહે તે માટે એમએમઆરડીએ પ્રયાસ કરી રહ્યું છે. તે મુજબ, ભવિષ્યમાં ઘણા મેટ્રો સ્ટેશનોને રેલવે સ્ટેશનો સાથે જોડવામાં આવશે.

# ડેટિંગ ઍપના માધ્યમથી મળવા બોલાવી યુવાનોને લૂંટનારી બે મહિલા પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ ડેટિંગ ઍપના માધ્યમથી ઓળખાણ કરીને લોજમાં મળવા બોલાવ્યા પછી યુવાનોને બેભાન કરી લૂંટ ચલાવનારી બે મહિલાને કાશીમીરા અને માંડવી પોલીસે જૉઈન્ટ ઑપરેશન હાથ ધરી પકડી પાડી હતી.ધરપકડ કરાયેલી બન્ને મહિલાની ઓળખ બિમલા દેવી (૨૮) અને રૂથ નાયડુ (૩૦) તરીકે થઈ હતી. બન્ને મલાડના માલવણી વિસ્તારમાં રહેતી હોવાનું પોલીસે જણાવ્યું હતું. આરોપીઓ પાસેથી બે સોનાની ચેન, ઘડિયાળો, પંદરથી વધુ મોબાઈલ ફોન અને રોકડ હસ્તગત કરાઈ હતી.પોલીસના જણાવ્યા મુજબ આરોપી મહિલાઓ ડેટિંગ ઍપના માધ્યમથી યુવાનોનો સંપર્ક સાધતી હતી. બાદમાં તેમને મીરા રોડથી વિરાર વચ્ચેની કોઈ પણ લોજમાં બોલાવતી હતી. સુંવાળા સહવાસની લાલચમાં આવેલા યુવાનને લોજની રૂમમાં ફૂડ અને કોલ્ડ ડ્રિન્ક અપાતું હતું, જેમાં ઊંઘની ગોળી ભેળવી દેવામાં આવતી હતી. યુવાન બેભાન થઈ જાય પછી તેણે પહેરેલા સોનાના દાગીના, મોબાઈલ ફોન, સ્માર્ટ વૉચ અને રોકડ ચોરી મહિલા ફરાર થઈ જતી હતી.

આ જ રીતે લૂંટાયેલા વિરારમાં રહેતા ૩૧ વર્ષના યુવાને ૨૩ નવેમ્બરે માંડવી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીને વિરારની લોજમાં બોલાવવામાં આવ્યો હતો. તેને બેભાન કરી મહિલાઓ બે તોલા સોનાની ચેન, મોબાઈલ ફોન અને સ્માર્ટ વૉચ ચોરી ફરાર થઈ ગઈ હતી.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે આવી જ રીતે લૂંટની ફરિયાદ કાશીમીરા પોલીસ સ્ટેશનમાં પણ નોંધાઈ હતી. મહિલાઓ પોલીસથી બચવા દરેક લૂંટ બાદ ડેટિંગ ઍપ પરનો પોતાનો પ્રોફાઈલ ડિલિટ કરી નાખતી હતી. વળી, જે લોજમાં રૂમ બૂક કરતી ત્યાં અસ્પષ્ટ આઈડી કાર્ડ અને ખોટો મોબાઈલ નંબર નોંધાવતી હતી. બન્ને જણ હંમેશાં તેનો ચહેરો ઓઢણીથી ઢાંકી રાખતી હતી, જેથી લોજના સીસીટીવી કૅમેરામાં ઝડપાઈ ન જાય. એ સિવાય ડિજિટલ પેમેન્ટ ક્યારેય સ્વીકારતી નહીં, એમ અધિકારીએ જણાવ્યું હતું.

# ગૌતમ ગંભીરને કારણે રોહિત, કોહલી, અશ્વિને વહેલી નિવૃત્તિ લીધી?: જાણો, સુનીલ ગાવસકર શું કહે છે







નવી દિલ્હીઃ હેડ-કોચ ગૌતમ ગંભીરના શાસનમાં ટીમ ઇન્ડિયામાં જે પરિવર્તન થઈ રહ્યું છે એનો ભોગ રોહિત શર્મા, વિરાટ કોહલી અને રવિચન્દ્રન અશ્વિન બન્યા છે અને ગંભીરને કારણે જ આ ત્રણેય દિગ્ગજોએ વહેલી નિવૃત્તિ લઈ લેવી પડી છે એવું કેટલાક ટીકાકારો કહે છે, પરંતુ ક્રિકેટ-લેજન્ડ સુનીલ ગાવસકરનું કહેવું છે કે આ આક્ષેપ સાવ ખોટો છે.

ભારતીય ટેસ્ટ ટીમનું હાલમાં જે પતન થઈ રહ્યું છે એ માટે ગૌતમ ગંભીર જવાબદાર છે એવા આક્ષેપને પણ ગાવસકરે ફગાવી દીધો છે. ઉલ્લેખનીય છે કે ભારત ઘરઆંગણે ગંભીરના કોચિંગમાં છેલ્લી ત્રણમાંથી બે ટેસ્ટ સિરીઝ હારી ગયું છે. ગયા વર્ષે નવેમ્બરમાં ન્યૂ ઝીલૅન્ડ સામે ૦-૩થી વાઇટવૉશ થયા બાદ આ વર્ષે ઑક્ટોબરમાં વેસ્ટ ઇન્ડિઝ સામે ભારતે ૨-૦થી ક્લીન સ્વીપ કરી હતી, પણ સાઉથ આફ્રિકા સામે ભારતનો ૦-૨થી વાઇટવૉશ થયો છે. ગુવાહાટીની બીજી ટેસ્ટમાં ભારતનો ૪૦૮ રનના તોતિંગ માર્જિનથી પરાજય થયો હતો અને એ સાથે સૌથી વધુ રનના તફાવતથી હારવામાં ભારતે પોતાનો નવો અનિચ્છનીય વિક્રમ નોંધાવ્યો છે. અગાઉ ૩૪૨ રનનો વિક્રમ હતો. ૨૦૦૪માં નાગપુરમાં ઑસ્ટ્રેલિયા સામે ભારત ૩૪૨ રનથી હાર્યું હતું.

સુનીલ ગાવસકરે ગૌતમ ગંભીર સહિત સમગ્ર ટીમ-મૅનેજમેન્ટનો બચાવ કર્યો છે. કેટલાક લોકો અને ટીકાકારોનું એવું માનવું છે કે ટીમમાં પરિવર્તન લાવવામાં ઉતાવળ થઈ રહી છે. દિગ્ગજો (અનુભવીઓ) વગર જો કોઈ સિરીઝ (ખાસ કરીને ટેસ્ટ સિરીઝ) રમવામાં આવે તો ભાગ્યે જ એમાં સફળતા મળે. તેમના વગર નિષ્ફળતા જ જોવા મળે અને સાઉથ આફ્રિકા સામેની ૦-૨ની હાર એનું લેટેસ્ટ ઉદાહરણ છે.

### દિગ્ગજોની હાજરીમાં કિવીઓ સામે હારેલા

ગાવસકર કહે છે, 'જો રોહિત, કોહલી અને અશ્વિન આ સિરીઝમાં હોત તો થોડો ફરક પડ્યો હોત. જોકે આ ત્રણેયે પોતાની જાતે જ ટેસ્ટમાંથી નિવૃત્તિ લીધી હતી. ટીમ મૅનેજમેન્ટનું તેમના પર કોઈ પ્રેશર નહોતું. હા, એટલું હશે કે તેમને તેમના ભાવિ વિશે સમીક્ષા કરવાનું જરૂર કહેવામાં આવ્યું હશે. તેઓ આ સિરીઝમાં રમ્યા હોત તો આપણે જીત્યા જ હોત એવું આપણે ખાતરીથી ન કહી શકીએ. ગયા વર્ષે ન્યૂ ઝીલૅન્ડ સામેની ઘરઆંગણાની સિરીઝમાં તેઓ રમ્યા જ હતા છતાં આપણે ૦-૩થી હારી ગયા હતા. ત્યાર પછી ઑસ્ટ્રેલિયામાં શું થયું હતું, યાદ છેને! આપણે ૧-૩થી હારી ગયા હતા. એટલે મારું કહેવું એ છે કે આ ત્રણેય ખેલાડી ટીમમાં હોત તો આપણે સાઉથ આફ્રિકા સામે જીત્યા જ હોત એવું કહી ન શકાય. ત્રણેયને રિટાયરમેન્ટ લઈ લેવા દબાણ થયું હતું એવું પણ ન કહેવું જોઈએ.'

### હવે ભારતની ટેસ્ટ-શ્રેણી ક્યારે

ભારત હવે આવતા વર્ષે ઑગસ્ટમાં શ્રીલંકા સામે બે મૅચની ટેસ્ટ-શ્રેણી રમશે. ત્યાર બાદ ભારતની ટેસ્ટ ટીમ ઑક્ટોબરમાં ન્યૂ ઝીલૅન્ડના પ્રવાસે જશે. ત્યાર પછી ૨૦૨૭ના વર્ષની શરૂઆતમાં ઘરઆંગણે ઑસ્ટ્રેલિયા સામે પાંચ મૅચની ટેસ્ટ-શ્રેણી રમાશે અને એ સાથે ડબ્લ્યૂટીસીમાં ભારતના પડકારનો અંત આવશે. ■

# 'એક આદમી ઈન્ડિયા કે લિયે ઇતના બોલતા હૈ ઔર આપ હાય...હાય બોલ રહે હો'

## ગૌતમ ગંભીરનો હુરિયો બોલાવતા પ્રેક્ષકોને શાંત પાડતી વખતે બૅટિંગ-કોચ સિતાંશુ કોટકે તેમને આ ટોણો માર્યો





ગુવાહાટીઃ બુધવારે અહીં ફરી એક વાર ઘરઆંગણાની ટેસ્ટ-સિરીઝમાં ભારતીય ટીમનો રકાસ થયો અને એમાં પણ ખાસ કરીને સાઉથ આફ્રિકા સામે ૦-૨થી ગુમાવેલી અહીંની અંતિમ ટેસ્ટમાં ટીમ ઇન્ડિયાએ ૪૦૮ રનના વિક્રમજનક માર્જિનથી હાર જોવી પડી એને પગલે હતાશ પ્રેક્ષકોના એક વર્ગે હેડ-કોચ ગૌતમ ગંભીરનો હુરિયો બોલાવવાની શરૂઆત કરી દીધી હતી જેનો બૅટિંગ-કોચ સિતાંશુ કોટકે એ પ્રેક્ષકો પાસે જઈને તેમને જવાબ આપી દીધો હતો.

કોટક સહાયક-કોચ પણ છે. તેણે અને પેસ બોલર મોહમ્મદ સિરાજે ગૌતમ ગંભીરનો હુરિયો બોલાવી રહેલા પ્રેક્ષકોને શાંત પાડવાનો પ્રયાસ કર્યો ત્યારે પોલીસે પણ દરમ્યાનગીરી કરવી પડી હતી જેને પગલે પ્રેક્ષકોની બૂમાબૂમ બંધ થઈ હતી.

ધમાલિયા પ્રેક્ષકો 'ગંભીર હાય...હાય' અને 'ગંભીર, ગો બૅક...'ની બૂમો પાડી રહ્યા હતા ત્યારે સિતાંશુ કોટક તેમની નજીક ગયો હતો અને ગંભીરનો બચાવ કરતા તેમને કહ્યું, 'એક આદમી ઇન્ડિયા કે લિયે ઇતના બોલતા હૈ ઔર આપ હાય...હાય બોલ રહે હો.'

હેડ-કોચ ગૌતમ ગંભીરના કોચિંગમાં ભારત ૧૮માંથી ૧૦ ટેસ્ટ હાર્યું છે જેમાં બે વાઇટવૉશનો સમાવેશ છે. જોકે ગંભીરના કોચિંગમાં વાઇટ-બૉલ ક્રિકેટમાં (વન-ડે અને ટી-૨૦માં) ભારતીય ટીમ સારું પર્ફોર્મ કરી રહી છે.

હવે ગૌતમ ગંભીર વન-ડે ટીમ સાથે રાંચી પહોંચી ગયો છે જ્યાં રવિવાર, ૩૦મી નવેમ્બરે સાઉથ આફ્રિકા સામે સિરીઝની પ્રથમ વન-ડે રમાશે. ત્યાર બાદ સાઉથ આફ્રિકા સામે ત્રણ ટી-૨૦ પણ રમાવાની છે.

### ગંભીરની ગાદીને કંઈ નહીં થાય

સોશ્યલ મીડિયા પરના એક અહેવાલ મુજબ બીસીસીઆઇના એક અધિકારીએ કહ્યું છે કે '૨૦૨૭ના વન-ડે વર્લ્ડ કપ સુધી ત્રણેય ફૉર્મેટ માટે ટીમ ઇન્ડિયાના હેડ-કોચના હોદ્દા પર ગૌતમ ગંભીર જ રહેશે અને એમાં ફેરફાર કરવાનો બોર્ડની કોઈ યોજના નથી.' ઉલ્લેખનીય છે કે સુનીલ ગાવસકરે કોચિંગની બાબતમાં ગંભીરને પીઠબળ આપ્યું છે. સૌરવ ગાંગુલીએ પણ તાજેતરમાં કહ્યું હતું કે 'ગંભીરના કેટલાક નિર્ણયોમાં ફેરફાર જરૂરી છે, પણ તેને હેડ-કોચના હોદ્દા પરથી હટાવવાની કોઈ જ જરૂર નથી.' ■



### રાંચીના રણમેદાનમાં ફૂટબૉલની મોજ

રાંચીમાં ગઈ કાલે ક્રિકેટના પ્રૅક્ટિસ-સેશન દરમ્યાન થોડું ફૂટબૉલ રમવાની મોજ મેળવીતો વિરાટ કોહલી. યશસ્વી જયસ્વાલ તેમ જ બીજા ખેલાડીઓ પણ ફૂટબૉલ રમ્યા હતા. ભારત અને સાઉથ આફ્રિકા વચ્ચે આવતી કાલે સિરીઝની પ્રથમ વન-ડે રમાશે. રાહુલ ભારતનો અને બવુમા સાઉથ આફ્રિકાનો કૅપ્ટન છે. (પીટીઆઇ)

# ઈડનમાં અર્જુન તેન્ડુલકરનો તરખાટ, લખનઊમાં આયુષે રોહિત શર્માનો વિક્રમ તોડ્યો

## જુનિયર તેન્ડુલકરે ૧૭ રનમાં ત્રણ વિકેટ લઈને ગોવાને જિતાડ્યું, મુંબઈનો પણ વિજય

કોલકાતાઃ ભૂતકાળમાં અહીં ઈડન ગાર્ડન્સમાં સચિન તેન્ડુલકરે ભારતને ઘણી મૅચો જિતાડી આપી હતી અને હવે તેના પુત્ર અર્જુન તેન્ડુલકરે પણ મૅચ-વિનિંગ પર્ફોર્મ કરીને આ ઐતિહાસિક સ્થળને સફળતાપૂર્વક માણવાનો અવસર મેળવ્યો છે. તેણે ચંડીગઢ સામેની મૅચમાં ગોવા વતી પહેલાં ઓપનિંગમાં નવ બૉલમાં ત્રણ ચોક્કાની મદદથી ૧૪ રન કર્યા હતા અને પછી બે મહત્ત્વના હરીફ બૅટ્સમેન સહિત કુલ ત્રણ પ્લેયરની વિકેટ લીધી હતી.

સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ટી-૨૦ ટૂર્નામેન્ટમાં ગોવાએ બૅટિંગ મળ્યા બાદ ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૭૩ રન કર્યા હતા. અર્જુન રનઆઉટ થયો હતો. તેની જ ટીમના લલિત યાદવે ૪૯ બૉલમાં ચાર સિક્સર અને છ ફોરની મદદથી અણનમ ૮૨ રન કર્યા હતા. ચંડીગઢના સંદીપ શર્મા અને જગજિત સિંહ નામના બોલરે સૌથી વધુ બે-બે વિકેટ લીધી હતી.

### અર્જુને લીધી અર્જુનની વિકેટ

જવાબમાં ચંડીગઢની ટીમ ૧૯ ઓવરમાં ફક્ત ૧૨૧ રનમાં ઑલઆઉટ થઈ ગઈ હતી અને ગોવાનો બાવન રનથી વિજય થયો હતો. ત્રણ બોલર અર્જુન તેન્ડુલકર (૪-૦-૧૭-૩), વાસુકી કૌશિક (૪-૧-૧૨-૩) અને દર્શન મિસલ (૪-૦-૨૩-૩)ના ત્રણ-ત્રણ વિકેટના તરખાટને કારણે ચંડીગઢની ટીમમાં એકેય બૅટ્સમૅન ૩૦ રન સુધી પણ નહોતો પહોંચી શક્યો. અર્જુન તેન્ડુલકરે પોતાના જેવા જ નામવાળા ચંડીગઢના અર્જુન આઝાદ (સાત રન), કૅપ્ટન શિવમ ભાંબરી (એક રન) તેમ જ પોતાને રનઆઉટ કરનાર જગજીત સિંહ (૨૦ રન)ની વિકેટ લીધી હતી.

મુંબઈના ૧૮ વર્ષીય આયુષ મ્હાત્રેએ ભારતના ભૂતપૂર્વ કૅપ્ટન અને બૅટિંગ-લેજન્ડ રોહિત શર્માનો રેકૉર્ડ તોડ્યો છે. રોહિતે ફર્સ્ટ ક્લાસ ક્રિકેટ, લિસ્ટ-એ અને ટી-૨૦માં સેન્ચુરીની ત્રેવડી સિદ્ધિ મેળવી ત્યારે તેની ઉંમર ૧૯ વર્ષ અને ૩૩૯ દિવસ હતી. આયુષ મ્હાત્રેએ શુક્રવારે સૌથી નાની ઉંમરે આ સિદ્ધિ મેળવી છે અને તેની ઉંમર ૧૮ વર્ષ અને ૧૩૫ દિવસ છે. આયુષ મેન્સ ટી-૨૦ ક્રિકેટમાં સૌથી નાની ઉંમરે સદી ફટકારનાર ત્રીજા ક્રમનો ખેલાડી પણ બન્યો છે.

લખનઊમાં સૈયદ મુશ્તાક અલી ટ્રોફી ટી-૨૦ ટૂર્નામેન્ટમાં વિદર્ભએ નવી વિકેટે ૧૯૨ રન કર્યા ત્યાર બાદ મુંબઈએ આયુષ મ્હાત્રે (૧૧૦ અણનમ, ૫૩ બૉલ, આઠ સિક્સર, આઠ ફોર)ની ફાંકડી ફટકાબાજી તેમ જ સૂર્યકુમાર યાદવના ૩૫ રન અને શિવમ દુબેના અણનમ ૩૯ રનની મદદથી મુંબઈએ ૧૭.૫ ઓવરમાં ત્રણ વિકેટે ૧૯૪ રન કરીને વિજય મેળવ્યો હતો.

દરમ્યાન, આ જ સ્પર્ધામાં ગુજરાતનો બેંગાલ સામે ત્રણ વિકેટે, સૌરાષ્ટ્રનો ઉત્તરાખંડ સામે છ વિકેટે અને બરોડાનો પોંડિચેરી સામે ૧૭ રનથી પરાજય થયો હતો. ■

# રોહિત-કોહલી આવતી કાલે તોડશે સચિન-દ્રવિડનો અનોખો રેકૉર્ડ



રાંચીમાં ગઈ કાલે પ્રૅક્ટિસ દરમ્યાન વિરાટ કોહલી અને રોહિત શર્મા.

રાંચીઃ રોહિત શર્મા અને વિરાટ કોહલી આવતી કાલે રાંચીમાં સાઉથ આફ્રિકા સામે સિરીઝની પ્રથમ વન-ડે (બપોરે ૧.૩૦ વાગ્યાથી લાઇવ)માં રમવા મેદાન પર ઊતરશે એ સાથે એક ભારતીય વિક્રમ પરથી સચિન તેન્ડુલકર અને રાહુલ દ્રવિડનું નામ હટી જશે અને રોહિત-કોહલીનું નામ લખાઈ જશે.

ભારત વતી જોડીમાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મૅચ રમવાનો સચિન-દ્રવિડનો વિક્રમ છે. તેઓ જોડીમાં ૩૯૧ ઇન્ટરનૅશનલ મૅચ રમ્યા હતા. રોહિત-કોહલીની પણ જોડીમાં અત્યારે ૩૯૧ મૅચ છે અને આવતી કાલે તેઓ ૩૯૨મી મૅચ સાથે ભારતીય રેકૉર્ડ પોતાના કબજામાં લઈ લેશે.

રોહિત અને કોહલી રાંચીમાં ભરપૂર પ્રૅક્ટિસ કરી રહ્યા છે. આ સંગીન જોડીએ જ ગયા મહિને ભારતને ઑસ્ટ્રેલિયા સામે વાઇટવૉશથી બચાવ્યું હતું. સિડનીમાં સિરીઝની ત્રીજી અને છેલ્લી વન-ડેમાં રોહિતે ૧૨૫ બૉલમાં અણનમ ૧૨૧ રન કરીને અને કોહલીએ ૮૧ બૉલમાં અણનમ ૭૪ રનના યોગદાન સાથે ભારતને ૨૩૭ રનનો લક્ષ્યાંક આસાનીથી અપાવી દીધો હતો. તેઓ ટેસ્ટ-ક્રિકેટમાંથી અકાળે નિવૃત્ત થઈ ગયા છે, પણ સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ-સિરીઝમાં આ બે દિગ્ગજોની ટીમ ઇન્ડિયાને ખૂબ ખોટ વર્તાઈ હતી.

ભારત વતી જોડીમાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મૅચો રમનારા ખેલાડીઓની રસપ્રદ વિગત આ મુજબ છેઃ (૧) સચિન-દ્રવિડઃ ૩૯૧ મૅચ (૨) રોહિત-વિરાટઃ ૩૯૧ મૅચ (૩) દ્રવિડ-ગાંગુલીઃ ૩૬૯ મૅચ (૪) સચિન-કુંબલેઃ ૩૬૭ મૅચ (૫) સચિન-ગાંગુલીઃ ૩૪૧ મૅચ (૬) કોહલી-જાડેજાઃ ૩૦૯ મૅચ. ■

# બોરીવલીનો ટીનેજર અમદાવાદની સ્કેટિંગ સ્પર્ધામાં મેડલ જીત્યો



મુંબઈઃ બોરીવલી (પશ્ચિમ)ના યોગીનગરમાં રહેતા ૧૪ વર્ષના રિશીત મુંજાલ પુરાણીએ તાજેતરમાં અમદાવાદમાં આયોજિત ઇન્ટરનૅશનલ સ્પોર્ટ્સ સ્કૂલ ઑર્ગેનાઇઝેશન (આઇએસએસઓ)ની સ્કેટિંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો જેમાં તેણે બ્રૉન્ઝ મેડલ જીતી લીધો હતો.

બોરીવલીમાં ચીકુવાડી-સ્થિત વિટી ઇન્ટરનૅશનલ સ્કૂલમાં ભણતો રિશીત પુરાણી શ્રી ચોવીસી ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ સમાજનો છે. તેણે અમદાવાદની જે સ્કેટિંગ સ્પર્ધામાં ભાગ લીધો હતો એમાં ભારતની તમામ આઇજીસીએસઇ તથા આઇબી સ્કૂલોના સ્પર્ધકોએ ભાગ લીધો હતો. આ સ્પર્ધા અમદાવાદમાં અદાણી ઇન્ટરનૅશનલ સ્પોર્ટ્સ પાર્ક (રિવરફ્રન્ટ-પાલડી) ખાતે યોજાઈ હતી જેમાં રિશીતે (અન્ડર-૧૪ સિંગલ ડિસઍડવાન્ટેજ)માં ૫૦૦-ડી રેસમાં પચીસ સ્પર્ધકોને હરાવીને ત્રીજો નંબર મેળવ્યો હતો અને કાંસ્ય ચંદ્રક જીતી લીધો હતો. ૧,૦૦૦ મીટરમાં તેણે ચોથા સ્થાને આવીને રેસ ફિનિશ કરી હતી.

રિશીતના મમ્મી નિમિતા પુરાણીએ 'મુંબઈ સમાચાર'ને કહ્યું, 'મારા પુત્ર પાસે કુલ ૧૫૦થી પણ વધુ મેડલ છે. તેણે તનતોડ મહેનત બદલ આ ચંદ્રકો મેળવ્યા છે. તે સવારે ૨.૪૦ વાગ્યે ઉઠીને ૩.૩૦ વાગ્યે સ્કેટિંગની પ્રૅક્ટિસ કરવા જાય છે અને ત્યાંથી સ્કૂલે જાય છે. સ્કેટિંગ અને સ્ટડીઝ, બન્ને પ્રત્યે તેની એકસરખી સમર્પણ ભાવના છે. રિશીતની સફળતામાં તેના કોચ રાજ સિંહનું પણ યોગદાન છે.' ■

# ધોનીએ કોહલીને પોતાના ઘરે જમાડ્યો અને પછી...



રાંચીઃ સમગ્ર ક્રિકેટ જગતમાં કેપ્ટન-વિકેટકીપર-બૅટ્સમૅન તરીકેની એકસાથે ત્રણ મોટી જવાબદારી સંભાળી ચૂકેલા ખેલાડીઓમાં શહેનશાહ ગણાતા મહેન્દ્રસિંહ ધોની અને બૅટિંગ-લેજન્ડ વિરાટ કોહલી વચ્ચેની મેદાન પરની મિત્રતાથી આપણે સૌ કોઈ વાકેફ છીએ, પરંતુ તેમની વચ્ચેની ગાઢ દોસ્તીની એક ઝલક મેદાન બહાર પણ જોવા મળી છે.

કોહલી ગુરુવારે લંડનથી ભારત આવ્યા બાદ સીધો રાંચી પહોંચી ગયો હતો. તે રવિવાર, ૩૦મી નવેમ્બરે સાઉથ આફ્રિકા સામે રમાનારી પ્રથમ વન-ડેમાં રમવા ખૂબ ઉત્સાહિત છે, પરંતુ એ પહેલાં તેણે રાંચીમાં રહેતા તેના ગુરુ અને ગાઢ મિત્ર એમએસ ધોનીને મળવાનું પસંદ કર્યું હતું. જોકે ખુદ ધોનીએ કોહલીને પોતાના નિવાસસ્થાને ડિનર માટે આમંત્રિત કર્યો હતો. વિકેટકીપર-બૅટ્સમૅન રિષભ પંત પણ કોહલી સાથે ધોનીના ઘરે આવ્યો હતો. ગુરુવારથી ફોટો અને વીડિયો વાઈરલ થયા છે જેમાં ખુદ ધોની પોતાની કારમાં વિરાટને ટીમની હૉટલ સુધી ડ્રૉપ કરવા માટે જઈ રહેલો દેખાય છે.

ગુરુ-શિષ્યની જોડી ધોની-કોહલીને એક સાથે કારમાં જોઈને આસપાસ ઊભેલા ક્રિકેટપ્રેમીઓએ ચીસો પાડીને બંનેને ચિયર-અપ કર્યું હતું. ■

# આઇપીએલની દસમાંથી આઠ ટીમના કૅપ્ટન નક્કી, બે ટીમે હજી ફેંસલો નથી લીધો

## ૧૬મી ડિસેમ્બરે અબુ ધાબીમાં યોજાનારા મિની-ઑક્શન પહેલાં જાણી લો કૅપ્ટનોના રેકૉર્ડ અને એક સીઝનની ફી

મુંબઈઃ ૨૦૨૬ની ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ)ની તમામ ૧૦ ટીમોના રીટેન્શન લિસ્ટ બહાર પડી ગયા અને દરેક ટીમે મોટા ભાગના ખેલાડીઓ સાથે ફોજ તૈયાર કરી લીધી ત્યાર બાદ હવે ૧૬મી ડિસેમ્બરના મિની-ઑક્શનની રાહ જોવાઈ રહી છે, પરંતુ એ પહેલાં ઘણા ક્રિકેટપ્રેમીઓને આ ટીમોના કૅપ્ટન, તેમના રેકૉર્ડસ અને તેમને એક સીઝન રમવાની મળતી ફી વિશે જાણવાની આતુરતા હશે. તો ચાલો, એના પર એક નજર કરી લઈએ...

### રૉયલ ચૅલેન્જર્સ બેંગલૂરુનો કૅપ્ટન કોણ

આરસીબી તરીકે જાણીતી આ ટીમને ૨૦૨૫માં રજત પાટીદારની કૅપ્ટન્સીમાં પહેલું ટાઇટલ જીતવા મળ્યું. ૨૦૨૬માં પણ તે જ સુકાન સંભાળશે. તેણે ૪૨ આઇપીએલ-મૅચમાં ૧,૧૧૧ રન કર્યા છે જેમાં એક સેન્ચુરી અને નવ હાફ સેન્ચુરી સામેલ છે. આરસીબીના ફ્રેન્ચાઇઝીએ તેને ૧૧ કરોડ રૂપિયામાં રીટેન કર્યો છે.

### ચેન્નઈ સુપર કિંગ્સનો કૅપ્ટન કોણ

પાંચ ટાઇટલ જીતી ચૂકેલી અને સીએસકે તરીકે ઓળખાતી આ ટીમમાં લેજન્ડ એમએસ ધોનીની હજી પણ હાજરી છે. સંજુ સૅમસનની આ ટીમમાં એન્ટ્રી થતાં વાતો ઉડી છે કે તેને કૅપ્ટન બનાવાશે. જોકે કેટલાક અહેવાલ મુજબ ઋતુરાજ ગાયકવાડ જ સુકાન સંભાળશે. તેણે ૭૧ મૅચમાં ૨,૫૦૨ રન કર્યા છે જેમાં બે સેન્ચુરી અને ૨૦ હાફ સેન્ચુરી સામેલ છે. આ ફ્રૅન્ચાઇઝીએ તેને ૧૮ કરોડ રૂપિયામાં રીટેન કર્યો છે.

### મુંબઈ ઇન્ડિયન્સનો કૅપ્ટન કોણ

એમઆઇ તરીકે જાણીતી આ ટીમના ફ્રેન્ચાઇઝીએ રોહિત શર્માના સ્થાને હાર્દિક પંડ્યાને કૅપ્ટન બનાવ્યો છે અને આ વખતે પણ હાર્દિક જ સુકાન સંભાળશે. હાર્દિકે આઇપીએલમાં કુલ ૧૫૨ મૅચમાં ૧૦ હાફ સેન્ચુરી સહિત કુલ ૨,૭૪૯ રન કર્યા છે અને ૭૮ વિકેટ લીધી છે. એમઆઇએ ગઈ સીઝનમાં તેને ૧૬.૩૫ કરોડ રૂપિયામાં રીટેન કર્યો હતો.

### કોલકાતા નાઇટ રાઇડર્સનો કૅપ્ટન કોણ

આ વખતે રસેલ, વેન્કટેશ ઐયર સહિત ઘણા મોટાં માથાંને ઑક્શન માટે છૂટા કરી દેનાર કેકેઆરના ફ્રેન્ચાઇઝીએ ગઈ સીઝનમાં અજિંક્ય રહાણેને સુકાન સોંપ્યું હતું અને તેને રીટેન કર્યો છે. જોકે આ વખતે કોણ કૅપ્ટન્સી સંભાળશે એની જાહેરાત નથી કરાઈ. વિકિપીડિયા મુજબ ૨૦૨૫માં રહાણેને આ ફ્રેન્ચાઇઝીએ ૧.૫૦ કરોડ રૂપિયાની ફી આપી હતી. રહાણેએ ૧૯૮ મૅચમાં ૫,૦૩૨ રન કર્યા છે જેમાં બે સેન્ચુરી અને ૩૩ હાફ સેન્ચુરી સામેલ છે.

### પંજાબ કિંગ્સનો કૅપ્ટન કોણ

શ્રેયસ ઐયર પીબીકેએસ તરીકે ઓળખાતી આ ટીમનો સુકાની છે. ૨૦૨૫માં આ ટીમ ઐયરના સુકાનમાં રનર-અપ થઈ હતી. એ સીઝનમાં પંજાબ કિંગ્સના ફ્રેન્ચાઇઝીએ ઐયરને ઑક્શનમાં ૨૬.૭૫ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. તેણે ૧૩૩ મૅચમાં ૨૭ હાફ સેન્ચુરીની મદદથી ૩,૭૩૧ રન કર્યા છે.

### ગુજરાત ટાઇટન્સનો કૅપ્ટન કોણ

ભારતની ટેસ્ટ તથા વન-ડે ટીમના સુકાની શુભમન ગિલને જીટી તરીકે ઓળખાતી આ ટીમની કૅપ્ટન્સી પણ સોંપાઈ છે અને ૨૦૨૬માં પણ તે જ સુકાન સંભાળશે. ૨૦૨૫ની સીઝનમાં જીટીના ફ્રેન્ચાઇઝીએ તેને ૧૬.૫૦ કરોડ રૂપિયામાં રીટેન કર્યો હતો. તેણે ૧૧૮ મૅચમાં ચાર સેન્ચુરી અને ૨૬ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૩,૮૬૬ રન કર્યા છે.

### લખનઊ સુપર જાયન્ટ્સનો કૅપ્ટન કોણ

રિષભ પંત એલએસજી તરીકે જાણીતી આ ટીમનો સુકાની છે. ૨૦૨૫ની સીઝન પહેલાં આ ફ્રેન્ચાઇઝીએ તેને હરાજીમાં વિક્રમજનક ૨૭ કરોડ રૂપિયામાં ખરીદ્યો હતો. આઇપીએલની સમગ્ર કરીઅરમાં તેણે ૧૨૫ મૅચમાં બે સેન્ચુરી તથા ૧૯ હાફ સેન્ચુરીની મદદથી કુલ ૩,૫૫૩ રન કર્યા છે તેમ જ સ્ટમ્પ્સની પાછળથી કુલ ૧૦૧ શિકાર કર્યા છે. ૨૦૨૪માં આ ટીમ કમિન્સના નેતૃત્વમાં ફાઇનલમાં પહોંચી હતી.

### દિલ્હી કૅપિટલ્સનો કૅપ્ટન કોણ

૨૦૨૫ની માફક ૨૦૨૬ની સીઝનમાં પણ ડીસી તરીકે જાણીતી આ ટીમનો સુકાની અક્ષર પટેલ છે. તે આ ટીમના અનુભવી ખેલાડીઓમાંથી એક છે. ગઈ સીઝનમાં આ ટીમના ફ્રૅન્ચાઇઝીએ તેને ૧૬.૫૦ કરોડ રૂપિયામાં રીટેન કર્યો હતો અને રિષભ પંતને રિલીઝ કરી દીધો હતો. અક્ષરે આઇપીએલમાં ૧૬૨ મૅચમાં ૧,૯૧૬ રન કર્યા છે અને ૧૨૮ વિકેટ લીધી છે.

### રાજસ્થાન રૉયલ્સનો કૅપ્ટન કોણ

આરઆર ટીમના ફ્રૅન્ચાઇઝીએ પોતાનો કૅપ્ટન સંજુ સૅમસન ટ્રેડ મારફત ચેન્નઈને આપી દીધો છે અને તેના બદલામાં રવીન્દ્ર જાડેજા તથા સૅમ કરૅન મેળવ્યા છે.

બની શકે કે જાડેજાને આરઆરનું સુકાન સોંપવામાં આવશે. ચેન્નઈની ટીમમાં તેને એક સીઝનના ૧૮ કરોડ રૂપિયા મળતા હતા, પણ રાજસ્થાને તેને ૧૪ કરોડ રૂપિયામાં સાઇન કર્યો છે.

### સનરાઈઝર્સ હૈદરાબાદનો કૅપ્ટન કોણ

૨૦૨૬ની સીઝનમાં પણ પૅટ કમિન્સ જ એસઆરએચનું સુકાન સંભાળશે. આગામી સીઝન માટે જે ટીમોના કૅપ્ટન કન્ફર્મ થયા છે એ બધામાં કમિન્સ એકમાત્ર વિદેશી કૅપ્ટન છે. જોકે ગઈ સીઝનમાં આ ટીમનો પર્ફોર્મન્સ ખરાબ હતો. કમિન્સે આઇપીએલની ૭૨ મૅચમાં ૭૯ વિકેટ લીધી છે. ગઈ સીઝનમાં કાવ્યા મારનના ફ્રૅન્ચાઇઝીએ તેને ૧૮ કરોડ રૂપિયામાં રીટેન કર્યો હતો. ■

# વીક એન્ડ

સ્પોર્ટ્સમૅન
અજય મોતીવાલા
feedback@bombaysamachar.com

# ટેસ્ટની પરીક્ષામાં નાપાસ થયા, હવે વન-ડેમાં નંબર-વનની રૅન્ક સાચવજો

## વન-ડેના ક્રમાંકમાં અવ્વલ ટીમ ઈન્ડિયાની હવે રવિવારથી સાઉથ આફ્રિકા સામે વન-ડે શ્રેણીમાં કસોટી છે... રોહિત-કોહલીના રિયુનિયન અને રીએન્ટ્રી પર બધો મદાર

રોહિત શર્મા અને વિરાટ કોહલી રવિવારે રાંચીમાં સાઉથ આફ્રિકા સામે રમાનારી વન-ડે માટે મેદાન પર ઊતરશે એ સાથે તેઓ અનોખી રેકૉર્ડ-બુકમાં આવી જશે. ભારત વતી જોડીમાં સૌથી વધુ આંતરરાષ્ટ્રીય મૅચ રમવાની સિદ્ધિ સાથે તેઓ પોતાની શાનદાર કારકિર્દીમાં એક નવો તાજ પહેરશે અને ક્રિકેટ જગતમાં છવાઈ જશે. એક મહિના પહેલાં સિડનીમાં તેમણે બીજી વિકેટ માટે ૧૬૮ રનની અતૂટ ભાગીદારી કરીને ટીમ ઇન્ડિયાને ઑસ્ટ્રેલિયા સામે ૦-૩ના વાઇટવૉશથી બચાવી લીધું હતું. રોહિતે એ મૅચમાં ૧૨૫ બૉલમાં અણનમ ૧૨૧ રન અને કોહલીએ ૮૧ બૉલમાં અણનમ ૭૪ રન કર્યા હતા. બન્ને દિગ્ગજોએ ભેગા થઈને ભારતને અનેક મૅચો જિતાડી છે. આ બધો ઉલ્લેખ કરવા પાછળનું અત્યારે એકમાત્ર કારણ એ છે કે ભારતીય ટીમ સાઉથ આફ્રિકા સામેની ટેસ્ટ સિરીઝમાં ૦-૨થી થયેલા પતન બદલ ખૂબ જ હતાશ છે અને અને ભારતના કરોડો ક્રિકેટપ્રેમીઓ નારાજ હોવા ઉપરાંત ટીમ ઇન્ડિયા પર ગુસ્સે પણ છે એટલે તેમને એ સ્થિતિમાંથી બહાર લાવવામાં રો-કો (રોહિત-કોહલી)ની જોડી જ મોટી ભૂમિકા ભજવી શકે. તમે જરૂર સમજી ગયા હશો! ભારતે હવે સાઉથ આફ્રિકા સામે ૩૦ નવેમ્બરથી ૬ ડિસેમ્બર સુધી રમાનારી ત્રણ મૅચની વન-ડે સિરીઝ કેમેય કરીને જીતવાની છે અને ટેસ્ટમાં ગુમાવેલી આબરૂ વન-ડે જીતીને પાછી મેળવવાની છે.




વિરાટ કોહલીએ ૩૦૫ વન-ડેમાં ૫૧ સેન્ચુરી ફટકારી છે જે વર્લ્ડ રેકૉર્ડ છે.

ટેસ્ટ-શ્રેણીમાં વર્લ્ડ ચૅમ્પિયન સાઉથ આફ્રિકા સામે રમવાનું કઠિન તો હતું જ. હજી પાંચ મહિના પહેલાં જ તેઓ ઑસ્ટ્રેલિયા જેવી ધરખમ ટીમને ફાઇનલમાં હરાવીને આવ્યા હતા એટલે તેમને હરાવવાનું કામ આસાન નહોતું. તેમનો કૅપ્ટન ટેમ્બા બવુમા ટીમનું નેતૃત્વ સંભાળ્યા પછી એક પણ ટેસ્ટ નહોતો હાર્યો એટલે તે પોતાનો રેકૉર્ડ ક્લીન રાખવા કમર કસીને જ ભારત આવ્યો હતો. ઘરઆંગણાની પિચો પર ભારતના સ્પિનર્સ તરખાટ મચાવવામાં માહિર છે, પરંતુ એ જ પિચો પર ભારતના બૅટ્સમેનો વિદેશી સ્પિનર્સ સામે રમવામાં નબળા છે એ પણ સાઉથ આફ્રિકનો સારી રીતે જાણતા હતા. પોતાની ટીમને નમાવવા ભારતનું ટીમ-મૅનેજમેન્ટ પોતાના સ્પિનર્સને વધુ ફાયદો અપાવે એવી જ પિચ બનાવશે એવી પણ તેમને ખાતરી હતી એટલે બે અવ્વલ દરજ્જાના સ્પિન-સ્ટાર કેશવ મહારાજ તથા સાઇમન હાર્મર તેમ જ ત્રીજા સ્પિનર એઇડન માર્કરમની આંગળી અને કાંડાની કરામત દેખાડવાની પાક્કી તૈયારી સાથે સાઉથ આફ્રિકાની ટીમ ભારત આવી હતી અને ધાર્યું પરિણામ બતાડી જ દીધું. પચીસ વર્ષે પહેલી વખત ભારતમાં ટેસ્ટ-શ્રેણી જીતવાની સિદ્ધિ મેળવવાનું તેમનું લક્ષ્ય હતું અને એ તેઓ ૨-૦ના વાઇટવૉશ સાથે મેળવીને રહ્યા. આ પહેલાં ૨૦૦૦ની સાલમાં હન્સી ક્રૉન્યેના સુકાનમાં ભારતમાં સાઉથ આફ્રિકનો ટેસ્ટ-શ્રેણી જીત્યા હતા અને ટેમ્બા બવુમાની સિદ્ધિ સાથે હવે ક્રૉન્યેનો આત્મા જ્યાં પણ હશે ત્યાં જરૂર આનંદ અનુભવી રહ્યો હશે.

### પંતની માફી, પણ હવે પરચો બતાવશે ખરો?

રિષભ પંતે ટેસ્ટ-શ્રેણીના પતન બદલ ફૅન્સની માફી માગતાં કહ્યું છે કે 'અમે તમારા બધાની અપેક્ષા પર ખરા ન ઊતરી શક્યા એ બદલ તમારી માફી માગું છું.' જોકે હવે વન-ડે શ્રેણીમાં રમવાની તક મળે તો રિષભ પંતે પરચો દેખાડીને સુપર પર્ફોર્મન્સથી ટેસ્ટની કચાશ ભુલાવી દેવાની છે.




કે. એલ. રાહુલની કૅપ્ટન્સીમાં ભારતે ૨૦૨૩માં સાઉથ આફ્રિકા સામેની વન-ડે શ્રેણી ૨-૧થી જીતી લીધી હતી.

### રોહિત-કોહલી પર સૌની નજર

રોહિત શર્મા અને વિરાટ કોહલી ટેસ્ટ અને ટી-૨૦ ઇન્ટરનૅશનલ છોડી ચૂક્યા છે. હવે ફક્ત વન-ડે જ રમે છે અને સાઉથ આફ્રિકા સામેની આગામી ઓડીઆઇ (વન-ડે ઇન્ટરનૅશનલ) સિરીઝ તેમની કરીઅરની છેલ્લી સિરીઝ હશે કે પછી ૨૦૨૭ના વર્લ્ડ કપ સુધી કારકિર્દીને ખેંચવા મક્કમ હશે એ તો આવનારા કેટલાક દિવસોમાં ખબર પડી જશે, પણ અત્યારે તેમનું એકમાત્ર મિશન ભારતને સાઉથ આફ્રિકા સામેની વન-ડે સિરીઝમાં એવી રીતે જિતાડવાનું છે કે નંબર-વનની રૅન્ક પર ટીમ ઇન્ડિયા વધુ મજબૂતી મેળવે.

### કે. એલ. રાહુલ માટે નવો પડકાર

શુભમન ગિલની કોલકાતાની પ્રથમ ટેસ્ટમાં ગરદન ખેંચાઈ ગઈ એને પગલે સાઉથ આફ્રિકા સામેની બાકીની ટેસ્ટ-સિરીઝમાં રિષભ પંતને ભારતનો ૩૮મો ટેસ્ટ-સુકાની બનવાનો અવસર મળી ગયો હતો. તે એ નવી જવાબદારીમાં સદંતર નિષ્ફળ ગયો એ વાત અલગ છે, પણ વર્લ્ડ ચૅમ્પિયન ટીમ સામે અચાનક નેતૃત્વ સંભાળવાનો બોજ આવી પડે તો નિષ્ફળતાની સંભાવના વધુ હોય છે અને એવું જ થયું. પંત ન તો કોલકાતાની પ્રથમ ટેસ્ટ જિતાડી શક્યો અને ન ભારતને ૦-૨ના વાઇટવૉશથી બચાવી શક્યો. હવે સુકાનની જવાબદારીમાં કે. એલ. રાહુલે ખરા ઊતરવાનું છે. ગિલને થોડા મહિના પહેલાં જ ટેસ્ટ અને વન-ડે બન્નેના નેતૃત્વની સંયુક્ત જવાબદારી મળી, પરંતુ ગરદનની ઈજાએ તેને ઘરમાં બેસાડી દીધો છે. સાઉથ આફ્રિકા સામેની વન-ડે શ્રેણીમાં રાહુલે એમએસ ધોનીની માફક બૅટિંગ તથા વિકેટકીપિંગ ઉપરાંત કૅપ્ટન્સીની જવાબદારીમાં સફળ થવાનું છે અને ભારતને જિતાડવાનું છે. તેના માટે આ નવો પડકાર છે. આ શ્રેણી પછી સાઉથ આફ્રિકા સામેની ટી-૨૦ સિરીઝમાં સૂર્યકુમાર યાદવના સુકાનની પરીક્ષા થશે. ■




રોહિત શર્માએ વન-ડે ફૉર્મેટમાં ત્રણ ડબલ સેન્ચુરી ફટકારી છે જે વિશ્વવિક્રમ છે.

### બન્ને દેશની વન-ડે ટીમમાં કોણ-કોણ છે

**ભારત**

કે. એલ. રાહુલ (કેપ્ટન, વિકેટકીપર), રોહિત શર્મા, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, તિલક વર્મા, રિષભ પંત (વિકેટકીપર), ઋતુરાજ ગાયકવાડ, રવીન્દ્ર જાડેજા, વૉશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ, નીતીશકુમાર રેડ્ડી, ધ્રુવ જુરેલ, હર્ષિત રાણા, પ્રસિદ્ધ ક્રિષ્ના અને અર્શદીપ સિંહ.

**સાઉથ આફ્રિકા**

ટેમ્બા બવુમા (કૅપ્ટન), એઇડન માર્કરમ, રાયલ રિકલ્ટન, મૅથ્યૂ બ્રીટ્ઝકે, ડેવાલ્ડ બ્રેવિસ, ક્વિન્ટન ડિકૉક (વિકેટકીપર), ટૉની ડિ ઝોર્ઝી, રુબિન હર્મેન, કૉર્બિન બૉશ્ચ, પ્રેનેલન સુબ્રયેન, ઑટોનીલ બાર્ટમૅન, નૅન્દ્રે બર્ગર, કેશવ મહારાજ અને લુન્ગી ઍન્ગિડી.

અરાઉન્ડ ધ વર્લ્ડ
પ્રતીક્ષા થાનકી
pratiksha.thanki@bombaysamachar.com

# લેક બિવાનું પારદર્શક પાણી ને પૌરાણિક શ્રાઇન...

**જાપાનમાં** હજી સુધી કોઈ પણ સ્થળ, વાનગી, ચીજ જરા પણ ઓવરરેટેડ લાગી ન હતી, અને અમે શક્ય એટલું બધું જ અનુભવવા માટે કશું બાકી રાખતાં પણ ન હતાં. આખી ટ્રિપ આજે જ બધું જોઈ લેવું છે અને આજે જરા હળવાશથી વધુ પડતાં ન થાકીએ એના કોમ્બિનેશનથી ભરેલી હતી. અને તેની જ જરૂર પણ હતી. ખાસ તો એટલા માટે પણ કે મ્યુઝિયમમાં અને કૂકિંગ ક્લાસ કે કિન્ત્સુગી ક્લાસમાં વિતાવેલો સમય મજા કરાવતો પણ થકવી નાંખતો નહીં. શહેરમાં બધે અન્ડરગ્રાઉન્ડ ટ્રેન લેવા માટે ઘણું લાંબું ચાલવું પડતું. એવામાં ઘણી વાર તો હાઇક પર જવા કરતાં શહેરમાં ફરવામાં જ વધુ પડતાં સ્ટેપ્સ થઈ જતાં હતાં. એવામાં કુદરતમાં હાઇક કરવા જવાની ઇચ્છા થઈ આવી. જાપાનની આબોહવા જ જરા અલગ હતી. તેમાંય ત્યાંનાં સરોવરો અને શ્રાઇનની વચ્ચે વધુ રિલેક્સ થવાની લાલચે અમે ક્યોટોથી વધુ એક ડે ટ્રિપ કરવા માટે લેક બિવા તરફ નીકળી ગયાં.

આમ તો જાપાનમાં ફુજી સિવાય ખાસ મોટા પહાડો નથી. ફુજીની આસપાસનો વિસ્તાર તો સાવ સમથળ છે. એટલે જ તો તે ખાસ ઊભરીને અલગ તરી આવે છે. ફુજી, ટોક્યો અને શકુરા ફૂલોની બહારનું જાપાન જોવાનો હવે મોકો મળી રહ્યો હતો. એવામાં લેક બિવા જવાનું તો સાવ સરળ નીકળ્યું. તે આમ તો ક્યોટોનો જ હિસ્સો છે. દસ મિનિટની ટ્રેન રાઇડમાં તો બિવાનું પહેલું સ્ટોપ ઓત્સુ આવી ગયું.

આ લેકના કિનારાના વિસ્તારમાં એક રીતે તો કોઈ બીચ હોય તેવો માહોલ હતો. લેકને આઉટલાઇન આપતી થોડી ટેકરીઓ પણ હતી. એ જ વિસ્તારમાં અમે પહેલાં હાઈક કરીને ઉપર ટેકરી પર ગયાં અને વળતાં રોપવે લઈને પાછાં આવવું હતું. આ લેકનો વિસ્તાર પહેલી વાર જરા પ્રમાણમાં ટૂરિસ્ટ ફ્રી મળી ગયો. અહીં કાવાગુચિકો અને હાકોનેમાં હતાં તેમ દુનિયાભરનાં માણસો માથે નહોતાં પડતાં. અહીં ભીડ માત્ર ફાયરવર્ક ફેસ્ટિવલ દરમ્યાન વર્ષમાં એકવાર ખાસ જમા થતી હતી. આખાય વિસ્તારને ફરતે અંધારામાં ટેકરી પરથી આકાશમાં ફૂટતા ફટાકડાનું પાણીમાં પ્રતિબિંબ જોવાની કેવી મજા આવતી હશે તેની તો અમારે કલ્પના જ કરવી રહી.

આ જાપાનનું સૌથી મોટું મીઠા પાણીનું સરોવર છે. ક્યોટોમાં પાણીની સપ્લાય પણ આ જ લેકથી જ થાય છે. રિજનનું મોટાભાગનું સીફૂડ પણ આ તળાવમાંથી આવે છે. લેકનું પાણી કાચથી પણ વધુ પારદર્શક હોય તેવું લાગતું હતું. અહીં અનોખાં પક્ષીઓ પણ આંટા મારી રહ્યાં હતાં. તો પણ કોઈ કારણસર આ લેક બિવા જાપાનનાં મસ્ટ વિઝિટ સ્થળોનાં લિસ્ટ સુધી નથી પહોંચ્યું, એટલે જ કદાચ ત્યાં રજાને દિવસે પણ ભીડ નહોતી થતી. વળી ખુદ જાપાનનાં લોકો ગમે ત્યારે ફરવા અને મજા કરવા નીકળી પડે તેવું તો છે નહીં, એટલે વીકેન્ડ પર પણ જો ટૂરિસ્ટ ન હોય તો અહીં કુદરત શાંતિથી પોતાનામાં મસ્ત રહેતી હોય તેવું લાગતું હતું. આખા લેકનો કુલ ૨૭૫ કિલોમીટર જેટલો વ્યાપ છે. ત્યાં કંઈ માત્ર ક્યોટો જ નહીં, બીજાં નાનાં-મોટાં ઘણાં ગામ છે. અમે પહેલાં તો ઓત્સુ ગામ પર પહોંચ્યાં.

ત્યાંથી ઉપર ટેકરીની ટોચ પર બિવાકો ટેરેસ પર અદ્ભુત વ્યુવાળું કાફે છે. આ કાફે પર જે બ્લુ રંગનો શેડ દેખાય છે તે દુનિયામાં બીજે ક્યાંય દેખાયો નથી. અહીં સાવ સરળતાથી સાઇકલો રેન્ટ કરીને લેકને ફરતી પરિક્રમા કરી શકાય એટલો નાનો તો આ લેક હતો નહીં. પણ અમે કલાક જેવું લેકને કિનારે તાજી હવામાં બસ પૈડાં પર સરકવાની મજા લીધી. અહીં આ પ્રકારના હિલ સ્ટેશન પાસેનું સરોવર જે પણ મજા કરાવી શકે તે બધી ત્યાં કરવા માટે માત્ર એક દિવસ હતો. તેમાં લેક સાઇડ સાઇકલિંગ, બોટિંગ, કેબલ કાર, લોકલ સુશી, જાપાનીઝ ચીઝ કેક, બધું મજેથી ખાધા પછી પણ સમય બાકી હતો. અને થોડા કલાકો તો તે બ્લુ પાણીના કિનારે એક શ્રાઇનના ગેટનો પાણીમાં પડતો પડછાયો જોયા કર્યો. ન સોશ્યલ મીડિયાની ચિંતા, ન કોઈ ટાઇમ ટેબલ અનસરવાનું પ્રેશર. બસ ત્યાં સેવન ઇલેવનથી ગરમ કોફી મળી ગઈ હતી નાસ્તો તો સાથે હોય જ. તે દિવસે અમે લેક બિવા પર જાણે અડ્ડો જ જમાવી દીધો હતો.

તે શિરાહિજે શ્રાઇનના ગેટનો જાંબલી આકાશમાં સનસેટ પછી જે ફોટો પાડી શકાય છે તેની તો ભાગ્યે જ બીજા કોઈ સુંદર દૃશ્ય સાથે સરખાણી થઈ શકે. આ શ્રાઇન છેક બે હજાર વર્ષ પહેલાંની બંધાયેલી હોવાની વાત છે. આ પહેલાં હાકોનેમાં પણ પાણીમાં સબમર્જ થયેલો ગેટ જોવા મળેલો. પણ ત્યાં વધુ પડતી ભીડમાં થોડી જ વાર તેની પાસે શાંતિથી સમય વિતાવવા મળ્યો હતો. જ્યારે અહીં તો આ ગેટ માત્ર અમારી જ બે હજાર વર્ષોથી રાહ જોઈ રહ્યો હોય તેવું લાગતું હતું. આમારી આસપાસ બીજું કોઈ ફોટા પડાવવા થનગની નહોતું રહ્યું.

ઘણાં મજેદાર દશ્યો વચ્ચે અહીંની સૌથી આકર્ષક સાઇટ તો કદાચ તેના લોટિંગ ટાપુ ચિકુબુશિમાની જ છે. આ ટચૂકડા ટાપુ પર એક નાનકડું મંદિર પણ છે. ત્યાં માત્ર બોટથી જ જવાનું શક્ય છે. ત્યાં સ્થાનિકો એવું માને છે કે




ટાપુ પર જ ભગવાનનો વાસ છે. તે ટાપુને દૂરથી જુવો તો સાવ એકલો અટુલો હોય તેવું લાગતું હતું. લેક એટલો મોટો છે કે એક ગામથી બાજા ગામ વચ્ચે ફેરી સર્વિસ પણ ચાલે છે. આ ટાપુને તો એ દરમ્યાન પણ જોઈ શકાય તેમ છે. બાકી કિનારા પરનું વૈવિધ્ય જ માણસને દિવસો સુધી વ્યસ્ત રાખે તેવું છે. અહીં માણસ ધારે તો અઠવાડિયાનું શાંતિભર્યું વેકેશન વિતાવે અને રોજ અલગ પ્રવૃત્તિ કરે તો પણ કશું રિપિટ ન થાય તે નક્કી હતું. તેમાંય ઓમિશિરાહામા બીચ પર તો રેતી પણ દરિયાકિનારા જેવી હતી. હજી આ જ વિસ્તારમાં બે કિલ્લાઓ જોઈને અમે ઓસાકા તરફ આગળ નીકળવાનાં હતાં. આ પ્રવાસ હવે ત્રીજા ચરણમાં પહોંચી ચૂક્યો હતો. ■







# કિટી પાર્ટી



## ઇન્સ્પેક્ટર કરણ બક્ષીઃ કેસ ફાઈલ્સ

ટીના દોશી

કાંચી, કોશા, કુંજ, કાવેરી, કૃતિ, કાલિંદી, કનક, કાદંબરી અને કામાયની... નવગ્રહ અને નવરસ જેવી નવ સખીઓ. બધાનાં નામ ક અક્ષરથી શરૂ થતાં હતાં એ માત્ર યોગાનુયોગ જ હતો. પણ એ જ કારણસર સૌ વધુ નજીક આવેલાં એ હકીકત હતી. સમાજના ઉચ્ચ વર્તુળોમાં ચર્ચાનું કેન્દ્ર બની ગયેલી નવેય. સ્ટાઇલ ફંડા, ડ્રેસિંગ સેન્સ, લેટેસ્ટ ફેશનની સમજ, ટ્રેન્ડી કલર કોમ્બિનેશન...એક એકનું સિગ્નેચર સ્ટેટમેન્ટ આફરીન પોકારવા પરવશ કરી દે તેવું. નવેય સહેલીઓ એમની પ્રવૃત્તિઓને કારણે પણ પેજ થ્રી પર છવાયેલી રહેતી. કાંચી ચિત્ર પ્રદર્શનીનું ઉદઘાટન કરતી હોય, કોશા સ્ત્રી સશક્તીકરણનું પ્રવચન કરતી હોય, કુંજ મંત્રીશ્રી સાથે મંચ પર હોય, કાવેરી જ્વેલરીના જાજરમાન શોરૂમની રિબન કાપતી હોય, કૃતિ સમાજસેવા માટેના કોઈ સરઘસનું નેતૃત્વ કરતી હોય, કાલિંદી વેપારીમંડળની વિમેન્સ વિંગના વર્કશોપમાં વ્યસ્ત હોય, કનક વાનગી સ્પર્ધામાં નિર્ણાયક હોય, કાદંબરી સાહિત્યના સમારંભમાં મુખ્ય અતિથિ હોય અને કામાયની ટીવી ડિબેટમાં પેનલ પર હોય...!

આ તો માત્ર ઉદાહરણ છે. એવું નથી કે કોઈ એક સખી કોઈ એક ચોક્કસ માળખામાં બંધાયેલી હોય, કે કોઈ એક વિષયનું જ્ઞાન જ ધરાવતી હોય. એ બધી જ બધા જ પ્રકારના કાર્યક્રમોમાં ભાગ લેતી. વ્યાખ્યાન પણ આપતી અને મુખ્ય મહેમાનપદ પણ શોભાવતી. એવું નથી કે બધા જુદી જુદી જગ્યાએ યોજાયેલા કાર્યક્રમમાં જ ભાગ લેતી હોય, ક્યારેક એવો સંયોગ સર્જાતો કે નવે નવ સખી એક જ કાર્યક્રમમાં ઉપસ્થિત હોય. એવું થાય ત્યારે સમારંભમાં આકર્ષણનું કેન્દ્ર બની જતી, પણ એ માટે એક મહિના પહેલાં નિમંત્રણ આપવું જરૂરી હતું. અત્યંત વ્યસ્ત હતી નવેય.

નવે સખી વિવિધ પ્રવૃત્તિઓથી ઘેરાયેલી હોવા છતાં સતત સંપર્કમાં રહેતી. મહિનામાં એક વાર કિટીપાર્ટીમાં મળતી. વારાફરતી એક એક સખીને ઘેર સૌ મળતાં. સમય ત્રણથી છ. કોઈ ખલેલ ન પહોંચાડે એટલા પૂરતું ત્રણ કલાક સેવકને પણ છુટ્ટી. છેલ્લાં ત્રણ વર્ષથી આ ક્રમ જળવાઈ રહ્યો હતો. કિટી પાર્ટી હોય એ દિવસે સવારથી જ સૌ બપોરના ત્રણ વાગ્યાની રાહ જોતાં અને સમયસર પહોંચી પણ જતાં. ત્રણ કલાક માટે સૌ કોઈ પોતાનું બીજું બધું કામ ભૂલી જતાં. પરસ્પરના સહવાસમાં આનંદ કરતાં. વ્યસ્ત જીવનમાં એક બ્રેક જરૂરી હોય છે. નવી સ્ફૂર્તિ અને નવી ઊર્જા માટે. મહિનાના આ ત્રણ કલાકને અંતે નવેય એવું અનુભવતી કે નવેસરથી પ્રાણવાયુનો સંચાર થયો છે!

આજે કાંચીને ઘેર કિટીપાર્ટીનું આયોજન થયેલું. કાંચીએ બધી તૈયારીઓ કરી દીધેલી. ચા, કોફી, ઠંડાં પીણાં, ફ્રૂટ જ્યુસ, આઈસક્રીમ, ત્રણ ચાર પ્રકારની સેન્ડવીચ, મિક્સ પકોડા, સ્વીટ્સ, વેફર્સ, બાઈટિંગ માટે ડ્રાય ફ્રૂટ્સ. તૈયારી પૂરી. એટલામાં તો આઠેય સખીઓ પણ આવી પહોંચી. કોરમ પૂરું. નવેયે વિશાળ દીવાનખંડના પિસ્તા રંગના સુંવાળા સોફામાં બેઠક લીધી. દરેકે કંઇ ને કંઇ કહેવાનું હતું કે બતાડવાનું હતું.

ઓરેન્જ જ્યુસ પીતાં પીતાં કોશાએ પોતે પહેરેલી કાંથા વર્કની કિરમજી રંગની સાડી ભણી ઈશારો કરીને પૂછ્યું, 'કેવી લાગી આ સાડી? આજે પહેલી વાર જ પહેરી.'

કાલિંદીઃ 'સાડી તો બહુ સરસ છે, પણ તેં પહેરી છે એથી વધુ શોભે છે.'

કૃતિઃ 'તું સાડીથી નહીં, સાડી તારાથી શોભે છે.!' કનકઃ 'સાડી કેમ પહેરવી એ તો કોઈ તારી પાસે શીખે.'

દરેકે પોતપોતાની રીતે સાડીનાં વખાણ કર્યાં. સાડીપુરાણ પૂરું થયું. પછી કુંજ બોલીઃ 'આ જુઓ, મારો ચંદનહાર. અસલ સોનાનો છે. ચોવીસ કેરેટ સોનાનો. મારી સાસુએ આપ્યો છે. મેં તમને બતાડવા આજે જ પહેરી લીધો. કેવો છે?'

કાંચીઃ 'તારો હાર એટલો આકર્ષક છે કે નજર ખસેડવાનું મન જ ન થાય. જૂના જમાનાની ડિઝાઇન હવે તો જોવા જ ક્યાં મળે છે? તું તો ફાવી ગઈ.'

કાદંબરીઃ 'હાર ખરેખર સરસ છે. તું તો ભારે નસીબદાર કે તારી સાસુએ તને હાર આપી દીધો.'

કૃતિઃ 'કાશ! મારી સાસુ પાસે પણ આવો હાર હોત.'

દરેકે ચંદનહારનાં બે મોઢે વખાણ કર્યાં. હવે કાવેરીનો વારો હતો. વેજિટેબલ સેન્ડવીચનું બટકું મોંમાં મૂકતાં એણે પર્સ ખોલ્યું. નાનકડી નકશી કરેલી દાબડી ખોલી. એમાં ચળકતાં નીલમની અંગૂઠી હતી. એમાંથી પ્રકાશ એટલો રેલાતો હતો કે રાત્રે બત્તી બંધ થઇ જાય તો રોશનીનું કામ કરે. વીંટી ખૂબ સરસ હતી એમાં બેમત નહીં. બધાએ છુટ્ટે મોઢે પ્રશંસા કરી.

કામાયનીઃ 'અદ્ભુત!' કનકઃ 'અતિ સુંદર!' કૃતિઃ 'અફલાતૂન!' એમ કહીને આર્ટિસ્ટિક પેપર બેગમાંથી એક પુસ્તિકા કાઢીને બોલીઃ 'મેં અત્યાર સુધી જે પ્રવચનો કર્યાં છે તેનો સંગ્રહ છે. નામ છેઃ 'સ્ત્રી એક શક્તિ'. એની ફર્સ્ટ કોપી છે. આજે જ આવી. તો તમને બતાડવા લઇ આવી.'

કુંજઃ 'વાઉ. ધિસ ઈઝ એ રિયલ સરપ્રાઈઝ! ખૂબ ખૂબ અભિનંદન.'

કાંચીઃ 'આનું તો ભવ્ય લોકાર્પણ કરીશું. મહિલા કલ્યાણ મંત્રીને મુખ્ય મહેમાન તરીકે બોલાવીશું.'

કનકઃ 'સંગ્રહને ઇનામી સ્પર્ધામાં મોકલીશું. જરૂર પહેલો નંબર લઇ આવશે.'

નવે સખીઓએ હરખ કર્યો. પછી ક્રિસ્પી અનિયન પકોડું મોંમાં મૂકતાં કાલિંદી કહેઃ 'મારે કંઇ બતાડવાનું તો નથી, પણ વેપારી મંડળની વિમેન્સ વિંગમાં સર્વાનુમતે મને પ્રમુખ બનાવવાનું નક્કી કર્યું છે. બસ, એ સમાચાર આપવાના છે.'

કોશાઃ 'ખૂબ સરસ. ધેટ્સ ગ્રેટ!' કાદંબરીઃ 'તું છે જ પ્રમુખ થવાને લાયક.' કામાયનીઃ 'વિમેન્સ વિંગે સાચો નિર્ણય જ કર્યો છે.' દરેકે કાલિંદીને હાર્દિક શુભકામના પાઠવી અને હૃદયપૂર્વક અભિનંદન આપ્યાં. પછી કનક બોલીઃ 'મારે પણ એક ખુશખબર જ આપવાના છે. આ વખતે યોજાનારી સૌંદર્ય સ્પર્ધામાં મને મુખ્ય નિર્ણાયક બનાવી છે. સાત સભ્યોની બનેલી જ્યુરીમાં હું અધ્યક્ષ છું.'

કાંચીઃ 'વન્ડરફૂલ. આઈ કાન્ટ બિલીવ ધિસ! બટ, યુ ડિઝર્વ ધિસ!'

કુંજઃ 'તારી આગળ પાછળ બધા ઘૂમશે. તારે હવે જલસા.'

કૃતિઃ 'ફેશન શોના નિર્ણાયક તરીકે તેં સારું કામ કરેલું. એટલે જ તારા પર પસંદગીનો કળશ ઢોળ્યો હશે.'

દરેકે કનકને અભિનંદન પાઠવ્યાં. પછી કાદંબરી સ્વીટ ખાતાં કહેઃ 'હું ઘણાં સમયથી એક પુસ્તક લખી રહી હતી. એ પૂરું થયું છે. અને પ્રેસમાં આપ્યું છે. ત્રણ મહિનામાં છપાઈ જશે.'

કામાયનીઃ 'યુ, છૂપી રુસ્તમ. લેખિકા બની ગઈ. અમને ખબર પણ ન પડી.'

કૃતિઃ 'કોન્ગ્રેચ્યુલેશન્સ!' કાવેરીઃ 'તારું પુસ્તક સૌથી પહેલાં હું વાંચીશ.' દરેકે કાદંબરીને શુભેચ્છા આપી. પછી કામાયની કોફીનો ઘૂંટ ભરતાં કહે, ફેશન બ્રાન્ડવાળા લોકો મને એમની ભાગીદાર બનાવવા માંગે છે. આજે જ ફોન આવેલો.

કોશાઃ 'આ તો ખરેખર સારા સમાચાર છે.' કાલિંદીઃ 'ઓલ ધ બેસ્ટ.'

કનકઃ 'આજનો દિવસ ખરેખર સારો છે. બધાની પ્રગતિ થઇ રહી છે.'

દરેકે કાદંબરીને શુભકામના આપી. પછી આઠ સખીઓ એકસાથે બોલીઃ 'કાંચી, હવે તારો વારો. આ જુઓ...'

કહીને કાંચીએ એક લાલ મલમલના ટચૂકડા બટવાની રેશમી ડોરી ખોલી અને બટવો મેજ પર ઊંધો વાળ્યો. ચોવીસ હીરા ટેબલના ગ્લાસ ટોપ પર રેલાયા. પહેલ પાડેલા પાણીદાર હીરા. ઝળહળતા. ઝગમગતા હીરા. આઠ સખીઓની સોળ આંખો હીરા પર મંડાઈ રહી. મંત્રમુગ્ધ બનીને જોઈ રહી. આઠે સખી એકસાથે બોલી પડીઃ 'બેનમૂન! બેમિસાલ!'

આ હીરાનો હાર બનાવવો છે... કાંચી બોલી અને મેજ પરથી હીરા પેલા બટવામાં ભરવા લાગી. પછી બધી સખીઓ વાતે વળી. ટોળટપ્પાં કરવા લાગી. વચ્ચે વચ્ચે હાસ્યની છોળ ઊડતી. એવી જ કોઈ વાતે બધાં હસતાં હતાં એવામાં એકાએક કાંચી ગંભીર બની ગઈ અને એકદમ ચીસ પાડી ઊઠી. સૌનું હસવું બંધ થઇ ગયું. કાંચીની ચીસો બંધ થવાનું નામ નહોતી લેતી. એ મેજ ભણી ઈશારો કરીને કહી રહી હતીઃ 'મારો બટવો...બટવો નથી! અહીં જ તો મૂક્યો હતો. આટલી વારમાં ક્યાં ગયો? મારા હીરા...ચોવીસ હીરા ગયા!'

અરે, એમ તે હોય! બટવો અહીં જ તો હતો. અહીંથી ક્યાં જાય? કહીને સખીઓ સાંત્વન આપવા લાગી. પણ બટવો ખરેખર નહોતો. આ તો હસવામાંથી ખસવું થઇ ગયું. એવામાં કુંજ બોલી ઊઠીઃ 'અરે, પેલો રહ્યો બટવો. મેજના પાયા પાસે!' કાંચી એકદમ નીચે નમી ગઈ. કદાચ પોતાનાથી જ બટવો નીચે પડી ગયો હશે! મેજના પાયા ટૂંકા હતા. નીચે વળીને, મેજની નીચે હાથ લંબાવીને, થોડું ફંફોસ્યું એટલે બટવો હાથમાં આવી ગયો. કાંચીને હાશકારો થયો. પણ આ શું? બટવો ખાલી હોય એમ કેમ લાગે છે? લાવ બટવો ખોલીને જોઈ લેવાં દે. કાંચીએ બટવો મેજ પર ઊંધો વાળ્યો. કશું ન નીકળ્યું. બટવો ઝાટક્યો. બે ત્રણ વાર ખંખેર્યો. પણ કશું ન જ નીકળ્યું. કાંચીએ બટવામાં હાથ નાખીને ફંફોસ્યો. બટવો ખાલીખમ. બટવામાંથી હીરા ગાયબ થઇ ગયેલા. કાંચીએ વેધક નજરે સખીઓ સામે જોયુંઃ 'હીરા તમારામાંથી જ કોઈએ લીધા છે!'

'અમે...અમે શું કામ લઈએ તારા હીરા? બટવો છે તો હીરા પણ અહીં જ હશે. આમતેમ વેરાયા હશે.' સખીઓ બોલી, પણ હીરા નહોતા એ હકીકત હતી. કાંચીનો વિશ્વાસ પણ ઊઠી ગયો. મનમાં થયું કે, ભરોસાની ભેંસ પાડો જણે! એ શાંતિથી બોલીઃ 'જુઓ, ઘરમાં આપણા નવ જણ સિવાય કોઈ નથી. એટલે હીરા પણ આપણામાંથી જ કોઈ એક પાસે છે. હીરા મારા હતા અને હવે મારી પાસે નથી. એટલે તમારા આઠમાંથી કોઈ એક પાસે જ છે. સીધી રીતે આપી દે તો સારું છે, બાકી મારે પોલીસ બોલાવવી પડશે.'

'પોલીસ... પોલીસ શું કામ બોલાવવી પડે? એવું હોય તો તું અમારી તલાશી લઇ લે. શું અમે ચોર છીએ?' સખીઓ બોલી. કાંચીએ ખરેખર તલાશી લીધી. વસ્ત્રોની, પર્સની, બેગની, વાળની...સારી પેઠે અંગઝડતી લીધી. કોઈની પાસેથી કંઇ ન મળ્યું. પણ કાંચીને ખાતરી હતી કે હીરા એની સખીઓમાંથી કોઈ એકે જ ચોર્યા છે! એટલે સહેલીઓના વિરોધ છતાં એણે પોલીસ બોલાવી. ઇન્સ્પેક્ટર કરણ બક્ષી અને ઝલક દીક્ષિત આવ્યા. કાંચીએ માંડીને વાત કરી. કરણે પૂછપરછ શરૂ કરી. ઝલક નિવેદન નોંધવા લાગી. પ્રશ્નોત્તરીની શરૂઆત કાંચીથી થઇ.

કરણઃ 'તમે છેલ્લે હીરા ક્યારે જોયેલા?'

કાંચીઃ 'હમણાં જ. કદાચ કલાકેક થયો હશે. મેં સખીઓને હીરા બતાડ્યા અને બટવો અહીં મેજ પર જ મૂક્યો. પછી સૌ વાતે વળગ્યાં. થોડી વાર પછી જોયું તો બટવો ગુમ.પછી કુંજે બટવો નીચે પડેલો જોયો. પણ એ ખાલીખમ હતો.!'

કરણઃ 'હં, હવે એ કહો કે તમે લોકો વાતો કરતા હતા ત્યારે બધાં બેસી જ રહેલા કે પછી કોઈ વચ્ચે ઊભું પણ થયેલું?'

કાંચીઃ 'અં, યાદ કરવા દો. અરે હા, અમે ગપાટા મારતાં હતાં ત્યારે કોશા લેમન જ્યુસ લેવા કિચનમાં ગયેલી. મેં મારા માટે પણ જ્યુસ મંગાવેલું.'

કોશાઃ 'હું જ્યુસ લઈને બહાર નીકળી ત્યારે કાવેરી ઠંડું પાણી લેવા રસોડામાં આવેલી, એ કેમ નથી કહેતી?'

કાવેરીઃ 'ઠંડું પાણી પીવું એ કાંઈ ગુનો છે? હું પાણી પીવા ગઈ તો ખરી, પણ ઠંડું પાણી ખલાસ થઇ ગયું. આઈસ ટ્રે પણ ખાલી. એટલે મેં આઈસ ટ્રેમાં પણ પાણી ભરીને બરફ જામવા મૂક્યો. વળી, મારા પછી તો કૃતિ પણ ઠંડું પાણી લેવા ઊભી થયેલી. એનું નામ કેમ કોઈ નથી લેતું?'

કૃતિઃ 'કોઈ મને સમજાવે કે ઠંડું પાણી પીવાને હીરા સાથે શો સંબંધ? હું પાણી પીવા ગઈ ત્યારે કાલિંદી પણ પકોડા લેવા રસોડામાં આવેલી. અને હા, ઠંડું પાણી તો ખલાસ થઇ ગયેલું. આઈસ ટ્રેમાં પણ બરફ જામ્યો નહોતો.'

કાલિંદીઃ 'અં, મને યાદ છે કે હું પકોડા લેવા ગઈ ત્યારે કનક સેન્ડવીચ લેવા આવેલી. એનો અર્થ એવો થોડી થાય છે કે મેં હીરા ચોર્યા છે?'

કનકઃ 'મને પણ યાદ આવે છે કે હું સેન્ડવીચ પ્લેટમાં મૂકતી હતી ત્યારે કાદંબરી ચીઝ સેન્ડવીચ લેવા આવેલી. એમાં હીરા ક્યાં આવ્યાં?'

કાદંબરીઃ 'હું ચીઝ સેન્ડવીચ લઈને બહાર આવી ત્યારે કામાયની કાજુકતરી લેવા આવેલી. મારી પાસે હીરા નહોતા.'

કામાયનીઃ 'હીરા તો મારી પાસે પણ નહોતા. હું કાજુકતરી લેતી હતી ત્યારે કુંજ આવેલી. એને આઈસક્રીમ જોઈતો હતો.'

કુંજઃ 'હીરા મારી પાસે પણ નથી. કોશાએ જ્યુસનો ગ્લાસ ભર્યો ત્યારે જ હું આઈસક્રીમ લેવા ગયેલી. મને આઈસક્રીમ અને કોલ્ડ ડ્રિન્ક્સ બહુ ભાવે છે.'

ઝલકે બધાંનાં નિવેદન નોંધી લીધાં. પછી કરણ સામે જોઇને કહ્યુંઃ 'આમાં તો કંઇ ખબર નથી પડતી. કોઈ પાણી પીવા જાય, કોઈ પકોડા લેવા જાય, કોઈ સેન્ડવીચ લેવા જાય, કોઈ આઈસક્રીમ લેવા તો કોઈ જ્યુસ લેવા જાય, એનાથી કેવી રીતે ખબર પડશે કે હીરાચોર કોણ છે?'

'જોઈએ..કોઈક કડી તો મળશે.' કરણે નિવેદનો પર નજર કરી.એની આંખમાં વીજળીનો ચમકાર થયો. પછી કંઈક વિચારીને બોલ્યોઃ 'કાંચી, સૌને જવા દો. પછી મારે તમારી સાથે ખાસ વાત કરવી છે.'

'પણ...મારા હીરા..!' કાંચી કંઇ કહેવા જતી હતી, પણ માત્ર કાંચી જ સમજી શકે એવો સંકેત કરણે કર્યો. કાંચીએ સૌને જવા કહ્યું. આઠે સખીએ પોતાની પર્સ ઉપાડી. અને દરવાજા ભણી જવા લાગી. ઓચિંતી એક સખી પાછી વળી. કાંચીને કહ્યુંઃ 'મારું ફ્રીઝ બગડેલું છે. મને આઈસબેગમાં બરફ જોઈએ છે. લાવને હું જાતે જ લઇ લઉં. તને ક્યાં તકલીફ આપવી?' આમ કહીને એ સખી રસોડામાં ગઈ. ફ્રીઝમાંથી બરફની ટ્રે કાઢી અને આઈસબેગમાં ખાલી કરી. પછી સહાનુભૂતિથી બોલીઃ 'જો, ચિંતા નહીં કરતી. હીરા મળી જશે, હં?'

'હીરા મળી જશે નહીં...' કરણ બોલ્યોઃ 'હીરા મળી ગયા છે!'

'ક્યાં છે? ક્યાં છે હીરા?' કાંચીની સાથે જ સખીઓ પણ બોલી ઊઠી. કરણે મેજ પર પડેલા એક પાત્રમાં પેલી આઈસબેગમાં ભરેલા બરફના ચોસલા નાખ્યા. અને રાહ જોવા કહ્યું. પાંચેક મિનિટમાં બરફ પીગળવા લાગ્યો. થોડી જ વારમાં બરફનું પાણી થઇ ગયું અને એમાં સ્ફટિક સમા હીરા ચળકવા લાગ્યા. હીરા જોઈને સખીઓના ચહેરા ચમકવા લાગ્યા, માત્ર એક સખી સિવાય. એ કાવેરી હતી!

કાંચીઃ 'ઇન્સ્પેક્ટર, તમને કેવી રીતે ખબર પડી કે બરફમાં હીરા છે?'

કરણઃ 'મેં નિવેદન વાંચ્યું ત્યારે એક બાબત ઊડીને આંખે વળગી કે જયારે જે કોઈ રસોડામાં ગયું, ત્યારે એનું કોઈક સાક્ષી હતું. કોશાની સાક્ષી કુંજ, કૃતિની કાલિંદી, કાલિંદીની કનક, કનકની કાદંબરી, કાદંબરીની કામાયની, કામાયનીની કુંજ અને કુંજની કોશા. આ બધા પરસ્પરના સાક્ષી છે. કોઈ રસોડામાં એકલું નહોતું, સિવાય એક કાવેરી.એ રસોડામાં ગઈ ત્યારે બીજું કોઈ હાજર નહોતું. એટલે એણે રસોડામાં શું કર્યું એ બીજું કોઈ જાણતું નથી.મને એના પર શંકા પડી. પણ એણે હીરા ક્યાં છુપાડ્યા હશે એ ખ્યાલ આવતો નહોતો. એટલે મેં ચોર સામે ચાલીને જ કહે એવું ગોઠવ્યું. સૌને જવા કહ્યું. ચોર કોઈ રીતે હીરા સાથે લઇ જવા બહાનું કાઢશે, એવું મેં ધારેલું. મારી ધારણા સાચી પડી. કાવેરીએ આઈસબેગમાં બરફ ભર્યો. એટલે મને ખબર પડી કે હીરા બરફમાં છુપાવ્યા છે! બોલો કાવેરી, ખરું કે ખોટું?'

કાવેરીએ કબૂલ કર્યુંઃ 'હીરા જોઇને મારી દાઢ સળકી. બધાં વાતોમાં મશગૂલ હતાં ત્યારે મેં બટવામાંથી હીરા કાઢી લીધા અને પાણી પીવાના બહાને રસોડામાં જઈને આઈસ ટ્રેમાં પાણી સાથે ભરીને ફ્રીઝમાં મૂકી દીધા. ફ્રીઝ બગડ્યું હોવાના બહાને જતી વખતે બરફ લઇ જઈશ એવું વિચારીને, પણ....!'

કાવેરી રડી પડી, પણ એનાં આંસુ લૂછનાર કોઈ નહોતું. દોસ્તીને નામે એણે દગો કર્યો હતો! ઝલકે એને હાથકડી પહેરાવી ત્યારે આઠેય સખીઓને પેલી કહેવતનું સ્મરણ થયું કે, 'જેવી કરણી તેવી ભરણી!' ■


આવતા અઠવાડિયે નવી કથા

# સ્થાપત્યના ક્ષેત્રમાં ચર્ચાની આવશ્યકતા

સ્થાપત્યનું વાઈ-ફાઈ

હેમંત વાળા feedback@bombaysamachar.com







ઘણીવાર એ પ્રશ્ન થાય છે કે જ્યાં પ્રત્યેક કળાના વિવિધ સ્વરૂપને સમાજ સુધી પહોંચાડવા વિવિધ પ્રયત્નો થતાં હોય છે તેમાંથી સ્થાપત્ય કેમ બાકાત રહી જાય છે. કળાના અન્ય સ્વરૂપ માટે પ્રદર્શની, ચર્ચાસભા, નિલામી, કાર્યશાળા, વિવેચનાત્મક પ્રવચન જેવી પ્રવૃત્તિઓને પ્રોત્સાહન અપાય છે. આ સાથે આ વિષયને લગતાં પુસ્તકોના વિવેચન અને વેચાણ માટે પણ પ્રોત્સાહન અપાય છે. આ એક આવકારદાયક સ્થિતિ છે. સ્થાપત્યમાં આ પ્રમાણેની થોડી ઘણી પ્રવૃત્તિ થાય છે, પણ તેનો પ્રકાર કે તેની માત્રા એટલાં અસરકારક નથી હોતાં.

સ્થાપત્ય એ જવાબદારી પૂર્વકનું ક્ષેત્ર છે. અહીં કળા, વિજ્ઞાન, ઇજનેરી કૌશલ્ય, રાજકીય વ્યવસ્થા, આર્થિક સમીકરણો, સામાજિક અગ્રતાક્રમ, વ્યક્તિગત સંવેદનશીલતા અને પ્રવર્તમાન કાયદા પ્રમાણે રચના નિર્ધારિત થતી હોય છે. સ્થાપત્યની રચના જેટલી જટિલ જણાય છે તેનાથી વધુ જટિલ હોય છે. તેથી કદાચ અહીં ચર્ચાની વધારે જરૂર છે. વળી સ્થાપત્યની રચનાના નિર્ધારણ માટે કોઈ સર્વસંમત કહી શકાય તેવી સ્થાપિત પ્રક્રિયા નથી અને તેથી દરેક વ્યક્તિ પોતાની ઈચ્છા પ્રમાણે રચનાની પ્રક્રિયામાં આગળ વધે છે. આમ તો સ્થાપત્યની રચના માટે જુદી જુદી થિયરી, જુદા જુદા સિદ્ધાંત જોવાં મળે છે, પણ તેનો પ્રભાવ અભ્યાસ - શિક્ષણ ક્ષેત્ર સુધી જ રહે છે. સાથે સાથે સ્થાપત્યના ક્ષેત્રમાં રચનાના જે તે પ્રકારથી - રચનાની જે તે પ્રક્રિયાથી કયું પરિણામ ઉદ્ભવી શકે તે વિશે સ્પષ્ટતા નથી. અહીં ક્યાંક બહુ ચર્ચિત કાર્ય-કારણનું સમીકરણ નજરે નથી ચડતું. કોઈપણ પ્રકારની રચના પ્રક્રિયાથી કોઈપણ પ્રકારનું પરિણામ ઉદ્ભવી શકે છે. આ દિશામાં પણ ચર્ચાની જરૂર છે અને સંશોધન પણ જરૂરી છે.

તકલીફ એ છે કે જ્યારે કળાની વાત આવે ત્યારે સ્થાપત્ય ઇજનેરી બાબતોની વાતે ચડી જાય છે અને જ્યારે તેવી વાતોની ચર્ચા થાય ત્યારે સ્થાપત્ય કળાના ખોળામાં બેસી જાય છે. સ્થાપત્યનું ક્ષેત્ર પકડી ન શકાય તેવું બની રહ્યું છે. અહીં બધું જ સ્વેચ્છાએ થાય છે પણ તેની પાછળ પાછળથી કારણો જોડી દેવાય છે. અહીં નિર્ણય અનુકૂળતા પ્રમાણે લેવાય છે પછી જે તર્ક જ્યાં બંધબેસતો જણાય ત્યાં તેને વહેતો કરાય છે. જે દલીલ ફાયદાકારક હોય તેનો પ્રચુર ઉપયોગ જોવાં મળે છે. આ બધાની ચર્ચા થવી જોઈએ, બધાએ સાથે મળીને આ ચર્ચા કરવી જોઈએ,

ભારતના પરિપ્રેક્ષ્યમાં કહીએ તો સ્થાપત્યના ક્ષેત્રમાં વિવેચનને હજુ હકારાત્મકતાથી લેવાતું નથી. અહીં બધાનાં વખાણ કરવાં જરૂરી છે, અહીં બધાનાં વખાણ જ કરવાં પડે છે. તટસ્થતાથી, વ્યવસ્થિત વિશ્લેષણ કરીને, સંશોધનનો હેતુ સ્થાપિત કરી તે દિશાનું સંશોધન આ ક્ષેત્રમાં પ્રચલિત નથી. અહીં જો કોઈ કશું કહી દે તો વ્યક્તિગત ખટરાગ ઊભો થાય છે. એમ જણાય છે કે અહીં પરસ્પર બધાંને સાચવી લેવાય છે. આ તંદુરસ્ત પ્રથા નથી. જો ટીકા જરૂરી હોય તો, સ્થાપત્યની કોઈપણ રચનાની ટીકા થવી જોઈએ. આ પ્રકારના વિચાર-વિનિમયમાં સામાન્ય માનવીનો અભિપ્રાય પણ સકારાત્મકતાથી લેવાવો જોઈએ. ઇતિહાસ સાક્ષી છે, સ્થાપત્યના વિષયની ચર્ચામાં અન્ય વ્યક્તિ ભાગ્યે જ પ્રવેશતો હોય છે.

જો ગ્રાહકમાં જાગ્રતતા હશે તો વ્યવસાયિકે પોતાનું ઉત્તરદાયિત્વ વધુ ગંભીરતાથી નિભાવવું પડશે. સારું પરિણામ લાવવા માટે ઉપયોગકર્તા જાગ્રત હોય તે જરૂરી છે. ગ્રાહક પાસે પ્રાથમિક જ્ઞાન તો હોવું જ જોઈએ. જરૂર જણાય ત્યાં ગ્રાહકને એજ્યુકેટ પણ કરવો પડે. ગ્રાહકનું ચયન યોગ્ય રહે તે માટે તેને પૂરતું એક્સપોઝર આપવું પડે. ગ્રાહકનો ખોટો આગ્રહ દૂર થાય તે માટે તેનો દ્રષ્ટિકોણ વિસ્તૃત થાય તે માટે પ્રયત્ન કરવાં જોઈએ. ગ્રાહક અને સમાજની સમજણ વચ્ચે અનિચ્છનીય ભિન્નતા ઊભી થાય ત્યારે સમગ્રતામાં, બધા માટે હિતકારી હોય તેવો નિર્ણય લેવાય તે માટે ગ્રાહક સાથે વ્યવસ્થિત સંવાદ સ્થાપવો પડે. આ બધા માટે એક મંચ જરૂરી છે. સ્થાપત્યના ક્ષેત્રમાં આ પ્રકારના પ્રયત્ન નહિવત હોય તેમ લાગે છે.

ઉચ્ચ શ્રેણીના સ્થાપત્ય માટે ગ્રાહકની સંવેદનશીલતા જરૂરી ગણાય. સ્થાપત્યની રચનાની ગુણવત્તા સુધરે તે માટે સકારાત્મક ચર્ચા ઈચ્છનીય ગણાય. સ્થાપત્ય વધુ અસરકારક રીતે સ્વીકૃત બને તે માટે વિવિધ પ્રકારની રચનાનું વૈજ્ઞાનિક ઢબે વિશ્લેષણ થવું જોઈએ. પર્યાવરણને લગતાં કે સંસાધનોને લગતાં પ્રશ્નો ગંભીરતા ધારણ કરે તે પહેલાં વૈકલ્પિક વ્યવસ્થા ઊભી કરી તે પ્રમાણેના પ્રયોગો થવાં જોઈએ, અને તે માટે પ્રોત્સાહન મળવું જોઈએ. સ્થાપત્યની રચનામાં વિશ્વનાં સંસાધનો સારી એવી માત્રામાં ઉપયોગમાં લેવાઈ જાય છે. આનાથી ભવિષ્યમાં ઊભા થનારાં સંભવિત પડકારને પહોંચી વળવા માટે પણ આ પ્રમાણેનું આયોજન થવું જોઈએ.

આ બધી પ્રવૃત્તિઓ સરકાર કે અર્ધ-સરકારી સંસ્થાઓ કરી શકે. વ્યવસાયિક સંસ્થાઓ દ્વારા પણ આ પ્રકારની પ્રવૃત્તિઓ થઈ શકે. સ્થાપત્યના ક્ષેત્રની શિક્ષણ સંસ્થાએ તો આ બધામાં ખાસ રસ લેવો જોઈએ. કેટલીક સમાજસેવી સંસ્થાઓ પણ આ પ્રકારની પ્રવૃત્તિમાં રસ લઈ શકે. પ્રચાર-પ્રસારનાં માધ્યમોનો ઉપયોગ કરી સમાજ સુધી જે તે વાત પહોંચી શકે તે માટે પણ વ્યવસ્થિત પ્રયત્નો થવાં જોઈએ. વ્યક્તિગત ધોરણે પણ અમુક પ્રકારનાં કાર્ય થઈ શકે.

આ બધા માટે ઈચ્છા-શક્તિ જરૂરી છે. એમ જણાય છે કે સ્થપતિ પોતાનાં વર્તુળમાં રહેવા જ માગે છે. એને ક્યાંક એના સર્જનાત્મક વિચારોની ચોરીનો ડર તો નહિ હોય ને. જો એમ હોય તો પણ તે પ્રકારની માનસિકતામાંથી બહાર નીકળવું જરૂરી છે. આ સમય સંવાદનો છે. સંવાદ થકી જ સમાજમાં એક પ્રકારની પરિપક્વતા સ્થાપિત થવાની સંભાવના વધશે. સ્થાપત્ય આમાં અપવાદ ન હોઈ શકે.

સ્થાપત્ય હવે સમાજ સુધી જુદા સ્વરૂપે પહોંચે તે જરૂરી છે. સ્થાપત્યમાં હવે સમાજના દરેક વર્ગનો અભિપ્રાય લેવાની જરૂર છે. સ્થાપત્ય એ હવે સમાજના દરેક અંગ સાથે તાલમેલ મેળવી સમગ્રતામાં સમગ્રતાથી સંમિલિત થવાની જરૂર છે. આ માટે જે પ્રકારના કાર્યક્રમની જરૂર હોય, જે પ્રકારનું આયોજન જરૂરી હોય તે શક્ય તેટલી ઝડપથી શરૂ થવું જોઈએ. ■

## એક નજર ઈધર ભી... બ્રસેલ્સ: ફિઝિક્સથી ફિલોસોફીનો ફેરો

### બેલ્જીયમના પાટનગરમાં એટોમિયમ અને સોક્રેટિસ કેફે વિશેષ મહત્ત્વ ધરાવે છે

કામિની શ્રોફ
feedback@bombaysamachar.com

*ફ્રેન્ચ ફ્રાઈઝ (આપણી પોટેટો ચિપ્સ), વોફલ્સ, ચોકલેટ અને બિયર માટે પ્રખ્યાત બેલ્જીયમ યુરોપનો સમૃદ્ધ દેશ છે. દેશનું અર્થતંત્ર મજબૂત છે અને છથી ૧૫ વર્ષનાં બાળકો માટે શિક્ષણ ફરજિયાત છે. વૈજ્ઞાનિક વિચારધારાને પ્રાધાન્ય અપાય છે. બેલ્જીયમની મુલાકાત લેતી વખતે અનેક લોકોની જેમ પહેલા પાટનગર બ્રસેલ્સની મુલાકાત લીધી. શહેરની કેટલીક ખાસિયતો છે જે ગમ્મત તો કરાવે છે અને સાથે સાથે જ્ઞાનવર્ધક સુધ્ધાં છે. એક તરફ ફિઝિક્સ (ભૌતિકશાસ્ત્ર)ના પ્રતીક જેવું એટોમિયમ છે તો બીજી તરફ ફિલોસોફી (તત્ત્વજ્ઞાન)થી પરિચિત કરાવતું સોક્રેટિસ કેફે સુધ્ધાં છે. બ્રસેલ્સ એટલે ફિઝિક્સથી ફિલોસોફી સુધીની સફર જેમાં જીવન દર્શન છે, જીવનનો અર્થ છે. બ્રસેલ્સના મુકામ દરમિયાનના યાદગાર સંભારણાં પ્રસ્તુત છે.*

### હાલીબ્રોસ - ભૂરું વન


હાલીબ્રોસ: સૌંદર્યનો સાક્ષાત અવતાર

ડચ ભાષામાં 'બ્રોસ'નો અર્થ થાય છે વન - જંગલ અને હાલી બેલ્જીયમનું એક શહેર છે. હાલી શહેરના વનમાં કુદરતનો કરિશ્મા જોવા લાખોની સંખ્યામાં દર વર્ષે એપ્રિલમાં બ્રસેલ્સ નજીકના આ શહેરમાં આવી પહોંચે છે. એના રંગને કારણે 'બ્લુબેલ્સ' તરીકે ઓળખાય છે. સૌંદર્યનો સાક્ષાત અવતાર એવા આ ફૂલ જાદુ પાથરે છે, એની અનોખી આભા છે... વિશેષણો ઓછા પડે. નરી આંખે જોઈને જ એનું સૌંદર્ય મહેસૂસ થાય. અત્તરને ભુલાવી દે એવી સુગંધ ધરાવતા હાલીબ્રોસનું વન ૫૪૨ હેક્ટરમાં ફેલાયેલું છે. આજની તારીખમાં હાલીબ્રોસ બેલ્જીયમ સરકારના અખત્યાર હેઠળ છે. જોકે, એની માલિકી કેટલાક હાથમાં ફરી ચૂકી છે. ઈતિહાસ કહે છે કે સાતમી સદીમાં અંગત માલિકીનું હતું. ૧૩મી સદીમાં બ્રસેલ્સના રાજવીઓના તાબામાં આવ્યું અને ૧૭મી સદીમાં ફરી અંગત માલિકીનું બની ગયું હતું. એ સમયે વન વિસ્તાર ૧૧૨૫ હેક્ટરમાં ફેલાયેલું હતું. ૧૭૯૪માં ફ્રેન્ચ લશ્કરના કબજામાં આવ્યું, પછી નેધરલેન્ડ્સની માલિકી થઈ. કમનસીબે પ્રથમ વિશ્વ યુદ્ધમાં જર્મન લશ્કરે એને ખેદાનમેદાન કરી નાખ્યું. સદનસીબે ૧૯૨૯માં હાલીબ્રોસ બેલ્જીયમ સરકાર હસ્તક આવ્યું અને ૧૯૩૦થી ૧૯૫૦ દરમિયાન એની ખૂબ ખાતર બરદાસ્ત થઈ અને આજનું સુંદર સ્વરૂપ અસ્તિત્વમાં આવ્યું. આ ફૂલ એટલા નાજુક હોય છે કે આંગળી પણ અડી તો ખરી પડે છે. એટલે સહેલાણીઓએ નિશ્ચિત કરેલી કેડી પર જ ચાલવાનું હોય છે.

### સોક્રેટિસ કેફે

મનુભાઈ પંચોળી 'દર્શક'ના આપણે આભારી છીએ કે ગુજરાતીમાં 'સોક્રેટિસ' નવલકથા લખી મહાન ગ્રીક તત્ત્વજ્ઞાનીથી આમ જનતાને પરિચય કરાવ્યો. સદગુણ એટલે જ્ઞાન એવી વ્યાખ્યા આપનારા સોક્રેટિસે તત્ત્વજ્ઞાન એકદમ સામાન્ય માણસ સુધી પહોંચાડ્યું. માનવ જીવનને ઉત્તમ બનાવતા વિચારો કરવાની તેની નેમ હતી. ૧૯૯૬માં ક્રિસ્ટોફર ફિલિપ્સ નામના ગ્રીક અમેરિકન લેખકે વિશ્વવિખ્યાત ઐતિહાસિક વિચારકોનો વારસો આગળ વધારવાના આશય સાથે સોક્રેટિસ કેફેની પ્રવૃત્તિ શરૂ કરી જેમાં સોક્રેટિસની વિચારધારાને વ્યાપક બનાવવાની કોશિશ થઈ રહી છે. બ્રસેલ્સમાં પણ આવું કેફે છે જેની મુલાકાત લેનારાઓની સંખ્યા મોટી નથી, પણ સારી છે.

આ ઉપરાંત બ્રસેલ્સમાં પેલેસ ઓફ જસ્ટિસ, રોયલ મ્યુઝિયમ ઓફ ફાઈન આર્ટ્સ, રોયલ ગ્રીન હાઉસ, હોર્ટ મ્યુઝિયમ જેવા બીજા પણ માણવા લાયક સ્થળો છે. કોઈનું સ્થાપત્ય, કોઈનો ઈતિહાસ તો કોઈના સૌંદર્ય - ભવ્યતા હેરત પમાડે છે. અને હા, સ્થાનિક લોકો કિંગ લિયોપોલ્ડ-બીજાનો ઉલ્લેખ કરે છે. બેલ્જીયમના ઈતિહાસમાં આ રાજા 'બિલ્ડર કિંગ' તરીકે પ્રખ્યાત છે. અનેક પબ્લિક અને પ્રાઈવેટ પ્રોપર્ટીનું બાંધકામ તેણે કરાવ્યું હતું.

### એટોમિયમ


એટોમિયમ: વિજ્ઞાન દર્શન

૧૮૩૦ની ક્રાંતિ પછી બેલ્જીયમને આઝાદી મળી. સ્વતંત્રતાની પચીસમી વર્ષગાંઠે ૧૮૫૫માં બેલ્જિયમમાં વિશાળ પાયે રાષ્ટ્રીય ઉજવણીનો પ્રારંભ થયો. એના ૧૦૦ વર્ષ પછી ૧૯૫૮માં 'એક્સપો ૫૮' નામના વર્લ્ડ ફેરનું આયોજન બ્રસેલ્સમાં કરવામાં આવ્યું હતું. પેરિસના વિશ્વવિખ્યાત આઇફેલ ટાવર (એફિલ ટાવર)ની ઊંધી પ્રતિકૃતિ તરીકે એક ઈમારત બાંધવાની યોજના હતી. જોકે આ વિચાર કાગળ પર જ રહી ગયો, કારણ કે ૧૯૫૦ના દાયકામાં ઍટમિક એજ, અણુ યુગથી મનુષ્ય જીવનમાં પરિવર્તનો આવવાના શરૂ થઈ રહ્યાં હતાં. આ પરિસ્થિતિએ મૂળભૂત વિચારનો જ છેદ ઉડાડી દીધો. પરિણામે આઇફેલ ટાવરની પ્રતિકૃતિ કરવાને બદલે વિજ્ઞાનનું સ્વરૂપ ધરાવતો ઍટોમિયમ પાર્ક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો. એટોમિયમ માનવજાતના વિકાસ અને ઉન્નતિમાં વૈજ્ઞાનિક વિચારધારા અને અભિગમના મહત્ત્વનો સ્વીકાર કરે છે.

સ્ટીલની બનેલી આ ઈમારત ૩૩૫ ફૂટ ઊંચી છે અને એનો વ્યાસ ૫૯ ફૂટ છે. એમાં કુલ ૯ ગોળા (SPHERE) છે. ૧૦ ફૂટ વ્યાસની ટ્યુબ બધા ગોળાને જોડે છે. સ્ટીલ એ લોખંડનું રાસાયણિક સ્વરૂપ છે. એનો દેખાવ લોખંડના ક્રિસ્ટલ અથવા સ્ફટિકને મળતો રાખવામાં આવ્યો છે. સમગ્ર બાંધકામને એલ્યુમિનિયમનું કોટિંગ લગાડવામાં આવ્યું છે અને એનું વજન ૨૪૦૦ ટન છે. સૌથી ઉપરના ગોળામાં પહોંચીને સમગ્ર બ્રસેલ્સ શહેરનું દર્શન કરી શકાય છે. થોડાં વર્ષ પહેલા આ ભવ્ય ઇમારતનું રિનોવેશન કરવામાં આવ્યું હતું. ઈમારતને એવી લોકપ્રિયતા મળી કે સહેલાણીઓ માટે અનેરા આકર્ષણનું કેન્દ્ર બની ગયું અને બ્રસેલ્સના વિકાસમાં એનું મોટું યોગદાન રહ્યું છે. સાયન્ટિફિક ટેમ્પરનું પ્રતિબિંબ એવી આ ઈમારતનો સૌથી મોટો ફાયદો એ થાય છે કે એ કોઇ પણ વિચારધારાને જડ બનતા અટકાવી શકે છે. આ દૃષ્ટિએ ઍટોમિયમ જેવા સ્ટ્રક્ચર કેટલું મહત્ત્વ ધરાવે છે એ સમજાય છે.

### મ્યુઝિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ મ્યુઝિયમ


સરગમના સૂર: મ્યુઝિક મ્યુઝિયમ

યુરોપના સંગીત સંગ્રહાલયમાં સંગીતનો સમૃદ્ધ વારસો ધરાવતા બંગાળના કલકત્તાનું કનેક્શન જોવા મળે તો આનંદ વધુ થાય, પણ આશ્ચર્ય ઓછું થાય. એમાંય જ્યારે ખબર પડે કે ૧૮૭૬માં કલકત્તાના રાજા સુરિન્દર મોહન ટાગોર નામના મ્યઝિકોલોજિસ્ટએ સોએક ભારતીય વાદ્યોની ભેટ આપી મ્યુઝિયમ શરૂ કરવામાં યોગદાન આપ્યું હતું ત્યારે આનંદમાં અભિમાનનો ઉમેરો થાય. વિશાળ ટાગોર પરિવારના સભ્ય રાજા સુરિન્દર મોહન ભારતીય અને પાશ્ચાત્ય સંગીતના અઠંગ અભ્યાસુ હતા અને બંગાળ સંગીત શાળા અને બંગાળ સંગીત અકાદમીની સ્થાપના તેમણે કરી હતી. રાજાજીની ભેટ મળ્યા બાદ છેલ્લા સૈકામાં મ્યુઝિયમમાં વિશ્વની દરેક સંસ્કૃતિના ૮ હજાર અગ્રણી વાજિંત્ર એકઠા કરવામાં સફળ રહ્યું છે. મ્યુઝિયમમાં વાદ્યોની ગોઠવણ પણ વિશિષ્ટ પ્રકારે કરવામાં આવી છે. પિયાનો - ઓર્ગન જેવા મિકેનિકલ ઈન્સ્ટ્રુમેન્ટ્સ બેઝમેન્ટમાં, હાર્પ - ફ્લુટ જેવા પરંપરાગત વાદ્યો ભોંયતળિયે, વાયોલિન - ક્લેરનેટ પહેલા માળે અને બીજા માળે કીબોર્ડ ઈન્સ્ટ્રુમેન્ટ્સ ગોઠવવામાં આવ્યા છે. આવું વિશાળ કલેક્શન ધરાવતું આ વિશ્વનું એકમાત્ર મ્યુઝિક મ્યુઝિયમ છે અને તમે લટાર મારવા નીકળો ત્યારે ઇન્ફ્રારેડ ઈયરફોન આપવામાં આવે છે જેની મદદથી તમે અનેક વાદ્યોનું સંગીત સાંભળી શકો છો. આ એવો આહલાદક અનુભવ છે જે કાયમ તમારામાં ટહુકા કરશે.

## ભાત ભાત કે લોગ — કઈ રીતે માપવામાં આવે છે લોકશાહીનું સ્તર... ભારતનું સ્થાન ક્યાં?

જ્વલંત નાયક
feedback@bombaysamachar.com



બિહાર ચૂંટણીનાં પરિણામો બાદ ફરી એક વાર વિપક્ષોએ કાગારોળ મચાવી છે. ચૂંટણીઓમાં પારદર્શિતાનો અભાવ હોવાનો વિપક્ષોનો આક્ષેપ છે. એમના કહેવા પ્રમાણે ચૂંટણી પ્રક્રિયા સાથે છેડછાડ થવાને કારણે ભારતીય લોકતંત્ર ખતરામાં છે. અહીં મજાની વાત એ છે કે વિપક્ષ પોતે જ્યારે કોઈક ચૂંટણીમાં જીત મેળવે ત્યારે એમના તરફથી આવી કોઈ ફરિયાદ નથી થતી. રાજકારણમાં આવા ખેલની કશી નવાઈ નથી. હવે તો પ્રજા ય ટેવાઈ ગઈ છે. જોકે મૂળ મુદ્દો એ કે ભારતનું લોકતંત્ર ખરેખર કેટલું સક્ષમ છે એ માપવાનો કે જાણવાનો કોઈ નિષ્પક્ષ માર્ગ છે ખરો?

ભારતમાં આ પ્રકારના સામાજિક, રાજકીય કે આર્થિક સર્વેક્ષણો કરે અને એનાં તારણો લોકો સુધી પહોંચાડે એવી નિષ્પક્ષ સંસ્થાઓ ભાગ્યે જ જોવા મળશે. એટલે આપણે વિદેશી સર્વેક્ષણો પર આધાર રાખ્યે જ છૂટકો. એમાં ઘણી વાર વિદેશી સંસ્થાઓની દાનત સામે તેમજ આંતરરાષ્ટ્રીય હિતોને અનુલક્ષીને ભારત પ્રત્યેના આ સંસ્થાઓના વલણ સામે પ્રશ્નો ખડા થાય છે. એ ટાળવા માટે ખરા અર્થમાં નિષ્પક્ષતાનું સ્તર જાળવતી સંસ્થાઓ શોધવી પડે.

આવી જ એક સંસ્થા છે 'ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ' (Economist Intelligence Unit - EIU). હકીકતે આ કોઈ સ્વતંત્ર સંસ્થા નહિ બલકે બ્રિટિશ મીડિયા કંપની 'ધ ઇકોનોમિસ્ટ ગ્રુપ' (The Economist Group)નો સંશોધન અને વિશ્લેષણ વિભાગ છે. 'ધ ઇકોનોમિસ્ટ' નામનું સાપ્તાહિક પણ આ જ કંપનીની માલિકીનું. ઇકોનોમિસ્ટ ઇન્ટેલિજન્સ યુનિટ EIUનું કાર્યક્ષેત્ર મુખ્યત્વે વૈશ્વિક સ્તરે બિઝનેસ ઇન્ટેલિજન્સ તેમજ આર્થિક અને રાજકીય વિશ્લેષણો પર કેન્દ્રિત છે. વિવિધ બિઝનેસ, નાણાકીય સંસ્થાઓ, સરકારો અને NGO સાથે સંકળાયેલ હોવાને કારણે આ ગ્રુપ વૈશ્વિક બદલાવને સમજવામાં પાવરધું ગણાય છે. બદલાતી પરિસ્થિતિમાંથી તક શોધવા કે સંભવિત જોખમોના ઉકેલ શોધવા માટે મોટા મોટા માંધાતાઓ EIUનાં સર્વેક્ષણો અને પરિણામો પર આધાર રાખે છે.

ઓકે ફાઈન... EIUનું કાર્યક્ષેત્ર સમજવા માટે આટલું પૂરતું છે. મૂળ મુદ્દો લોકશાહી અંગેનો છે. શું ભારતમાં સાચી લોકશાહી છે? લોકશાહીના પાલન માટે જો માર્ક્સ આપવામાં આવે તો આપણે કઈ પાયરીએ ઊભા છીએ? એન્ડ લાસ્ટ બટ નોટ ધી લીસ્ટ વિશ્વના બીજા મહત્ત્વના દેશો લોકશાહી બાબતે કેટલા ખરા ઊતર્યા છે?

EIU દ્વારા લોકશાહીની ગુણવત્તા માપવા માટે એક વિશિષ્ટ માપદંડ તૈયાર કરવામાં આવ્યો છે, જે 'ડેમોક્રસી ઇન્ડેક્સ' તરીકે ઓળખાય છે. આ ઇન્ડેક્સ વિશ્વના ૧૬૭ દેશોને વિવિધ ચકાસણીને આધારે ૦ થી ૧૦નો સ્કોર આપે છે.

અહીં ૧૦ માર્ક્સ મળે તો સંપૂર્ણ લોકશાહી અને શૂન્ય માર્ક્સ મળે તો સંપૂર્ણ તાનાશાહી હોવાનું તારણ નીકળે.

સંસ્થાએ ડેમોક્રસી ઇન્ડેક્સ તારવવા માટે ખાસ્સી રસપ્રદ ગણાય એવી સિસ્ટમ વિકસાવી છે. દરેક દેશની લોકશાહીને મૂલવવા માટે જુદા જુદા પાંચ વિભાગોમાં વહેંચાયેલા સૂચકાંક (ઈન્ડીકેટર્સ) નક્કી કરાયા છે.

આ પાંચ વિભાગ એટલે -

(૧) ચૂંટણી પ્રક્રિયા અને એમાં પ્રજાના વિશાળ વર્ગની હિસ્સેદારી (૧૨ સૂચકાંકો)

(૨) સરકારની કામગીરી (૧૪ સૂચકાંકો)

(૩) રાજકીય ભાગીદારી (૯ સૂચકાંકો)

(૪) રાજકીય સંસ્કૃતિ (૮ સૂચકાંકો) અને

(૫) નાગરિક સ્વતંત્રતાઓ (૧૭ સૂચકાંકો)

અહીં તમે જોશો કે પહેલો જ વિભાગ ચૂંટણી પ્રક્રિયાને લગતો છે. અને સરકારી કામગીરી બાદ સૌથી વધુ મહત્ત્વ આ જ વિભાગને અપાયું છે. જે તંદુરસ્ત લોકશાહી માટે વ્યવસ્થિત રીતે યોજાતી ચૂંટણીનું મહત્ત્વ દર્શાવે છે. આ વિભાગના બારે બાર સૂચકાંક ચૂંટણીની નિષ્પક્ષતા, સમાન તકો અને મતાધિકાર, ચૂંટણીપક્ષની કાર્યક્ષમતા તેમજ પ્રજાના બહોળા વર્ગના ચૂંટણી સાથેના જોડાણને અનુલક્ષીને હોય છે. એ પછી વારો આવે સરકારની કામગીરીનો. જે-તે દેશના પોલિટિકલ કલ્ચર અને નાગરિકોની સ્વતંત્રતા ઉપર પણ સ્વાભાવિકપણે ખાસ્સો ભાર મૂકવામાં આવે છે.

આ બધા વચ્ચે ભારતનું સ્થાન ક્યાં છે?

ઉપરોક્ત પાંચે પાંચ વિભાગના સર્વેક્ષણ બાદ મળેલાં તારણો પરથી એ દેશની લોકશાહીનું મૂલ્ય નક્કી થાય. ૧૦ માર્કસની આ ટેસ્ટમાં ધારો કે કોઈ દેશ ૮.૦ થી વધુ માર્ક મેળવે તો એ દેશમાં સંપૂર્ણ લોકશાહી છે એમ મનાય છે. આ દેશમાં મુક્ત-નિષ્પક્ષ ચૂંટણી, નાગરિક સ્વતંત્રતા, મજબૂત ન્યાયતંત્ર અને મીડિયાને ય પૂરતી સ્વતંત્રતા હોવાનું માનવામાં આવે છે.

અહીં વિચારવા લાયક વાત એ છે કે નોર્વે, ન્યુઝીલેન્ડ, ફિનલેન્ડ, સ્વીડન અને આયર્લેન્ડ જેવા નાનામોટા યુરોપિયન દેશોને બાદ કરતાં સંપૂર્ણ લોકશાહી આખા વિશ્વમાં ક્યાંય નથી!

જે દેશનો સ્કોર ૬.૦ થી ૮.૦ વચ્ચેનો હોય ત્યાં ખામીયુક્ત લોકશાહી (Flawed Democracy) હોવાનું મનાય છે. આવા દેશોમાં ચૂંટણીઓ તો વ્યવસ્થિત રીતે અને મુક્તપણે યોજાય છે, પરંતુ દેશની શાસનવ્યવસ્થામાં ભ્રષ્ટાચાર સહિતની નબળાઈઓ જોવા મળે છે. ભારતનો સમાવેશ આ જ જૂથમાં થાય છે. આશ્વાસન લેવા જેવી વાત એ છે કે અમેરિકા, જાપાન, દક્ષિણ કોરિયા જેવા દેશો પણ આ જ જૂથમાં આવે. બીજી રીતે કહીએ તો આ દેશો પણ ભારતની જેમ જ ભ્રષ્ટાચારી છે!


સ્કોર ૪.૦ થી ૬.૦ વચ્ચેનો હોય એ દેશમાં ગંભીર ખામીયુક્ત ચૂંટણીઓ, સરકારી દબાણ, મીડિયા પર નિયંત્રણ જેવાં લક્ષણો જોવા મળે છે. કેટલીક વાર આવા દેશોની શાસન વ્યવસ્થામાં લોકશાહી અને તાનાશાહીનું મિશ્રણ જોવા મળે, જે હાઇબ્રિડ શાસન વ્યવસ્થા (Hybrid Regime) ગણાય. આવા શાસનમાં બેકારી, ભૂખમરો સહિતના પ્રશ્નો તો હોવાના જ. આપણા પરમ મિત્રો ગણાતા પાકિસ્તાન, બાંગ્લાદેશ અને તુર્કી આ કેટેગરીમાં આવે.

જે દેશનો સ્કોર ૪.૦થી નીચે હોય એની તો શું વાત કરવી? અહી ચૂંટણી કે સ્વતંત્રતાની ઈચ્છા રાખવી ય જીવલેણ નીવડે. ઉત્તર કોરિયા, અફઘાનિસ્તાન, ચીન અને રશિયા જેવા દેશોનો સમાવેશ આ જૂથમાં થાય.

EIU ઠેઠ ૨૦૦૬થી પોતાનો ડેમોક્રસી ઇન્ડેક્સ રિપોર્ટ પબ્લિશ કરે છે. દર વર્ષે ફેબ્રુઆરી-માર્ચ મહિનામાં ડેમોક્રસી ઇન્ડેક્સને લાગતાં EIUનો રિપોર્ટ પબ્લિશ થાય છે. આ વર્ષે યોજાઈ ગયેલી એકાધિક રાજ્યોની ચૂંટણીઓ પછી આપણું લોકતંત્ર ખરેખર કેટલું ટકાઉ છે એ જાણવા માટે માર્ચ અન્ડિંગ સુધી રાહ જોવી રહી.

## મસ્તરામની મસ્તી — ત્રિભોવનકાકાનો મનિયો નવી ગાડી લાયો...

મિલન ત્રિવેદી
feedback@bombaysamachar.com




મુંબઈમાં ત્રિભુવન શેઠનો મોટો કારોબાર અને દર દિવાળીએ પરિવાર સાથે પોતાના વતનમાં આવે.

આવતાની સાથે જ બે- ત્રણ દિવસમાં ગામ જમણ પણ થાય. અને પછીનું અઠવાડિયું ગામમાં માત્ર ત્રિભુવન શેઠના જ સમાચાર ફરતા રહે.

આ વર્ષે ત્રિભુવન શેઠના નાના દીકરા મનીષની નવી લીધેલી ગાડી ચર્ચામાં રહી.

સાંજે મનીષ ગામના મુખ્ય ચોકમાં નવી લીધેલી ગાડી દેખાડવાનો હતો. એ કહેતો હતો કે 'ગામને સરપ્રાઈઝ થશે એવી ગાડી છે.'

સાંજે ગામ ભેગું થઈ ગયું. ગાડી ચોકની વચ્ચોવચ કપડું ઓઢાડી અને રાખેલી. જાદુગર જેમ થેલીમાંથી કબૂતર કાઢે તેમ કપડું હટાવ્યું તો ચકચકાટ ગાડી દેખાઈ.

લોકોએ ગાડી ફરતા ફેરા ફરી જોઈ લીધી. પછી મન્યા ઉર્ફે મનીષને પૂછ્યું :

'આમાં નવું શું છે?'

મનીષ ઉર્ફે મનિયાએ કહ્યું કે 'હવે જ જાદુ છે.' અને રિમોટ કંટ્રોલમાં કશું લખ્યું કે તરત જ ગાડી ચાલુ થઈ ગઈ અને ચાલવા લાગી. ગામવાળાના ડોળા આશ્ચર્યથી બહાર નીકળી ગયા, કારણ કે ગાડીમાં કોઈ ડ્રાઈવર જ ન હતો અને આપોઆપ ચાલવા લાગી હતી!

થોડીવારમાં તો આંખોથી અદ્રશ્ય થઈ અને પાંચ મિનિટ પછી ઘરેથી મનિયાના ઘરવાળાને બેસાડી પાછી ચોકમાં આવી ગઈ.

મનિયાએ કહ્યું કે 'આ અમેરિકન કાર છે. તેને જેમ કહો તેમ કરે અને તમે કહો કે જાઓ મારા ઘરવાળાને લેતા આવો. એટલે તરત જ ગાડી તમારું કીધું કરે.'

પ્રવીણભાઈના હરિયાએ આ વાતમાં શંકા કરી એટલે મનિયાએ કીધું કે આપણે સાબિત કરી દઈએ. ગાડીને સુચના આપી કે 'જાવ, હરિયાને સૌથી ગમતી સ્ત્રી ને લઈ આવો.'

ગાડી અડધી કલાક સુધી પાછી ના આવી. મનિયાએ હરિયાને કીધું કે 'તારા ઘરે તે કીધું નથી કે ગાડી આવશે તેમાં બેસી જાય?'

હરિયાએ કીધું કે 'બે ફોન કર્યા છે, પરંતુ ગાડી ત્યાં પહોંચી જ નથી.'

હજુ આ ચર્ચા ચાલતી હતી ત્યાં માલતીના બાપા ચોકમાં આવ્યા અને ત્રિભુવન ભાઈના મનિયાને કીધું કે 'એલા.. તારી ગાડી મારા દરવાજા પાસે શું કરે છે? અને તું અહીંયા છો તો ગાડી કોણ લઈ આવ્યું?'

-અને એ સાથે ગામમાં ઘણા વિસ્ફોટ થયા. હરિયાને મોઢું સંતાડવા જેવું થયું, કારણ ગાડીને કહ્યું હતું કે 'ગમતી સ્ત્રી...' તો ગાડી માલતીના ઘરે ઊભી રહી ગઈ.

આ વાતની ઘરે ઘરવાળીને ખબર પડશે કે ગાડી તેને લેવા ન ગઈ અને માલતીને લેવા ગઈ એટલે એ નવો ડખો. અને ગામના મોઢે થોડા ગરણા બંધાય? વળી માલતી અને એના બાપા ડખો કરશે એ નફામાં.

જોકે પરિસ્થિતિ પામી અને મનિયાએ વાત વાળી અને ગામને સમજાવ્યું કે 'ક્યારેક ગાડી ભૂલ પણ કરતી હોય છે.'

અને પછી સૂચક રીતે હરિયા સામે જોયું.

રાત્રે જુવાનીયાઓ અને આધેડ ઉંમરના બધા ચોકમાં ભેગા થયા. જગલાએ વાત માંડી કે 'આપણા ગામમાં આ જાદુટોના કરેલી મંત્રેલી ગાડી આવી છે. અને ગામનું ધનોતપનોત નીકળી જાશે. આની કાંઈક વિધિ કરવી પડશે.'

એક- બે જણાએ કહ્યું કે 'ચાલો, ત્રિભુવન કાકાના ઘરે આપણે તેમને વાત કરીએ મનિયાને પણ કહીએ.'

બે- ચાર ડાયા માણસોએ ટાપસી પુરાવી કે 'એ થોડા માને? મોટા શહેરમાં રહેવા ગયા પછી આપણી ધાર્મિક અને સાચી વાતો એ ના સમજે. એને ખોટા હેરાન કરોમાં આપણે આપણી રીતે વિધિ કરી નાખવી જોઈએ.'

'બોલાવો બંબસ્વામી મહારાજને. પૂજાની સામગ્રી લેતા આવો કલાકમાં બધો ફેસલો આવી જશે , પરંતુ આ વાત કોઈને કરવી નહીં.'

રાત્રિના બે વાગ્યાનો સમય નક્કી થયો. અને રાતમાં જ વિધિ પૂરી કરી ગાડીને અને ગામને કાળા જાદૂથી છોડાવી લેવું એવું નક્કી થયું.

બંબસ્વામી એ ગાડી ફરતા ત્રણ ચાર ચક્કર માર્યા અને જાહેર કર્યું કે 'આવા તો ઘણા કેસ મારી પાસે આવ્યા છે. કશું કરવાનું નથી ૨૦ નારિયેળ લેતા આવો ૨૦ મિનિટમાં એ કોઈ ભૂત પલિત હશે તે દેકારા કરતો ગામ બહાર ભાગશે.'

ગામે ફાળો કરી અને ૨૦ નારિયેળ લઈ લીધા. રાતના ૨:૦૦ વાગે ગાડી ફરતા બધા ગોઠવાઈ ગયા અને બંબસ્વામીએ જેવો આદેશ આપ્યો કે 'પ્રહાર કરોતિ સ્વાહા.' એક સાથે ૨૦ નારિયેળ ગાડી ઉપર વધેરાયા અને ગાડીના કાચ ફૂટ્યા તથા બોનેટ દરવાજા પર ૬-૬ ઇંચ ના ગોબા પડ્યા.

અડધી રાત્રે ગાડીના કાચ ફૂટવાના તથા ધુમ ધડાકા થાય તો એ છાનું થોડું રે....

અડધું ગામ ભેગું થઈ ગયું ત્રિભોવનકાકા અને આખું ખાનદાન આંખો ચોળતું બહાર આવ્યું.

ગાડીની હાલત જોઈ. ફરતા ગોઠવાયેલા અને પ્રેમથી નારિયેળની પ્રસાદી લેતા ૨૫-૩૦ ગામવાળાને જોયા.

મનિયાના મોઢામાંથી માંડ શબ્દો નીકળ્યા કે 'તમે આ શું કર્યું? મારી મોંઘા ભાવની ગાડીની આ હાલત?'

હરિયાએ તરત જ કહ્યું કે 'તારી ગાડીમાં ભૂત હતું બાકી ડ્રાઇવર વગર થોડીક હડિયું કાઢે? મૂંઝાતો નહીં અમે વિધિ કરી નાખી છે.'

બંબસ્વામી ભુવા તેની દક્ષિણા માટે આશા ભર્યા નયનથી ત્રિભુવન ખાનદાન તરફ જોઈ રહ્યા હતા.

મનિયાએ અંગ્રેજીમાં ડિક્ષનરી બહારના શબ્દો શરૂ કર્યા. ગામના અમુક સાત ધોરણ સુધી ભાંગ્યું ટૂટ્યું અંગ્રેજી ભણેલાઓએ કહ્યું કે 'કદાચ મનિયો આપણને ગાયળું કાઢે છે.'

ત્રિભુવનકાકાએ આઘાતમાં હોવા છતાં હકારમાં માથું ધુણાવ્યું. અને પછી ગામવાળાઓને કહ્યું કે 'આ ઓટોમેટિક કાર છે. આમાં ડ્રાઇવરની જરૂર નહીં. તેને ઇલેક્ટ્રોનિક સર્કિટમાં સંદેશો આપી દો તે પ્રમાણે ગાડી આપોઆપ ચાલવા લાગે. તમે અમારી કરોડોની ગાડીની પથારી ફેરવી નાખી.'

ગામવાળાએ બે હાથ જોડી અને ખાલી એટલું કહ્યું કે 'આપણા ગામમાં લાલુ લુહારની દુકાન સવારમાં ૯:૦૦ વાગે ખુલે છે, તમારી ગાડી ને કહી દે સવારે ૯:૦૦ વાગે ત્યાં પહોંચી જાય. લાલિયો ગોબા ઉપાડી લેશે.'

જગાએ કહ્યું 'મારા ઘરે ઝાપાને કલર કરતા કાળા કલરનું અડધું ડબલું વધ્યું છે. તે હું મારા તરફથી ફીમાં પીંછી મારી દઈશ.'

ત્રિભુવન કાકા અને કુટુંબીઓએ બે હાથ જોડવા સિવાય કાંઈ કરવાનું રહેતું ન હતું.

હમણાં ખબર પડી કે કંપનીવાળાએ ત્રિભુવન કાકાને 'જો હવે પછી તેમનું ખાનદાન પોતાના ગામમાં જાય તો આજીવન ગાડી ન દેવી' તેવો નિર્ણય લીધો છે. ■

**વિચારવાયુ:**

*સરપંચ:*
*આપણા ગામમાં આવી ડ્રાઇવર વગરની ગાડીયું ન ચાલે.*
*આપણી ગાડી હાઈરે ઈવડી ઈ ભટકાય તો મારવો કોને?*

# ટોક્યો નહીં, પણ જકાર્તા છે દુનિયાનું સૌથી મોટું શહેર

જકાર્તાઃ સંયુક્ત રાષ્ટ્રસંઘના તાજેતરની રિપોર્ટ 'વર્લ્ડ અર્બનાઇઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫' એ વૈશ્વિક શહેરીકરણની એક નવી તસવીર રજૂ કરી છે, જેમાં ઇમારતોના સમૂહમાંથી માનવ સભ્યતાનું ધબકાર બની ચૂકેલાં શહેરોના બદલાતા સમીકરણો પર પ્રકાશ પાડવામાં આવ્યો છે. દાયકાઓથી જાપાનની રાજધાની ટોક્યો પાસે રહેલો દુનિયાના સૌથી મોટા શહેરનો તાજ હવે ઇન્ડોનેશિયાની રાજધાની જકાર્તાએ છીનવી લીધો છે. ૪.૨ કરોડની અંદાજિત વસ્તી સાથે જકાર્તા હવે પ્રથમ ક્રમે છે, જ્યારે બાંગ્લાદેશનું ઢાકા ૩.૬૬ કરોડની વસ્તી સાથે બીજા ક્રમે પહોંચ્યું છે.

આ રિપોર્ટ એશિયામાં થઈ રહેલા તીવ્ર શહેરીકરણની લહેરનો પુરાવો આપે છે. ૨૦૨૫માં દુનિયાની ૮.૨ અબજ વસ્તીમાંથી ૮૦ ટકા લોકો શહેરોમાં રહે છે, અને ૧ કરોડથી વધુ વસ્તી ધરાવતા મેગાસિટીઝની સંખ્યા ૧૯૭૫ના ૮થી વધીને ૩૩ થઈ ગઈ છે, જેમાંથી ૧૯ શહેરો એકલા એશિયામાં આવેલા છે.

'વર્લ્ડ અર્બનાઇઝેશન પ્રોસ્પેક્ટ્સ ૨૦૨૫' અનુસાર, વિશ્વના ૧૦ સૌથી મોટા શહેરી સમૂહોમાં એશિયાનું સ્પષ્ટ વર્ચસ્વ છે, જેમાં ૯ શહેરો એશિયાના છે અને ૧ શહેર આફ્રિકાનું છે. ભારતની રાજધાની નવી દિલ્હી ૩.૦૨ કરોડની વસ્તી સાથે ચોથા સ્થાને છે અને કોલકાતા ૨.૨૫ કરોડની વસ્તી સાથે આઠમાં સ્થાને છે. રિપોર્ટ દર્શાવે છે કે, ૧૯૫૦માં ટોક્યો પ્રથમ ક્રમે હતું, પરંતુ હવે જકાર્તા (૪.૧૯ કરોડ), ઢાકા (૩.૬૬ કરોડ) અને ટોક્યો (૩.૩૪ કરોડ ) ટોપ-૩ પર છે. ■

# એસઆઈઆરને લીધે બંગાળમાં ૪૦નાં મોત

## આવો દાવો કરી ટીએમસીએ આક્ષેપ કર્યો કે ચૂંટણી પંચના હાથ લોહીથી ખરડાયેલા છે

નવી દિલ્હીઃ તૃણમૂલ કોંગ્રેસના એક પ્રતિનિધિમંડળે શુક્રવારે અહીં ભારતીય ચૂંટણી પંચની પૂર્ણ બેન્ચને મળી અને આરોપ લગાવ્યો હતો કે પશ્ચિમ બંગાળમાં ઓછામાં ઓછા ૪૦ એસઆઇઆર સંબંધિત મૃત્યુ થયા છે, અને ચૂંટણી પંચના વડાના હાથ લોહીથી ખરડાયેલા હોવાનો આક્ષેપ કર્યો છે.

ટીએમસી રાજ્યસભાના નેતા ડેરેક ઓ'બ્રાયનના નેતૃત્વમાં ૧૦ સભ્યનું પ્રતિનિધિમંડળ પશ્ચિમ બંગાળમાં મતદાર યાદીઓના ચાલી રહેલા સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન (એસઆઇઆર) વચ્ચે ઈસીનાં અધિકારીઓને મળ્યું હતું.

પ્રતિનિધિમંડળમાં લોકસભાના સાંસદો મહુઆ મોઇત્રા, સતાબ્દી રોય, કલ્યાણ બેનર્જી, પ્રતિમા મંડલ, સજદા અહેમદ અને રાજ્યસભાના સાંસદો ડોલા સેન, મમતા ઠાકુર, સાકેત ગોખલે અને પ્રકાશ ચિક બારિકનો સમાવેશ થતો હતો.

બેઠક બાદ પત્રકારો સાથે વાત કરતા, ઓ'બ્રાયને કહ્યું કે પાર્ટીએ પાંચ પ્રશ્ન ઉઠાવ્યા હતા, પરંતુ મુખ્ય ચૂંટણી કમિશનર (સીઈસી) જ્ઞાનેશ કુમારે કોઈ જવાબ આપ્યો ન હતો.

''અમે બેઠકની શરૂઆત એ કહીને કરી હતી કે સીઈસીના હાથ લોહીથી રંગાયેલા છે. અમે પાંચ પ્રશ્ન ઉઠાવ્યા. આ પછી કલ્યાણ બેનરજી, મહુઆ મોઇત્રા અને મમતા બાલા ઠાકુરે લગભગ ૪૦ મિનિટમાં જે કંઈ બોલવું હતું તે બધું કહ્યું,'' એમ ઓ'બ્રાયને કહ્યું હતું.

''પછી સીઈસી એક કલાક સુધી અવિરત બોલ્યા. અમે બોલતા હતા ત્યારે અમને પણ અટકાવવામાં આવ્યા ન હતા, પરંતુ અમને અમારા પાંચ પ્રશ્નમાંથી કોઈ જવાબ મળ્યો ન હતો,'' એમ તેમણે કહ્યું હતું.

મોઇત્રાએ કહ્યું કે પ્રતિનિધિમંડળે સીઈસી સાથે ૪૦ જણની યાદી શેર કરી હતી જેમના મૃત્યુ, તેમનો આરોપ છે કે, એસઆઇઆર પ્રક્રિયા સાથે જોડાયેલા હતા. જોકે, કમિશને તેને ફક્ત આરોપો તરીકે ફગાવી દીધા હતા, એવો લોકસભા સાંસદે દાવો કર્યો હતો.

આ દરમિયાન, ઓ'બ્રાયને ભારપૂર્વક જણાવ્યું હતું કે ટીએમસી એસઆઇઆરની વિભાવનાનો વિરોધ નથી, પરંતુ સીઈસી અને ઈસી જે રીતે કામ કરી રહ્યા છે તે બિનઆયોજિત રીતે તેનો સખત વિરોધ કરે છ.

તેમણે એસઆઇઆર કવાયત વિશે કહ્યું કે સંપૂર્ણપણે બિનઆયોજિત અને નિર્દય.

પશ્ચિમ બંગાળ સહિત ૧૨ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં એસઆઇઆર હાલમાં ચાલી રહ્યું છે.■

# યુએઇએ પાકિસ્તાનીઓની ક્રિમિનલ પ્રવૃત્તિઓમાં સંડોવણીને પગલે વિઝા આપવાનું બંધ કર્યું

દુબઇઃ સંયુક્ત આરબ અમીરાત (યુએઇ)એ પાકિસ્તાની નાગરિકોને નિયમિત વિઝા આપવાનું બંધ કરી દીધું છે. આ પગલું અરજદારો 'ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલા' હોવાની ચિંતા વચ્ચે લેવામાં આવ્યું છે. એક વરિષ્ઠ પાકિસ્તાની અધિકારીએ જણાવ્યું કે આ પગલું પાકિસ્તાનીઓના પશ્ચિમ એશિયાઇ દેશમાં પ્રવાસ અને 'ગુનાહિત પ્રવૃતિઓમાં સંડોવણી' હોવાની ચિંતાઓ સાથે જોડાયેલું છે. મીડિયા અહેવાલમાં જણાવાયું છે કે યુએઇએ શંકાસ્પદ શૈક્ષણિક પ્રમાણપત્રો અને અન્ય દસ્તાવેજો તેમજ કેટલાક વિઝા અરજદારો ક્રિમિનલ કેસ સાથે સંકળાયેલા હોવાના વધતા કેસો અંગે ચિંતા વ્યક્ત કરી છે. મીડિયા અહેવાલ અનુસાર અધિક ગૃહ સચિવ સલમાન ચૌધરીએ સેનેટ ફંક્શનલ કમિટી ઓન હ્યુમન રાઇટ્સ સમક્ષ પોતાની બ્રીફિંગ દરમિયાન જણાવ્યું કે સાઉદી અરેબિયા અને યુએઇ બંને પાકિસ્તાની પાસપોર્ટ પર ઔપચારિક રીતે પ્રતિબંધ મૂકવાની ખૂબ જ નજીક પહોંચી ગયા છે.

અહેવાલમાં વધુમાં જણાવાયું છે કે યુએઇમાં પાકિસ્તાનના ભૂતપૂર્વ રાજદૂત ફૈઝલ નિયાઝ તિરમિઝીએ વિઝા આપવાનું બંધ કરવાને એક ગંભીર અને મહત્વપૂર્ણ મુદ્દો ગણાવ્યો છે. તેમણે કહ્યું કે અમીરાતના અધિકારીઓએ પાકિસ્તાનીઓની શૈક્ષણિક અને પાત્રતા પ્રમાણપત્રોની પ્રમાણિતતા પર પ્રશ્ન ઉઠાવ્યો છે. તેમજ કહ્યું છે કે જો જરૂરી પ્રમાણપત્ર અપૂરતા જણાશે તો મૂળ દસ્તાવેજો પણ રિજેક્ટ કરવામાં આવી શકે છે. પછી ભલે તે પાકિસ્તાનમાં હોય કે યુએઇમાં હોય. ■

# પિતા જીવતા હોવાનો પુરાવા આપો નહીં તો...: ઈમરાન ખાનના પુત્રની ચેતવણી

ઇસ્લામાબાદઃ પાકિસ્તાનના પૂર્વ વડા પ્રધાન ઇમરાન ખાનના જેલમાં રાખવાને કારણે તેમની સુરક્ષા અને સ્વાસ્થ્ય અંગે ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. ઇમરાન ખાનના નાના પુત્ર કાસિમ ખાને પાકિસ્તાની સરકાર સમક્ષ પોતાના પિતાના જીવિત હોવાના પુરાવા તાત્કાલિક આપવાની માંગ કરી છે. કાસિમે ટ્વિટર પર એક લાંબી પોસ્ટ શેર કરીને ખુલાસો કર્યો કે છેલ્લા છ અઠવાડિયાથી તેમના પિતાને 'ડેથ સેલ'માં એકલતામાં રાખવામાં આવ્યા છે અને પરિવારના કોઈ પણ સભ્યને તેમને મળવાની કે ફોન પર વાત કરવાની મંજૂરી આપવામાં આવી નથી. દેશની બહાર અને રાજકારણથી દૂર રહેતા કાસિમે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જો તેમના પિતાને કંઈ પણ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી પાકિસ્તાની સરકારની રહેશે.

કાસિમ ખાને આ કડક પ્રતિબંધોને સુરક્ષા પ્રોટોકોલ નહીં, પરંતુ ઇમરાન ખાનની સાચી સ્થિતિ છુપાવવાનો અને પરિવારને તેમની સલામતી તથા સ્વાસ્થ્ય વિશે જાણવાથી રોકવાનો ઇરાદાપૂર્વકનો પ્રયાસ ગણાવ્યો હતો. કાસિમે જણાવ્યું કે તેઓ અને તેમના ભાઈ પણ છેલ્લા ઘણા સમયથી પિતાના સંપર્કમાં નથી. પૂર્વ ક્રિકેટર અને હવે નેતા બનેલા ઇમરાન ખાન ઓગસ્ટ ૨૦૨૩થી જેલમાં બંધ છે, અને છેલ્લા કેટલાક દિવસોથી સોશિયલ મીડિયા પર તેમના સ્વાસ્થ્ય વિશે, અને કેટલાક પ્લેટફોર્મ્સ પર તો તેમના જેલમાં મૃત્યુ પામ્યા હોવાની અફવાઓ પણ જોર પકડી રહી છે.

અફવાઓના જવાબમાં અડિયાલા જેલ પ્રશાસને ઇમરાન ખાનનું સ્વાસ્થ્ય સારું હોવાનો દાવો કરીને તેનું ખંડન કર્યું હતું. તેમ છતાં, પરિવારના સભ્યોને મળવા ન દેવાતા અને તેમની બહેનોને પણ મંજૂરી હોવા છતાં મુલાકાત ન મળતા, જેલ પ્રશાસનના દાવાઓ પર સવાલો ઉઠી રહ્યા છે. કાસિમ ખાને આ પરિસ્થિતિને અમાનવીય ગણાવી છે અને પાકિસ્તાની સરકાર તેમજ તેના હેન્ડલર્સને આ આઇસોલેશનના દરેક પરિણામ માટે કાનૂની, નૈતિક અને આંતરરાષ્ટ્રીય સ્તરે સંપૂર્ણપણે જવાબદાર ઠેરવ્યા છે.

પોતાની પોસ્ટના અંતે, કાસિમ ખાને આંતરરાષ્ટ્રીય સમુદાય, વૈશ્વિક માનવ અધિકાર સંગઠનો અને તમામ લોકશાહી અવાજોને આ મામલે તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની અપીલ કરી છે. તેમણે વિશ્વભરના લોકોને પાકિસ્તાન સરકાર પર દબાણ લાવવા, ઇમરાન ખાનના જીવિત હોવાના પુરાવા માંગવા હતા અને આ અમાનવીય આઇસોલેશનને સમાપ્ત કરવા અને રાજકીય કારણોસર જેલમાં બંધ ખાનની મુક્તિની માગ કરવા વિનંતી કરી છે. ■

# લંડન પાનના ડાઘ સાફ કરવા ૩૫ લાખ રૂપિયા ખર્ચે છે

લંડનઃ લંડનની બ્રેન્ટ કાઉન્સિલે ખુલાસો કર્યો છે કે તે દર વર્ષે પાનથી ખરાબ થયેલી દુકાનો, ફૂટપાથ અને ઇમારતોને સાફ કરવા માટે ૩૦,૦૦૦ પાઉન્ડથી (અંદાજે ૩૫ લાખ રૂપિયા) વધુ ખર્ચ કરે છે. પાન દક્ષિણ પૂર્વ એશિયન સમુદાયના કેટલાક વિસ્તારોમાં લોકો વ્યાપક પ્રમાણમાં ખાય છે. લંડનની દુકાનો, ફૂટપાથ અને ઇમારતોમાંથી પાનના ડાઘ સાફ કરવા માટે વાર્ષિક આશરે ૩૦,૦૦૦ પાઉન્ડનો ખર્ચ થાય છે. આ આંકડો લંડનની બ્રેન્ટ કાઉન્સિલ દ્વારા જાહેર કરવામાં આવ્યો હતો.આ આંકડા સત્તાવાર બ્રેન્ટ કાઉન્સિલ વેબસાઇટ પર શેર કરવામાં આવ્યા હતા. આ ખર્ચ દર્શાવે છે કે પાન થૂંકવા અને તેના ડાઘની સમસ્યા કેટલી મોટી છે. તે જાહેર સ્થળોની સુંદરતાને બગાડે છે. બ્રેન્ટ કાઉન્સિલના ઇન્સ્ટાગ્રામ પેજ પર પોસ્ટ કરાયેલ એક વીડિયોમાં કામદારો અનેક સ્થળોએ પાનના ડાઘ સાફ કરતા દેખાય છે. ક્લિપમાં કહેવામાં આવી રહ્યું છે કે લોકો અમારી શેરીઓમાં પાન થૂંકે છે. જવાબદારોને પકડવા માટે બ્રેન્ટની શેરીઓમાં વધુ અમલીકરણ અધિકારીઓ છે, અને આ ખરાબ ડાઘ દૂર કરવા માટે એક મોટી સફાઈ કામગીરી ચાલી રહી છે. તમે જ્યાં પણ રહો છો તમે તફાવત જોશો અને અનુભવશો. આ વીડિયો નાણાકીય અસર અને અમલમાં મૂકવામાં આવતા અમલીકરણ પગલાં સમજાવતા વિગતવાર કેપ્શન સાથે પોસ્ટ કરવામાં આવ્યો હતો. તેમાં લખ્યું છેઃ પાન થૂંકવા બદલ ૩૦,૦૦૦ પાઉન્ડનું સફાઈ બિલ આવવાના કારણે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. પાન ચાવવા અને થૂંકવાથી ગંભીર સ્વાસ્થ્ય સમસ્યાઓ થાય છે. આ ડાઘ સાફ કરવાથી કાઉન્સિલને વાર્ષિક ૩૦,૦૦૦ પાઉન્ડથી વધુનો ખર્ચ થાય છે.

બ્રેન્ટની શેરીઓમાં રસ્તાઓ પાનની પિચકારીથી ખરાબ કરતા પકડાયેલા લોકો પ્રત્યે અમલીકરણ અધિકારીઓ શૂન્ય-સહિષ્ણુતાનો અભિગમ અપનાવી રહ્યા છે. પકડાયેલા લોકોને ૧૦૦ પાઉન્ડનો દંડ કરવામાં આવશે.કાઉન્સિલ વન-ટૂ-વન સપોર્ટ પણ ચલાવે છે જ્યાં રહેનારા લોકો પાન અને સ્મોકિંગ છોડવામાં મદદ લઈ શકે છે. કાઉન્સિલે સ્પષ્ટતા કરી છે કે સ્વચ્છ રાખવાના પ્રયાસોના ભાગરૂપે જાહેર સ્થળોએ પાન થૂંકતા કોઈપણ વ્યક્તિને તાત્કાલિક દંડનો સામનો કરવો પડશે. ■

# પિરિયડ્સ પુરવાર કરવા પ્રાઈવેટ પાર્ટ્સના ફોટો માગ્યા, સુપ્રીમ કોર્ટ ભડકી

નવી દિલ્હીઃ સુપ્રીમ કોર્ટે શુક્રવારે કેન્દ્ર સરકાર અને અન્ય પક્ષો પાસેથી એક અરજી પર જવાબ માગ્યો છે જેમાં આરોપ લગાવવામાં આવ્યો છે કે હરિયાણાની મહર્ષિ દયાનંદ યુનિવર્સિટીના સફાઈ કર્મચારીઓને માસિક ધર્મ સાબિત કરવા માટે તેમના ગુપ્ત ભાગોના ફોટોગ્રાફ્સ આપવાનું કહેવામાં આવ્યું હતું. જસ્ટિસ બી.વી. નાગરત્ના અને જસ્ટિસ આર. મહાદેવનની બેન્ચે કેન્દ્ર સરકાર અને અન્ય લોકોને નોટિસ જાહેર કરી હતી. ન્યાયાધીશ નાગરત્નાએ કહ્યું હતું કે આ એક માનસિકતા દર્શાવે છે. કર્ણાટકમાં માસિક ધર્મ દરમિયાન રજા આપવામાં આવે છે. આ વાંચીને મને આશ્ચર્ય થયું કે શું હવે રજા આપવા માટે પણ પુરાવાની જરૂર પડશે, આનાથી સંબંધિત લોકોની માનસિકતા દર્શાવે છે. જો મહિલા કર્મચારી કોઈ મહત્ત્વપૂર્ણ કાર્ય માટે હાજર ન હોત તો અન્ય કોઈને સોંપવામાં આવી શક્યું હોત. કોર્ટે આશા વ્યક્ત કરી કે આ મામલે કેટલાક સકારાત્મક પગલાં લેવામાં આવશે.

સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટ બાર એસોસિએશનના પ્રમુખ અને વરિષ્ઠ વકીલ વિકાસ સિંહે કહ્યું હતું કે આ એક ગંભીર ગુનાહિત મામલો છે અને તેના પર ધ્યાન આપવાની જરૂર છે. અરજી હવે ૧૫ ડિસેમ્બરે આગામી સુનાવણી કરાશે. અરજીમાં કેન્દ્ર અને હરિયાણા સરકારોને આ ઘટનાની સંપૂર્ણ તપાસ કરવા માટે નિર્દેશ આપવાની માંગ કરવામાં આવી છે. બાર એસોસિએશને એવી પણ માગણી કરી હતી કે મહિલાઓ અને છોકરીઓના સ્વાસ્થ્ય, ગૌરવ, શારીરિક સ્વાયત્તતા અને ગોપનીયતાનું ઉલ્લંઘન ન થાય તે માટે માર્ગદર્શિકા ઘડવામાં આવે. પોલીસના જણાવ્યા અનુસાર, મહર્ષિ દયાનંદ યુનિવર્સિટી સાથે સંકળાયેલા ત્રણ વ્યક્તિઓ સામે ૩૧ ઓક્ટોબરના રોજ જાતીય સતામણીનો કેસ નોંધવામાં આવ્યો હતો. તેમના પર મહિલા સફાઈ કર્મચારીઓના ગુપ્તાંગ કે પ્રાઈવેટ પાર્ટસના ફોટા માંગવાનો આરોપ છે જેથી તેઓ માસિક ધર્મ હોવાનું સાબિત કરી શકે. યુનિવર્સિટીએ એક નિવેદન બહાર પાડીને જણાવ્યું હતું કે તેણે હરિયાણા કૌશલ રોજગાર નિગમ લિમિટેડ દ્વારા કોન્ટ્રાક્ટ પર રાખેલા બે સુપરવાઈઝરને સસ્પેન્ડ કર્યા છે અને આંતરિક તપાસનો આદેશ આપ્યો છે.

હરિયાણાના રાજ્યપાલ અસીમ કુમાર ઘોષ યુનિવર્સિટી કેમ્પસની મુલાકાત લેવાના હતા તેના થોડા કલાકો પહેલા જ ૨૬ ઓક્ટોબરના રોજ આ ઘટના બની હતી. ત્રણ મહિલા સફાઈ કર્મચારીઓએ યુનિવર્સિટી વહીવટીતંત્રમાં ફરિયાદ નોંધાવી હતી, જેમાં જણાવ્યું હતું કે બંને સુપરવાઈઝરોએ અગાઉ તેમને બીમાર હોવા છતાં પણ સફાઈ કરવા દબાણ કર્યું હતું અને પછી માસિક ધર્મના પુરાવા માગ્યા હતા. એક સફાઈ કર્મચારીએ કહ્યું હતું કે, અમે તેમને કહ્યું હતું કે અમે માસિક ધર્મને કારણે અસ્વસ્થ છીએ અને તેથી ઝડપથી કામ કરી શકતા નથી, પરંતુ તેઓએ અમારા ગુપ્તાંગના ફોટા માંગ્યા હતા. જ્યારે અમે ના પાડી ત્યારે અમારી સાથે દુર્વ્યવહાર કરવામાં આવ્યો અને બરતરફ કરવાની ધમકી આપવામાં આવી.■

---

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે.
પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે.
વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી સોમવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે.
ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

ગુજરાતી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| પક્કું | જોડું |
| પક્ષઘાત | તરફદારી |
| પક્ષપાત | દરમાયો |
| પગરખું | લકવો |
| પગાર | ખંધું |

## ઓળખાણ પડી?

યુકેમાં સત્તામાં આવેલી લેબર પાર્ટીનાં ચાન્સેલર ઓફ એક્સચેકર (આપણાં નાણાં પ્રધાન જેવો હોદ્દો)નો હોદ્દો ધરાવનારની ઓળખાણ પડી?



અ) એન્જેલા માર્કેલ
બ) રેચેલ રીવ્ઝ
ક) જેસિંડા આર્ડન
ડ) જ્યોર્જિયા મેલની

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ નિ | રાં | ૨ ત | | ૩ વા | ળી | | ૪ વ | ૫ ખા | ૬ ર |
| રા | | ૭ ર | ૮ ગ | ડો | | ૯ ક | ર | વ | ત |
| ૧૦ મ | ૧૧ ત | લ | બી | | ૧૨ પ | | ઘો | | |
| ૧૩ ચ | સ | | | ૧૪ હા | લ | ૧૫ ક | ડો | ૧૬ લ | ૧૭ ક |
| | ૧૮ બી | ૧૯ લ | ૨૦ કુ | લ | | પ | | ૨૧ ગ | મા |
| ૨૨ અ | | ૨૩ ગી | ચ | | | ૨૪ ટ | ર્મિ | ન | લ |
| ૨૫ મ | ૨૬ ક | ર | | ૨૭ તા | ૨૮ પ | | | સ | |
| ૨૯ લ | ત | | ૩૦ ઉ | | ર | | ૩૧ ભ | રા | ૩૨ ઇ |
| ૩૩ દા | ર | | મ | | ૩૪ ત | ૩૫ ર | ડ | | સ |
| ૩૬ ર | ણ | મે | દા | ન | | ૩૭ સ | ક | ટ | મ |

## શબ્દલાલિત્ય

સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | | ૩ | ૪ | | | ૫ | ૬ |
| ૭ | | | ૮ | | | | ૯ | | |
| ૧૦ | | | | | | ૧૧ | | | |
| | | | | | ૧૨ | | | | |
| | ૧૩ | ૧૪ | | ૧૫ | | ૧૬ | | | |
| ૧૭ | | | ૧૮ | | ૧૯ | | | | ૨૦ |
| ૨૧ | | | ૨૨ | ૨૨-અ | | | | ૨૩ | |
| | | ૨૪ | | | ૨૫ | | ૨૬ | | |
| | ૨૭ | | | ૨૮ | | | | | |
| ૨૯ | | | | | | | ૩૦ | | |

### આડી ચાવી

૧. વિદાયનો શબ્દ (૩)
૩. છૂટા પડવું તે (૩)
૫. પુન : (૨)
૭. આવનારો દિવસ (૨)
૮. ઇંદ્ર (૩)
૧૦. યુદ્ધ ક્ષેત્ર (૫)
૧૧. મશ્કરી (૪)
૧૩. શાંતિ, ક્ષમા (૨)
૧૫. પુત્ર --- નામના નરકમાંથી તારે (૧)
૧૬. વાસણ (હિ.) (૩)
૧૭. સંગીતની એબીસીડી (૪)
૧૯. --- રે જૂઠ મત બોલો (ફિલ્મી ગીત) (૩)
૨૧. મારું (સં.) (૨)
૨૨. બરફ, અતિશય ઠંડી (૨)
૨૩. લાકડાંની ગઠરી (૨)
૨૪. રાણા પ્રતાપને દાન આપનાર (૪)
૨૬. સોગંદ (૩)
૨૭. પ્રભુની ડોકમાં પહેરાવો (૨)
૨૮. શરમાળ છોડ (૪)
૨૯. આવજો (૪)
૩૦. ડરપોક, બીકણ (૩)

### ઊભી ચાવી

૧. મહેસૂલી પ્રથા, આંકણી (૪)
૨. --- લેવું એટલે વૃત્તિ ધારણ કરવાં (૩)
૩. નડતર (૩)
૪. ખાતરીપૂર્વકનું કથન (બ.વ.) (૨)
૬. પદ્ધતિ પ્રમાણે (૪)
૮. આધાર, ડુક્કર, ભૂંડ (૩)
૯. બદલાવ (૫)
૧૨. જન્મ આપે તે (૧)
૧૩. લાજ (૩)
૧૪. એક લીલું કઠોળ (૨)
૧૬. છીંકણી (૩)
૧૭. કાળ, વખત (૩)
૧૮. પ્રતાપ, યશ (૩)
૨૦. નિર્ભરતા, આશ્રય (૫)
૨૨-અ.પહેલાં --- ના અજવાળે નાટકો થતાં (૩)
૨૩. ભ્રાંતિ, છાપ (૨)
૨૪. સંસ્કૃતનો મહાકવિ (૩)
૨૫. સહસ્ર (૩)
૨૬. ઝીણો કણ, કપાશી (૩) (જો. છૂ.)
૨૭. પરિસ્થિતિ, હમણાં (૨)

## ગુજરાત મોરી મોરી રે

વિવિધ વિષય પર નાટક ભજવનારા કાંતિ મડિયાના નાટકના નામમાં 'કોઈ ભીંતેથી ------ ઉતારો'માં ખૂટતો શબ્દ ઉમેરી નામ પૂર્ણ કરો.

અ) ઓરસિયો બ) રંગ ક) આયના ડ) તસવીર

## જાણવા જેવું

એક સમયે રંગૂન બહારના પ્રદેશને ગુજરાતીઓ જંગલ કહેતા. પછી તે રંગૂનથી બે માઈલ, બાવીસ માઈલ, બસો માઈલ કે બે હજાર માઈલ દૂર હોય. આ કારણસર 'ફલાણા ભાઈ જંગલ ગયા છે' એમ કહેવામાં આવે ત્યારે એ રંગૂનની સરહદ ઓળંગી ગયા છે એવો અર્થ લોકો દ્વારા કાઢવામાં આવતો હતો.

## સુડોકુ-૯૧૫૫

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | ૬ | | ૩ | | |
| ૬ | ૩ | | ૭ | | | | | |
| ૪ | ૯ | | | | | ૭ | ૧ | |
| ૯ | | | | | ૮ | | | |
| ૭ | | | | | | | | ૩ |
| | | | ૫ | | | | | ૧ |
| | ૪ | ૭ | | | | | ૮ | ૨ |
| | | | | | ૨ | | ૫ | ૪ |
| | | ૮ | | ૧ | ૪ | | | |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૯૧૫૪

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૭ | ૧ | ૫ | ૮ | ૪ | ૨ | ૩ | ૬ | ૯ |
| ૮ | ૯ | ૨ | ૫ | ૬ | ૩ | ૪ | ૧ | ૭ |
| ૬ | ૩ | ૪ | ૧ | ૯ | ૭ | ૫ | ૮ | ૨ |
| ૧ | ૨ | ૩ | ૬ | ૭ | ૯ | ૮ | ૫ | ૪ |
| ૯ | ૬ | ૮ | ૩ | ૫ | ૪ | ૭ | ૨ | ૧ |
| ૫ | ૪ | ૭ | ૨ | ૧ | ૮ | ૬ | ૯ | ૩ |
| ૪ | ૭ | ૧ | ૯ | ૮ | ૬ | ૨ | ૩ | ૫ |
| ૨ | ૫ | ૬ | ૭ | ૩ | ૧ | ૯ | ૪ | ૮ |
| ૩ | ૮ | ૯ | ૪ | ૨ | ૫ | ૧ | ૭ | ૬ |

## ચતુર આપો જવાબ

માથું ખંજવાળો

કઠોળ આપણા ભાણામાં સ્થાન ધરાવે છે. વિશ્વનો કયો દેશ કઠોળ ઉત્પાદનમાં નંબર વન છે એ આપેલા વિકલ્પમાંથી શોધી કાઢો.

અ) કઝાકસ્તાન
બ) ભારત
ક) અફઘાનિસ્તાન
ડ) બલ્ગેરિયા

## નોંધી રાખો

સમય દેખાતો નથી પણ સમય ઘણું બધું દેખાડી જાય છે. સમયે સમયે જે થાય એ સ્વીકારતા નહીં શીખો તો સમય તમને નહીં સ્વીકારે.

## માઈન્ડ ગેમ

આપેલી સંખ્યાઓ ધ્યાનથી જુઓઃ ૨૪, ૭૨, ૧૨૦, ૧૬૮, ૨૧૬.... તેમની વચ્ચે રહેલો સંબંધ ઓળખો અને ગણતરી કરીને કહો કે ૨૧૬ પછી કઈ સંખ્યા આવે?

અ) ૨૨૪ બ) ૨૫૨
ક) ૨૬૪ ડ) ૨૮૦

## ગયા શનિવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| નિકટ | પાસે |
| નિખર્વ | સો અબજ |
| નિખાર | ઉઘાડ |
| નિગમ | તંત્ર |
| નિચોડ | સાર |

ગુજરાત મોરી મોરી રે: દોષી

ઓળખાણ પડી: જાપાન

માઈન્ડ ગેમ: ૧૨૮

ચતુર આપો જવાબ માથું ખંજવાળો: બ્રાઝિલ

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) મુલરાજ કપૂર (૨) સુભાષ મોમાયા (૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભારતી બુચ (૬) નીતા દેસાઈ (૭) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૮) હર્ષા મહેતા (૯) શ્રદ્ધા આશર (૧૦) ખુશરૂ કાપડિયા (૧૧) જ્યોતિ ખાંડવાલા (૧૨) જયવંત પદમશી ચિખલ (૧૩) પુષ્પા પટેલ (૧૪) લજીતા ખોના (૧૫) નિખિલ બંગાળી (૧૬) અમીશી બંગાળી (૧૭) મીનળ કાપડિયા (૧૮) મહેશ સંઘવી (૧૯) ભરત કજરિયા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) ભાવના કર્વે (૨૩) મહેશ દોશી (૨૪) તાહેર ઔરંગાબાદવાલા (૨૫) શીરીન ઔરંગાબાદવાલા (૨૬) પ્રવીણ વોરા (૨૭) કિરીટ છેડા (૨૮) મહેન્દ્ર લોઢાવિયા (૨૯) કમલ માતલિયા (૩૦) અરવિંદ કામદાર (૩૧) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૨) વિલાશ અંબાણી (૩૩) દેવેન્દ્ર સંપટ (૩૪) વિપીન શાહ (૩૫) નૂતન વિપીન શાહ (૩૬) અંજુ ટોલિયા (૩૭) ડાયના સંતોકે (૩૮) અલકા વાણી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) પુષ્પા ખોના (૪૧) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૪૨) રમેશ દલાલ (૪૩) હિના દલાલ (૪૪) ઈનાક્ષી દલાલ (૪૫) નિતીન જયંતિલાલ બજરિયા (૪૭) ડો. પ્રકાશ કટકિયા (૪૮) ધીરેન્દ્ર મુલરાજ (૪૯) ગીતા ઉદ્દેશી (૫૦) પ્રતિમા પમાણી (૫૧) વિણા સંપટ (૫૨) ચેતના છેડા (૫૩) ઝંખના કડકિયા (૫૪) ઉર્મિલાબેન કડકિયા (૫૫) યેશા કડકિયા

# આર્થિક ડેટાની જાહેરાત પૂર્વે બેતરફી વધઘટમાં સેન્સેક્સમાં ૧૩ પૉઈન્ટ અને નિફ્ટીમાં ૧૨ પૉઈન્ટનો સાધારણ ઘટાડો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આજે મોડી સાંજે અથવા તો બજારના સત્ર પશ્ચાત્ ઔદ્યોગિક ઉત્પાદન તથા જીડીપીના ડેટાની જાહેરાત થવાની હોવાથી સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં આજે સત્ર દરમિયાન રોકાણકારોના સાવચેતીના માનસ વચ્ચે ભારે ચંચળતાનું વલણ રહેતાં બજાર બેતરફી વધઘટે અથડાઈ ગઈ હતી અને બે સત્રના સુધારાને બ્રેક લાગી હતી. વધુમાં આજે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૩૯૭૫.૭૨ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હતી. જોકે, તેની સામે સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોની રૂ. ૪૧૪૮.૪૮ કરોડની ખરીદી રહી હોવાનું એક્સચેન્જે આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

આજે સત્ર દરમિયાન બૉમ્બે સ્ટોક એક્સચેન્જનો ૩૦ શૅરનો બૅન્ચમાર્ક સેન્સેક્સ ૩૯૨.૦૭ પૉઈન્ટની વધઘટના અંતે ૧૩.૭૧ પૉઈન્ટના ઘટાડા સાથે અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો ૫૦ શૅરનો બૅન્ચમાર્ક નિફ્ટી ૯૫.૭૫ પૉઈન્ટની વધઘટના અંતે ૧૨.૬૦ પૉઈન્ટના ઘટાડા સાથે બંધ રહ્યો હતો. જોકે, આજે સરકારે મોડી સાંજે ઑક્ટોબર મહિનાના આઈઆઈપી અથવા તો ઔદ્યોગિક ઉત્પાદનના ડેટાની જાહેરાત આગામી પહેલી ડિસેમ્બરે કરવામાં આવશે એમ જણાવ્યું હતું, જ્યારે ગત જુલાઈથી સપ્ટેમ્બર મહિના સુધીનાં ત્રિમાસિકગાળામાં ખાસ કરીને જીએસટીના દરમાં ઘટાડાને કારણે વપરાશી માગ વધતાં જીડીપી વૃદ્ધિદર છ ત્રિમાસિકગાળાની સૌથી ઊંચી ૮.૨ ટકાની સપાટીએ રહ્યો હોવાનું આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું.

આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ ગઈકાલના ૮૫,૭૨૦.૩૮ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૮૫,૭૯૧.૫૫ના મથાળે ખૂલ્યા બાદ સત્ર દરમિયાન ઉપરમાં ૮૫,૯૬૯.૮૯ અને નીચામાં ૮૫,૫૭૭.૮૨ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે સાધારણ ૦.૦૨ ટકા અથવા તો ૧૩.૭૧ પૉઈન્ટના ઘટાડા સાથે ૮૫,૭૦૬.૬૭ની સપાટીએ બંધ રહ્યો હતો. તે જ પ્રમાણે એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટી ગઈકાલના ૨૬,૨૧૫.૫૫ના બંધ સામે વધીને ૨૬,૨૩૭.૪૫ના મથાળે ખૂલ્યા બાદ ઉપરમાં ૨૬,૨૮૦.૭૫ અને નીચામાં ૨૬,૧૭૨.૪૦ની રેન્જમાં રહીને અંતે ૦.૦૫ ટકા અથવા તો ૧૨.૬૦ પૉઈન્ટના ઘટાડા સાથે ૨૬,૨૦૨.૯૫ની સપાટીએ બંધ રહ્યો હતો.

એકંદરે આજે સાવચેતીના અભિગમ વચ્ચે બજારમાં નિરસ કામકાજો વચ્ચે બે સત્રની તેજીએ થાક ખાધો હોવાનું રેલિગેર બ્રોકિંગ લિ.નાં રિસર્ચ વિભાગના સિનિયર વાઈસ પ્રેસિડેન્ટ અજિત મિશ્રાએ જણાવ્યું હતું.

વર્તમાન નાણાકીય વર્ષના બીજા ત્રિમાસિકગાળાના જીડીપીનાં અને ઑક્ટોબર મહિનાના ઔદ્યોગિક ઉત્પાદનના ડેટાની




જાહેરાત બજાર બંધ થયા પછી થવાની હોવાથી આજે બજાર સાંકડી વધઘટે અથડાઈ ગઈ હતી તેમ જ તાજેતરમાં જોવા મળેલા સુધારા પશ્ચાત્ ચોક્કસ શૅરોમાં નફારૂપી વેચવાલીનું દબાણ પણ જોવા મળ્યું હોવાનું જિઓજીત ઈન્વેસ્ટમેન્ટ લિ.નાં રિસર્ચ હેડ વિનોદ નાયરે જણાવ્યું હતું.

બીએસઈ ખાતે આજે કુલ ૪૩૧૨ શૅરોમાં કામકાજ થયા હતા, જેમાં ૧૯૬૦ શૅરના ભાવ વધીને, ૨૧૯૭ શૅરના ભાવ ઘટીને અને ૧૫૫ શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા. તેમ જ ૧૧૭ શૅરના ભાવ બાવન સપ્તાહની ટોચે અને ૧૬૧ શૅરના ભાવ બાવન સપ્તાહના તળિયે પહોંચ્યા હતા.

આજે સેન્સેકસ હેઠળના ૩૦ શૅર પૈકી ૧૨ શૅરના ભાવ વધીને અને ૧૮ શૅરના ભાવ ઘટીને બંધ રહ્યા હતા. જેમાં મુખ્ય વધનાર શૅરમાં મહિન્દ્રા ઍન્ડ મહિન્દ્રામાં ૨.૦૭ ટકાનો, સન ફાર્મામાં ૧.૨૦ ટકાનો, સ્ટેટ બૅન્ક ઑફ ઈન્ડિયામાં ૦.૬૯ ટકાનો, કોટક બૅન્કમાં ૦.૬૫ ટકાનો અને અદાણી પોર્ટસમાં ૦.૫૩ ટકાનો સુધારો આવ્યો હતો.

જ્યારે મુખ્ય ઘટનાર શૅરોમાં પાવરગ્રીડ કોર્પોરેશનમાં ૧.૩૯ ટકાનો, ઈટર્નલમાં ૦.૮૩ ટકાનો, ભારતી એરટેલમાં ૦.૭૦ ટકાનો, એક્સિસ બૅન્કમાં ૦.૫૫ ટકાનો, બજાજ ફિનસર્વમાં ૦.૪૨ ટકાનો અને ઈન્ફોસિસમાં ૦.૪૧ ટકાનો ઘટાડો આવ્યો હતો. જોકે, આજે નિફ્ટી હેઠળના ૫૦ શૅર પૈકી ૧૯ શૅરના ભાવ વધીને, ૨૯ શૅરના ભાવ ઘટીને અને બે શૅરના ભાવ ટકેલા ધોરણે બંધ રહ્યા હતા.

વધુમાં આજે બીએસઈ ખાતે સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૦.૧૩ ટકાનો અને મિડકેપ ઈન્ડેક્સમાં ૦.૦૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. તેમ જ બીએસઈનાં સેક્ટોરિયલ ઈન્ડેક્સમાં બીએસઈ ઑટો ઈન્ડેક્સ ૦.૫૫ ટકા, હેલ્થકેર ઈન્ડેક્સ ૦.૩૬ ટકા, મેટલ ઈન્ડેક્સ ૦.૨૩ ટકા, એફએમસીજી ઈન્ડેક્સ ૦.૨૩ ટકા, સર્વિસીસ ઈન્ડેક્સ ૦.૨ ટકા, કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી ઈન્ડેક્સ ૦.૧૮ ટકા, કોમોડિટીઝ ઈન્ડેક્સ ૦.૧ ટકા, બૅન્કેક્સ ૦.૦૮ ટકા અને કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ ઈન્ડેક્સ ૦.૦૩ ટકા વધ્યા હતા.

જ્યારે તેની સામે ઑઈલ ઍન્ડ ગેસ ઈન્ડેક્સ ૦.૯૭ ટકા, ટેલિકોમ્યુનિકેશન ઈન્ડેક્સ ૦.૯૧ ટકા, એનર્જી ઈન્ડેક્સ ૦.૬૪ ટકા, પાવર ઈન્ડેક્સ ૦.૫૭ ટકા, યુટિલિટીઝ ઈન્ડેક્સ ૦.૩૭ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ઈન્ડેક્સ ૦.૩૧ ટકા, ટેક્નોલૉજી ઈન્ડેક્સ ૦.૩ ટકા, કેપિટલ ગુડ્સ ઈન્ડેક્સ ૦.૨૧ ટકા, રિઅલ્ટી ઈન્ડેક્સ ૦.૧૯ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ અને ફોકસ્ડ આઈટી ઈન્ડેક્સ ૦.૧ ટકા અને આઈટી ૦.૦૮ ટકા ઘટ્યાં હતા.

એશિયન બજારોમાં આજે દક્ષિણ કોરિયાના કોલ્પી અને હોંગકોંગના હેંગસેંગમાં નરમાઈનું વલણ હતું, જ્યારે જાપાનનો નિક્કી ૨૨૫ ઈન્ડેક્સ અને શાંઘાઈનો એસએસઈ કમ્પોઝિટ ઈન્ડેક્સ સુધારાના અન્ડરટોને બંધ રહ્યો હતો, જ્યારે યુરોપના બજારમાં મધ્યસત્ર દરમિયાન નરમાઈનું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. વધુમાં આજે વિશ્વ બજારમાં બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૫ ટકા વધીને બેરલદીઠ ૬૩.૫૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

# ડૉલર સામે રૂપિયો વધુ નવ પૈસા નરમ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય સ્તરે ડૉલર ઈન્ડેક્સમાં તેમ જ બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારાતરફી વલણ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશ ઉપરાંત આજે મોડી સાંજે જાહેર થનારા આઈઆઈપી અને જીડીપીનાં ડેટાની રાહમાં ટ્રેડરોએ સાવચેતીનો અભિગમ અપનાવતા આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો વધુ નવ પૈસા નરમ પડીને ૮૯.૪૫ના મથાળે રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૯.૩૬ના બંધ સામે નરમાઈના અન્ડરટોને ૮૯.૪૧ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૯.૪૯ અને ઉપરમાં ૮૯.૩૮ની રેન્જમાં રહ્યા બાદ અંતે ગઈકાલના બંધ સામે નવ પૈસા ઘટીને ૮૯.૪૫ની સપાટીએ બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે ડૉલર સામે રૂપિયો ૧૪ પૈસા તૂટ્યો હતો.

એકંદરે ડૉલર ઈન્ડેક્સ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં સુધારો, ઈક્વિટી માર્કેટમાં નરમાઈ, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની વેચવાલી, માસાન્તને કારણે આયાતકારોની ડૉલરમાં માગ જેવા કારણોસર આજે રૂપિયો દબાણ હેઠળ આવ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે હાલની સ્થિતિ જોતા આગામી ટૂંકા સમયગાળામાં ડૉલર સામે રૂપિયો ૮૯.૨૫થી ૮૯.૭૦ આસપાસની રેન્જમાં રહે તેવી શક્યતા નકારી ન શકાય.

દરમિયાન ગઈકાલે નાણાં મંત્રાલયે જાહેર કરેલી માસિક આર્થિક સમીક્ષામાં જણાવ્યું હતું કે ગત માર્ચ અંતથી ઑક્ટોબર, ૨૦૨૫ દરમિયાન વૈશ્વિક ઊભરતા બજારોનાં ચલણોમાં જોવા મળેલા વલણ અનુસાર જ ડૉલર સામે રૂપિયામાં પણ ૩.૫૦ ટકાનો ઘસારો જોવા મળ્યો છે. દરમિયાન આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ગઈકાલના બંધ સામે ૦.૧૮ ટકા વધીને ૯૯.૬૯ આસપાસ અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨૭ ટકા વધીને બેરલદીઠ ૬૩.૫૧ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આજે સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફટીમાં અનુક્રમે ૧૩.૭૧ પૉઈન્ટનો અને ૧૨.૬૦ પૉઈન્ટનો ઘટાડો આવ્યો હોવાથી રૂપિયો વધુ દબાણ હેઠળ રહ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## સીએમઈ ગ્રૂપમાં આઉટેજને કારણે કરન્સી-કૉમૉડિટીના વેપાર પર અસર

# ચાંદીમાં વધુ ₹ ૧૬૯૨ની આગેકૂચ, સોનામાં ₹ ૫૩૪નો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ અમેરિકી ફેડરલ રિઝર્વ દ્વારા આગામી ડિસેમ્બર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકવાના આશાવાદ વચ્ચે આજે સપ્તાહના અંતે સોના અને ચાંદીના ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના નિર્દેશો સાથે સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સુધારો આગળ ધપતા ચાંદીના ભાવમાં વધુ કિલોદીઠ રૂ. ૧૬૯૨ની તેજી આવી હતી, જ્યારે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૨થી ૫૩૪ વધી આવ્યા હતા.



આજે સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં ખાસ કરીને વિશ્વ બજારમાં ભાવ ૦.૮ ટકા જેટલાં ઉછળી આવ્યા હોવાથી સ્થાનિકમાં તેજીનું વલણ જોવા મળ્યું હતું અને વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૬૯૨ વધીને રૂ. ૧,૬૪,૩૫૯ના મથાળે રહ્યા હતા. જોકે, સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારોની ખપપૂરતી માગ જોવા મળી હતા, જ્યારે જ્વેલરી ઉત્પાદકોની માગ નિરસ રહી હતી. વધુમાં આજે સોનામાં પણ ઊંચા મથાળેથી સ્ટોકિસ્ટોની અને રોકાણકારોની નવી લેવાલીનો અભાવ રહ્યો હતો, જ્યારે રિટેલ સ્તરની અને જ્વેલરી ઉત્પાદકોની ખપપૂરતી માગ રહેતાં વેરારહિત ધોરણે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૫૩૨ વધીને રૂ. ૧,૨૬,૦૮૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૫૩૪ વધીને રૂ. ૧,૨૬,૫૯૧ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ગત ૧૪મી નવેમ્બર પછીની ઊંચી ઔંસદીઠ ૪૧૭૪.૧૫ની સપાટી આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા. તેમ જ આ સપ્તાહમાં અત્યાર સુધીમાં ૨.૭ ટકાનો અને આ મહિનામાં અત્યાર સુધીમાં ૩.૯ ટકાનો વધારો નોંધાયો હતો. વધુમાં આજે સીએમઈ ગ્રૂપમાં આઉટેજને કારણે કરન્સી પ્લેટફૉર્મ પર અને વાયદામાં ફોરેન એક્સચેન્જ, કૉમૉડિટીઝ, ટ્રેઝરી અને સ્ટોકમાં કામકાજો પર અસર થવાથી વેપાર ઠપ થઈ ગયા હતા. જોકે, આઉટેજ પૂર્વે યુ એસ ગોલ્ડ ફ્યુચર પર ભાવ ઔંસદીઠ ૪૨૨૧.૩૦ ડૉલરના મથાળે રહ્યાના અહેવાલ હતા. દરમિયાન આજે યુબીએએસએ વર્ષ ૨૦૨૬માં ચાંદીના ભાવનો અંદાજ ઔંસદીઠ ૬થી ૮ ડૉલર વધારીને ૬૦ ડૉલર આસપાસ રહેવાનો મૂક્યો હતો. હાલમાં વૈશ્વિક બજારમાં ખાસ કર કરીને વૈશ્વિક સ્તરે દેવાની ચિંતા, ટૅરિફ અને વેપારો પરનાં પ્રતિબંધો જેવા પરિબળો સોનાની તેજીની તરફેણમાં હોવાથી આ મહિનામાં સોનાના ભાવમાં ૩.૯ ટકા જેટલો ઉછાળો નોંધાયો હોવાનું વિશ્લેષક રોઝ નોર્મને જણાવતા ઉમેર્યું હતું કે આ મજબૂત પરિબળો ઉપરાંત અમેરિકી ફેડરલ રિઝર્વ આગામી ડિસેમ્બર મહિનાની બેઠકમાં વ્યાજદરમાં કાપ મૂકે તેવી શક્યતા પ્રબળ બની છે. આથી વ્યાજદરમાં કપાતના સંજોગોમાં રોકાણકારોની સામાન્યપણે વ્યાજની ઊપજ ન આપતી સોનાચાંદી જેવી કૉમૉડિટીમાં પ્રબળ માગનો ટેકો મળતો હોય છે. અત્રે ઉલ્લેખનીય બાબત એ છે કે તાજેતરમાં જાહેર થયેલા અમેરિકાના આર્થિક ડેટાઓને ધ્યાનમાં લેતાં ફેડરલના ગવર્નર ક્રિસ્ટોફર વૉલર અને ન્યૂયોર્ક ફેડના પ્રમુખે પણ ડિસેમ્બરમાં વ્યાજદરમાં કપાતના સંકેતો આપ્યા હોવાથી સીએમઈ ફેડ વૉચ ટૂલ પર હવે બજાર વર્તુળો વ્યાજદરમાં કપાતની ૮૫ ટકા શક્યતા જોઈ રહ્યા છે.

# ડૉલર મજબૂત થતાં ટીનની આગેવાનીમાં ધાતુમાં આગળ ધપતો સુધારો



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય વિનિમય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સની મજબૂતી સાથે લંડન મેટલ એક્સચેન્જ ખાતે કોપર સહિતની ધાતુઓના ભાવમાં સુધારો આગળ ધપ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ ટીનની આગેવાની હેઠળ કોપર, નિકલ, ઝિન્ક, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સમાં કિલોદીઠ રૂ. એકથી ૪૫નો સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે માત્ર બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની વેચવાલીનું દબાણ વધુ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચ અને એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં નિરસ માગે કિલોદીઠ રૂ. એકનો ઘટાડો આવ્યો હતો, જ્યારે લીડ ઈન્ગોટ્સમાં ટકેલું વલણ રહ્યું હતું.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં સ્ટોકિસ્ટોની આક્રમક લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ અને સ્થાનિક ડીલરોની માગને ટેકે ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૪૫ વધીને રૂ. ૩૫૩૯, નિકલ અને કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને અનુક્રમે રૂ. ૧૩૩૮ અને રૂ. ૧૦૫૯ તથા કોપર આર્મિચર અને કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૯૨૬ અને રૂ. ૮૭૩ના મથાળે રહ્યા હતા. વધુમાં આજે અન્ય ધાતુઓ જેમાં સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી ઉપરાંત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં કોપર કેબલ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ચાર વધીને રૂ. ૯૫૯, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૫૯૮, કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને રૂ. ૯૪૮ અને એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ તથા ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને અનુક્રમે રૂ. ૨૭૭ અને રૂ. ૩૧૧ના મથાળે રહ્યા હતા.

જોકે, આજે બ્રાસ શીટ કટિંગ્સમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીના દબાણ સામે નવી લેવાલીનો અભાવ અને સાર્વત્રિક સ્તરેથી માગ નિરસ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. પાંચ ઘટીને રૂ. ૬૫૫ અને નિરસ માગે એલ્યુમિનિયમ યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૨૧૧ના મથાળે રહ્યા હતા, જ્યારે છૂટાછવાયા કામકાજને ટેકે લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ૧૮૪ની સપાટીએ ટકેલાં રહ્યા હતાં.

# ખપપૂરતા કામકાજે સ્મોલ ગ્રેડની ખાંડમાં નરમાઈ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૭૩૦થી ૩૭૬૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા. જોકે, આજે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં સ્ટોકિસ્ટોની ખપપૂરતી લેવાલી સાથે રિટેલ સ્તરની માગ ખપપૂરતી રહેતાં એકંદરે કામકાજ ખપપૂરતા રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના ભાવ નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો અને મિડિયમ ગ્રેડમાં ટકેલું વલણ રહ્યું હતું. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે પણ માગને ટેકે ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું.

દરમિયાન પંજાબના મુખ્ય પ્રધાન ભગવંત માને ગઈકાલે આગામી પિલાણ મોસમ માટે શેરડીના ભાવ ક્વિન્ટલદીઠ રૂ. ૧૫ વધારીને રૂ. ૪૧૬ નિર્ધારિત કર્યાની જાહેરાત કરી હતી. નોંધનીય બાબત એ છે કે શેરડીના ભાવની આ સપાટી દેશના તમામ રાજ્યોની સરખામણીમાં સૌથી વધુ છે. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે સ્થાનિકમાં અંદાજે ૨૯થી ૩૦ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટોની છૂટીછવાઈ લેવાલી અને રિટેલ સ્તરની ખપપૂરતી માગને ટેકે ઉપાડ લગભગ ૨૭થી ૨૮ ટ્રકનો રહ્યો હતો. જોકે, આજે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં રિટેલ સ્તરની માગ નિરસ રહેવાની સાથે અમુક માલની ગુણવત્તા પણ નબળી આવી હોવાથી તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦ના ઘટાડા સાથે રૂ. ૩૯૦૦થી ૩૯૬૨માં થયા હતા.

જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૯૬૦થી ૪૦૭૨માં ટકેલા ધોરણે થયા હતા. વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગ જળવાઈ રહેતાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૧૦થી ૩૮૫૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૮૫૦થી ૩૯૦૦માં ટકેલા ધોરણે થયાના અહેવાલ હતા.



# મલયેશિયા પાછળ આયાતી તેલમાં સુધારો, વેપાર છૂટાછવાયા



(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના વાયદામાં આજે ૨૪ રિંગિટનો સુધારો આવ્યો હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં પણ ખાસ કરીને સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ અનુક્રમે રૂ. પાંચ અને રૂ. ૧૦ વધી આવ્યા હતા, જ્યારે આરબીડી પામોલિનમાં ટકેલું વલણ રહ્યું હતું. તેમ જ આજે મથકો પાછળ કપાસિયા રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો જોવા મળ્યો હતો. જોકે, ભાવમાં સુધારો આગળ ધપી રહ્યો હોવાથી સ્થાનિક સ્તરે હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે છૂટાછવાયા વેપારો પણ ગોઠવાયા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ એડબ્લ્યુએલના આબીડી પામોલિનના રૂ. ૧૨૨૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૦ અને સન રિફાઈન્ડના રૂ. ૪૯૦, જી-વનના આરબીડી પામોલિનના રૂ. ૧૨૧૫ અને સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫, એવીઆઈના સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૪૫ અને પતંજલિ ફૂડ્સના આરબીડી પામોલિનના ડિસેમ્બર ડિલિવરી શરતે રૂ. ૧૨૪૨ અને જાન્યુઆરી ડિલિવરી શરતે રૂ. ૧૨૪૫ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે ગોકુલ એગ્રોના આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫ ક્વૉટ થઈ રહ્યા હતા અને તેની નવેમ્બરના સોદાઓમાં સોયા રિફાઈન્ડમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૨૨૧ના મથાળે બાયબૅકમાં લેવાલી નીકળી હોવાના અહેવાલ હતા.

આજે ગુજરાતમાં ગોંડલ મથકે ૧૧,૦૦૦ ગૂણીની આવક સામે વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૩૫૦માં થયા હતા, જ્યારે રાજકોટ મથકે મગફળીની કોઈ આવક નહોતી, પરંતુ ગઈકાલની શેષ ૧૦,૦૦૦ ગૂણીના વેપાર મણદીઠ રૂ. ૧૦૫૦થી ૧૪૦૦માં થયા હોવાનું બજારનાં સાધનોએ જણાવ્યું હતું. વધુમાં આજે મધ્ય પ્રદેશનાં મથકે પર સોયાબીનની ૪.૨૫ લાખ ગૂણીની આવકના અહેવાલ હતા. હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૨૪૫, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૫, સન રિફાઈન્ડના રૂ. ૧૪૭૫, સિંગતેલના રૂ. ૧૫૬૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૩૦૦ અને સરસવના રૂ. ૧૫૧૦ના મથાળે રહ્યા હતા. જ્યારે ગુજરાતનાં મથકો પર સિંગતેલમાં તેલિયા ટીનના વેપાર ૧૫ કિલોદીઠ રૂ. ૨૪૩૦માં અને લૂઝમાં ૧૦ કિલોદીઠ રૂ. ૧૫૨૫માં ટકેલા ધોરણે થયા હતા.





રાજકોટમાં દારૂ, જુગાર અને ડ્રગ્સ જેવા દૂષણને ડામવા રાજકોટ શહેર કૉંગ્રેસ દ્વારા રાજકોટ પોલીસ કમિશનરને આવેદન પાઠવ્યું હતું. (તસવીરઃ પ્રવિણ સેદાણી, રાજકોટ)

# ભુજના મોટી રેલડી ગામે હાર્ડમોરમ ખનિજની તસ્કરી ઝડપાઈઃ ૫૦ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કચ્છના પેટાળમાં ધરબાયેલી ખનિજ સંપદાની રાજકીય ઓથા હેઠળ ફાવી ગયેલા ખનિજ માફિયાઓ મોટા પ્રમાણમાં તસ્કરી કરી રહ્યા છે. કચ્છ જિલ્લા કલેક્ટરના સીધા માર્ગદર્શન હેઠળ રચવામાં આવેલી ટાસ્ક ફોર્સ દ્વારા પૂર્વ બાતમીના આધારે ભુજ તાલુકાના મોટી રેલડી નજીક કરવામાં આવી રહેલી હાર્ડ મોરમ ખનિજની ચોરી ઝડપી પાડવામાં આવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, ભુજ તાલુકાના મોટી રેલડી ગામને લાગુ સરકારી ખરાબાની જમીન પર ટાસ્ક ફોર્સ દ્વારા દરોડો પાડવામાં આવ્યો હતો જેમાં એક જેસીબી મશીન દ્વારા હાર્ડમોરમ ખનિજનું ખનન કરી ગેરકાયદે વહન કરતા એક ડમ્પરને ૨૦ મેટ્રિક ટન ખનિજ સાથે પકડી પાડ્યું હતું. જપ્ત કરી લેવાયેલાં અંદાજિત રૂ.૫૦ લાખથી વધુના મુદ્દામાલને પદ્ધર પોલીસ મથકને સુપ્રત કરી, આરોપીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. કલેક્ટર દ્વારા બનાવાયેલી ટાસ્ક ફોર્સની આ કાર્યવાહીથી ખનિજોનું ગેરકાયદે ખનન અને વહન કરતા ખનિજ માફિયાઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે. ■





(તસવીરઃ- ઉત્સવ વૈદ્ય, ભુજ)

# કચ્છના માંડવીના બિદડા ગામના પીપલેશ્વર મહાદેવ મંદિરમાંથી રૂ. ૮૮,૦૦૦ની ચોરીઃ શ્રદ્ધાળુઓમાં રોષ





(તસવીર- ઉત્સવ વૈદ્ય, ભુજ)

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ કડકડતી ઠંડીને કારણે સૂર્યાસ્ત બાદ લદાઈ જતી સ્વયંભૂ સંચારબંધીનો ગેરલાભ લઇ રહેલા તસ્કરોનો તરખાટ યથાવત રહેતો હોય તેમ માંડવી તાલુકાના બિદડા ગામે આવેલાં પ્રખ્યાત પીપલેશ્વર મહાદેવ મંદિરમાંથી ૮૮ હજારના મુદ્દામાલની ચોરીને અંજામ આપતાં ભાવિકોની લાગણી દુભાઈ હતી.

મંદિર ચોરીના આ બનાવ અંગે કોડાય પોલીસ મથકમાં પીપલેશ્વર મહાદેવ મંદિરમાં ૩૦ વર્ષથી સેવા-પૂજા કરતા જિતેન્દ્રગિરિ પ્રેમગિરિ ગોસ્વામીજીએ નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે, સાંજે મંદિરની સેવા-પૂજા કરી સાત વાગ્યે તાળું મારીને તેઓ ઘરે ચાલ્યા ગયા હતા. બીજા દિવસે સવારે મંદિરનું તાળું તૂટેલું જોવા મળતાં અંદર તપાસ કરી હતી જેમાં નિજ મંદિરમાં શિવલિંગ પરનો શેષનાગ, જલધારા લોટો, શિવલિંગની બાજુમાં રહેલી ચાંદીની ધાતુની જળાધારી (અમરથાલું) કિંમત રૂ. ૮૮,૦૦૦ના ત્રણ દાગીનાની ચોરી થઇ હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું.

કોડાય પોલીસે પુજારીએ નોંધાવેલી ફરિયાદના આધારે ગંધ પારખું શ્વાનની મદદ વડે અજ્ઞાત તસ્કરોની ભાળ મેળવવા કવાયત આદરી છે. ■

# કચ્છના નખત્રાણાના સાંયરા ગામના આડબંધમાંથી આધેડનો મૃતદેહ મળી આવ્યો

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભુજઃ ભુજ તાલુકાના ક્રાફ્ટ વિલેજ તરીકે ઓળખાતા ભુજોડી ગામ મધ્યે ૫૫ વર્ષીય મોતીલાલ નારણભાઇ સીજુ નામના આધેડે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લેતાં પંથકમાં ચકચાર પ્રસરી હતી, બીજી તરફ, નખત્રાણાના સાંયરા-યક્ષની નદીના આડબંધમાંથી બે દિવસ અગાઉ ગુમશુદા થયેલા ૪૭ વર્ષના વેલજી મમુ ગરવાનો ત્રણ દિવસની વ્યાપક શોધખોળના અંતે મૃતદેહ મળી આવ્યો હતો.

પ્રાપ્ત વિગતો મુજબ, ભુજોડી ગામે રહેતા મોતીલાલ સીજુએ વહેલી સવારના છ વાગ્યાના અરસામાં પોતાના ઘરે કોઇ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઇ આપઘાત કરી જીવાદોરી ટૂંકાવી લેતાં ઘટનાની પદ્ધર પોલીસે તપાસ હાથ ધરી છે.

સાંયરા-યક્ષમાં રહેનાર વેલજી મમુ ગરવા ગત તા. ૨૫-૧૧ના રોજ અજ્ઞાત કારણોસર ઘરેથી નીકળી ગયા બાદ પરત ન આવતાં તેની પોલીસમાં ગુમનોંધ દાખલ કરાવાઇ હતી. આ દરમ્યાન મગરની હાજરી ધરાવતા આડબંધના કિનારે તેના ચંપલ મળી આવતાં અહીં તરવૈયાઓ દ્વારા જીવના જોખમે સતત ત્રણ દિવસ સુધી શોધખોળ આદરવામાં આવી હતી જેમાં તેમનો મૃતદેહ હાથ લાગ્યો હતો.બનાવ સંદર્ભે નખત્રાણા પોલીસે છાનબીન આદરી છે. ■

# ભાવનગરના એસપીએ બદલીનો ગંજીપો ચીપિયોઃ ૮ પી.આઇ., ૧૭ પી.એસ.આઇ.ની આંતરિક બદલી

ભાવનગરઃ શહેર જિલ્લાનો ચાર્જ સંભાળ્યા બાદ પ્રથમ વખત જિલ્લા એસ.પી. દ્વારા શહેર અને જિલ્લાના ૮ પી.આઈ. અને ૧૭ પી.એસ. આઈ.ની આંતરીક બદલીઓ કરવામાં આવી છે. શહેરના નિલમબાગના પી.આઈ. ઝાલા અને બોરતળાવ પોલીસ મથકના પી.આઈ. ડાભીને લીવ રિઝર્વમાં મુકયા છે. તેમજ ૬ પી.એસ.આઈ.ને એક જ ઝાટકે પોલીસ મથકમાંથી લીવ રિઝર્વમાં ધકેલી દીધા છે. અને ૩ પી.એસ.આઈને લીવ રિઝર્વમાંથી જુદા જુદા પોલીસ મથક ફાળવાયા છે. જ્યારે ૩ પી.આઈ.ને લીવ રિઝર્વમાંથી પોલીસ મથકમાં મૂકવામાં આવ્યા છે. ભાવનગરમાં પ્રથમ વખત શહેરના ત્રણ પોલીસ મથકોમાં પી.આઈ.ની મદદગારીમાં સેકન્ડ પી.આઈ. એટેચ તરીકે રાખવામાં આવ્યા છે.

ભાવનગર શહેરમાં કાયદો અને વ્યવસ્થા સુચારું જળવાઈ રહે તેને પગલે ભાવનગર એસ.પી. નિતેશ પાંડેય દ્વારા ૮ પી.આઈ. અને ૧૭ પી.એસ.આઇ.ની આંતરિક બદલીઓ કરવામાં આવી છે. શહેરના નિલમબાગ પોલીસ સ્ટેશનના પી.આઇ. બી.ડી.ઝાલા અને બોરતળાવ પોલીસ મથકના પી.આઈ. એન.કે. ડાભીને લીવ રિઝર્વમાં મૂકી દિધા છે. તેમજ શહેરના ઘોઘારોડ, નિલમબાગ અને બોરતળાવ વિસ્તારમાં સુચારું રૂપે પોલીસની કામગીરી ચાલે તેને માટે પી.આઈ.ની સાથે સેકન્ડ પી.આઈ. તરીકે એટેચમાં મુકવામાં આવ્યા છે.જે ભાવનગરમાં પ્રથમ ઘટના છે. ■

# સુરેન્દ્રનગરના થાનગઢમાં ગેરકાયદે રેતી ખનન પર દરોડા પાડી ૨ કરોડ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરાયો

અમદાવાદઃ સુરેન્દ્રનગર જિલ્લાના થાનગઢ તાલુકામાં ગેરકાયદે માટી ખનન સામે પોલીસ દ્વારા મોટી કાર્યવાહી કરવામાં આવી હતી. છેલ્લા બે દિવસથી થાનગઢના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદે રીતે ચાલી રહેલા શીપરા માટીના ખનન પર સ્થાનિક પોલીસ ટીમ દ્વારા આકસ્મિક દરોડા પાડવામાં આવ્યાં હતા. આ દરોડા દરમિયાન ખનીજ ચોરીમાં સંકળાયેલાં આશરે ૭ વાહનોને પોલીસે ઝડપી પાડવામાં આવ્યાં હતાં.

સુરેન્દ્રનગર પોલીસે કુલ સાત વાહનો સહિત અંદાજે રૂપિયા ૨ કરોડનો મુદ્દામાલ જપ્ત કરીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. પોલીસ દ્વારા જપ્ત કરાયેલા વાહનો અને અન્ય મુદ્દામાલને આગળની કાયદેસરની કાર્યવાહી માટે ખાણ ખનીજ વિભાગ અને આરટીઓ વિભાગને સોંપવામાં આવ્યા હતી. ■

# રાજકોટની પેંડા ગેંગ બાદ મૂર્ઘા ગેંગ સામે ગુજસીટોક હેઠળ ફરિયાદ નોંધાઈ, કુલ ૧૦૪ ગુના નોંધાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટની કુખ્યાત પેંડા ગેંગ બાદ જંગલેશ્વર વિસ્તારની મૂર્ઘા ગેંગ સામે રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ગુજસીટોક હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ બંને ગેંગ સાથે ગુનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ક્રાઇમ બ્રાન્ચે સમીર ઉર્ફે મૂર્ઘો પઠાણ સહિત ૨૧ આરોપીઓ વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો. આ કેસમાં રાજકોટ દ્વારા ૧૨ આરોપીની અટકાયત કરી બાકીના ૪ આરોપીઓ જેલમાં બંધ હોવાથી તેમનો ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી વધુ તપાસ હાથ ધરવામાં આવી હતી.




(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

પોલીસે આપેલી વિગતો પ્રમાણે આ કુખ્યાત ગેંગો સામે પ્રોહિબિશન, જુગાર, ડ્રગ્સ વેચાણ સહિતના કુલ ૧૦૪ ગુના નોંધાયેલા છે. પેંડા ગેંગ વિરુદ્ધ પ્રોહિબિશનના ૭૨, જુગારનો ૧, અને એનડીપીએસનો ૧ કેસ નોંધાયેલા છે, જયારે મૂર્ઘા ગેંગ વિરુદ્ધ પ્રોહિબીશનના ૨૦, જુગારનો ૯, અને એનડીપીએસનો ૧ કેસ નોંધાયેલો છે. રાજકોટ શહેર ક્રાઇમ ડીસીપી જગદીશ બાંગરવાએ જણાવ્યું હતું કે, રાજકોટ શહેરના મંગળા રોડ પર પેંડા ગેંગ અને મુર્ઘા ગેંગ વચ્ચે સામસામે થયેલ ફાયરિંગ કેસ બાદ પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા, અને એડિશનલ પોલીસ કમિશનર મહેન્દ્ર બગડિયા દ્વારા કડક કાર્યવાહી કરવા સૂચના આપી હતી.

રાજકોટ શહેર ક્રાઇમ બ્રાન્ચ દ્વારા ૯ નવેમ્બરના રોજ પેંડા ગેંગના ૧૭ સભ્યો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી, ગઈ કાલે જંગલેશ્વરની મૂર્ઘા ગેંગના ૨૧ સભ્યો વિરુદ્ધ ગુજસીટોક હેઠળ ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. હાલ આ ગુનામાં પોલીસે કુલ ૧૨ આરોપીઓને ઝડપી પાડ્યા હતાં. જયારે ૪ આરોપીઓ જેલમાં બંધ હોવાથી ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી ધરપકડ કરવામાં આવી હતી. આ સાથે અન્ય પાંચ ફરાર આરોપીઓને ઝડપી પાડવા તપાસ શરૂ કરવામાં આવી હતી.

રાજકોટ ક્રાઇમ બ્રાન્ચે ગુજસીટોક હેઠળ શાહજહા ઉર્ફે ગોટીયો વશીર, ઈરફાન ઉર્ફે મુન્નો ઉર્ફે જીમ્મી જુણાચ, તેજીમ ફુફાર, મુજકીર ઉર્ફે મુજુડો બ્લોચ, સર્ફરાજ ઉર્ફે સેફુડો ખેડારા, અહેમદ ઉર્ફે દુડી બકાલી, સતાર ઉર્ફે મેંગણી દોઢિયા, અંજુમ ખિયાણી, સમીર ચાનીયા, દિનેશ રીબડીયા, હમીઝ ઉર્ફે ભાણો હેરંજા અને અરમાન ઉર્ફે ચક્કી સાંધની ધરપકડ કરી હતી. જયારે બાકીમાં સમીર ઉર્ફે મૂર્ઘો પઠાણ, શાહનવાઝ ઉર્ફે નવાજ વેતરણ, સોહીલ ઉર્ફે ભાણો ચાનીયા અને સલમાન ફકીર ફાયરિંગ કેસમાં જેલમાં બંધ હોવાથી તેનો ટ્રાન્સફર વોરંટથી કબ્જો મેળવી ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ■

# રેશનકાર્ડ પર અનાજ મળતું હોય તેવા તળાજા તાલુકાના ૧૮૦૦ કાર્ડ બંધ કરાયા

(અમારા પ્રતિનિધિ દ્વારા)

ભાવનગરઃ જિલ્લાના તળાજા પંથકમાં છેલ્લા કેટલાક દિવસોથી રેશનકાર્ડમાં સરકારી સહાય રૂપે મળતો અનાજનો જથ્થો બંધ થઈ ગયાની બુમરેન્ગ ઊઠી છે. પરંતુ તે કેમ બંધ થઈ ગયું તે બાબતે લોકો સત્ય જાણવા નો પ્રયાસ કરતા નથી.સરકાર દ્વારા ઓન લાઈન અને ડિઝિટલાઈશેનના કારણે જનતા ખોટુ કરીને સરકારની વિવિધ યોજનાઓનો લાભ લેવા ઇચ્છતા હોય તે સરકારને ધ્યાને આવતા રેશનશોપ પરથી મળતો પુરવઠો બંધ થઈ રહ્યો છે.જોકે કેટલાક કિસ્સાઓમાં તપાસના આધારે પુરવઠો શરૂ પણ કરવામાં આવેલ છે.

તળાજાના એક રીક્ષા ચાલક એ જણાવ્યું હતું કે પોતાને ગત માસ સુધી રેશનશોપ પરથી સરકાર દ્વારા મળતું અનાજ આ વખતે મળ્યું નથી. કેમ નથી મળ્યું તેના જવાબમાં મામલતદાર કચેરી તરફથી જવાબ મળ્યો હતો કે આપે આવકનો દાખલો કઢાવ્યો હતો તે અઢી લાખ નો હતો. તેની સામે રિટર્ન ફાઇલ કરી તેમાં આવક છ લાખની દર્શાવી હતી!. હકીકતે ડીઝલ લોડીંગ રિક્ષા ચલાવીને ગુજરાન ચલાવતા યુવાન મહિને પચાસ હજાર કમાતા નથી, પરંતુ રિટર્ન ફાઇલમા મોટી રકમ દેખાડવાથી લોનની રકમ મોટી થતી હોય એટલી રકમ ભરી હતી. એ બાબત સરકારના ધ્યાને આવી હોય અનાજનો જથ્થો બંધ કરી દેવામાં આવ્યો છે.

પુરવઠા મામલતદાર એ જણાવ્યું હતું કે આવી અનેક બાબતો સરકારના ધ્યાને આવતા અનેક કાર્ડ ધારકોને નોટિસ આપવામાં આવી હતી.તેમાંથી અનેક લોકો આવ્યા હતા.તેઓના જવાબ અને આર્થિક સ્થિતિ ની ખરાઈ કરી ઉચ્ચ અધિકારીઓ, રાજસ્વી વ્યક્તિઓના અધ્યક્ષસ્થાને મળતી બેઠકમાં જેના કાર્ડપર રેશનિંગ નો જથ્થો બંધ કરાયો હતો તેને ચાલુ કરાયો છે. તેમ છતાંય તળાજા તાલુકામાંથી ૧૮૦૦ કાર્ડ ધારકોને મળતો રેશનનો જથ્થો બંધ કરી દેવાયો છે.

સૂત્રો એ જણાવ્યું હતુ કે પાનકાર્ડ સહિતના દસ્તાવેજો પર ખરીદાતા વાહનો કે અન્ય મોંઘી મિલ્કત પર સરકારી તંત્ર નઝર રાખી રહ્યું છે.તેના પરથી ખ્યાલ આવે છે કે આ કાર્ડ ધારક ગરીબી રેખા હેઠળ જીવતા નથી. આથી સરકારની દરેક યોજનાઓનો લાભ મળી શકશે નહીં. આ બધું જ ઓન લાઈન અને ડિઝિટાઈજેશનનો પ્રતાપ છે. ■

# રાજકોટમાં કિન્નરો વચ્ચે બબાલ, છ વ્યંઢળનો ફિનાઈલ પીને આત્મહત્યાનો પ્રયાસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજકોટમાં કિન્નર સમુદાય વચ્ચે ચાલી રહેલા આંતરિક વિવાદે ગંભીર વળાંક લીધો હતો. અંદરો અંદરના ઝઘડા અને કથિત ત્રાસથી કંટાળીને ૬ જેટલા કિન્નરોએ મોડી રાત્રે સામૂહિક રીતે આપઘાતનો પ્રયાસ કર્યો હતો. તમામ કિન્નરોને તાત્કાલિક રાજકોટની સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી મુજબ, આ ઘટના મોડી રાત્રે જામનગર રોડ પર આવેલાં ખાટું શ્યામ મંદિર પાસે બની હતી, જ્યાં છ કિન્નરોએ એકસાથે ફિનાઇલ પીધું હતું. સિવિલ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કિન્નર નિકિતા માસીએ એક વીડિયો જાહેર કરીને મદદની માગણી કરી છે અને અન્ય કિન્નરો પર ગંભીર ત્રાસ આપવાનો આરોપ લગાવ્યો હતો. નિકિતા માસીએ આક્ષેપ કર્યો હતો કે, 'જ્યુબેલી ગાર્ડન પાસેની એક ઘટના બાદ મીરા અને મિહિર સહિતના અન્ય કિન્નરો દ્વારા સતત ત્રાસ આપવામાં આવતો હતો, જેના કારણે મેં દવા પીધી છે. મને સારું થઈ જશે તો પણ હું ફરી આપઘાત કરીશ.' જો કે, આ સમગ્ર વિવાદ અને મારામારીનું સાચું કારણ શું છે તે અંગે પોલીસ દ્વારા હજી તપાસ ચાલી રહી છે. તમામ ૬ કિન્નરોને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. ■



(તસવીર- પ્રવિણ સેદાણી, રાજકોટ)

# રાજકોટમાં શિક્ષક-શિક્ષિકાની કરતૂતના કારણે લગ્નમંડપમાંથી જાન લીલા તોરણે પાછી ગઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

રાજકોટઃ શિક્ષણ જગતને શર્મસાર કરતી એક ઘટના રાજકોટમાં બની હતી. શિક્ષક-શિક્ષિકા દ્વારા એક યુવતીનું શારીરિક શોષણ અને લાખો રૂપિયાની છેતરપિંડીના અજીબોગરીબ કિસ્સામાં હાલ ચોંકાવનારા તથ્યો સામે આવી રહ્યા હતાં. આ કેસમાં પીડિત યુવતીએ મીડિયા સમક્ષ પોતાના આપવીતી જણાવી હતી. પીડિતાનો આરોપ છે કે, શિક્ષક મુકેશ સોલંકી અને શિક્ષિકા પ્રીતિ ઘેટીયા દ્વારા તેને ફસાવવામાં આવી હતી. મુકેશ સોલંકી નામના શિક્ષકે તેની પર વારંવાર દુષ્કર્મ પણ આચરતો અને વાયર, બેલ્ટ, કડાથી માર મારતો હોવાનો આરોપ લગાવવામાં આવ્યો હતો.

વધુમાં પીડિતાએ જણાવ્યું કે, શિક્ષક મુકેશ સોલંકી અને શિક્ષિકા પ્રીતિ ઘેટીયા તેના પતિને મારી નાખવાની ધમકી આપતા હતા.

લગ્નના દિવસે પણ લગ્નમંડપમાં ઘૂસી લગ્નને રોકાવવાનો પ્રયાસ કર્યો હતો. આ શિક્ષક-શિક્ષિકાએ યુવતીના ન્યુડ ફોટા-વીડિયો પોતાના મોબાઈલ ફોનમાં કેદ કરીને તેણીને બ્લેકમેલ કરી અધધ ચાર લાખથી પણ વધુ રૂપિયા બળજબરીપૂર્વક કટકે કટકે પડાવી લીધા હોવાનું સામે આવ્યું હતું. લગ્નના દિવસે આ ફોટો અને વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને લગ્ન રોકાવ્યા હોવાની ઘટના સામે આવી હતી.

આ મામલે પીડિત યુવતીએ રાજકોટ યુનિવર્સિટી પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવી હતી. પોલીસ ફરિયાદ અનુસાર પીડિતા સૌપ્રથમ સરકારી શાળામાં શિક્ષિકા તરીકે ફરજ બજાવનારી પ્રીતિ ઘેટીયાના સંપર્કમાં આવી હતી. જે બાદ પ્રીતિ ઘેટીયાના માધ્યમથી પીડિતા મુકેશ સોલંકીના સંપર્કમાં આવી હતી. અને એકબીજાના મોબાઈલ નંબરની આપ-લે થઈ હતી. આરોપીઓએ યુવતીને ધમકી આપી હતી કે, 'જો તું લગ્ન કરીશ, તો હું તારા ન્યુડ વીડિયો-ફોટા વાયરલ કરી સમાજમાં બદનામ કરી નાખીશ'.

રાજકોટ પોલીસ દ્વારા બંને આરોપી શિક્ષક-શિક્ષિકા વિરુદ્ધ બીએનએસની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધાવવામાં આવ્યો હતો. આ સાથે આરોપી શિક્ષિકા પ્રીતિ ઘેટીયાની ધરપકડ કરી કોર્ટમાં રજૂ કરવામાં આવી હતી. કોર્ટે પ્રીતિ ઘેટીયાને જેલ હવાલે કરવાનો હુકમ કર્યો હતો. આરોપી શિક્ષક મુકેશ સોલંકી હજુ પણ ફરાર હોવીથી તેને ઝડપી પાડવા માટે તપાસ શરૂ કરી દેવામાં આવી હતી. ■